લાલંપીરની

ભજનાવળી,

મુલતાની મહમદભાઇ નથ્થુભાઇએ
છપાવી ભરુચ પીંજારગલીમાથી
પ્રસિદ્ધ કર્યો

સુરત ખપાટીઆ ચકલા, તાસવાળાની પોળમા લક્ષ્મી-
નારાયણની વાડીમા આવેલા 'જૈન વિજય' પ્રિન્ટીંગ
પ્રેસમા મુળચંદ કસનદાસ કાપડિયાએ છાપ્યા

કી. રૂ. ૦-૪-૦

દીબાચો.

જનાબ લાલમીયા સાહેબ જેમનો રોજો વીરમગામમા છે તેઓ મુલતાનવાળા હજરત મખ્દુમ બહાઉદ્દીન જકરીઆ સાહેબ સોહોરવરદીની ઓલાદમા હતા અને આગળ જતા તેમનુ પેઢીનામુ પહેલા ખલીફા હજરત અબાબકર સિદીક રદી૦ની સાથે મળે છે. તેઓ ઘણા પરહેજગાર અને પ્રેમવાળા હતા. માગરોળની પીરની ગાદીવાળા પીરજાદાઓના વડીલ હજરત શાહ કાયમુદીન (કાયમદીનબાવા) સાહેબ ચિસ્તી જેમની દરગાહ એકલબારામા છે તેમણે બનાવેલી "નુરરોશન" નામની કિતાબ એ પીરજાદાઓના ખાનદાનમાં જોવામા આવ્યાથી, તેમણે ત્યાથી ન્યામત પીર મોટામીયા સાહેબ કે જે હાલના પીરજાદા મોટામીયાં સાહેબના દાદા થતા હતા તેમની પાસેથી મેળવી અને દરરોજ તેનુ મનન કરી તે પ્રમાણે ચાલવા માંડયુ. આ નુરરોશન તસવ્વુફના જ્ઞાનનો એક ભંડાર હોવાથી હજરતે તેમાંની બાબતો ઉપર અમલ કરી આગળ વધવા માંડયુ. લાલમીયાં સાહેબ હજરત કાયમદીન બાવાસાહેબને આ નુરરોશન કિતાબ ઉપરથી ઓલખી ગયા હતા તેથી તેઓ તેમની દરગાહ ઉપર એકલબારે હર વખત જતા અને ફેજ હાસિલ કરતા. ત્યા તેઓ બબે ત્રણ ત્રણ મહીના સુધી રહેતા અને તેમની દરગાહમાં ધ્યાન ધરી જ્ઞાનની પ્રાપ્તી કરતા. ન્યામત મેળવ્યા પછી તેમનો ભજનકિર્તન તરફનો શોખ એટલે દરજે વધી ગયો હતો કે તેમને તે વગર જરા પણ ચાલતું નહોતું.

જ્ઞાનની તેમના ઉપર એટલી બધી અસર થઇ હતી કે ગોસ્ત માછલીનો તેમણે સદતર ત્યાગ કર્યો હતો. ભજન કિર્તન થતા ત્યારે તેમને ઘણો પ્રેમ ચડતો હતો પોતાના આ દુનિઆથી ઉઠવાની પોતે પહેલાથી ખબર આપી હતી અને તે પ્રમાણે આજથી તેત્રીસ વરસ ઉપર આ દુનીયાનો ત્યાગ કર્યો હતો.

તેમના કુટુબને માગરોલના પીરજાદાઓ સાથે નિકટનો સબધ છે લાલમીયા સાહેબની બહેન હજરત અમીર બીબી સાહેબનાં લગ્ન હાલના માગરોલના પીરજાદા મોટામીયા સાહેબના દાદા સાહેબ જોડે થયા હતા તથા તેમની એક પુત્રી સુબહાન બીબી સાહેબના લગ્ન મોટામીયાં સાહેબના કાકા જોડે થયા હતા તથા તેમની નવાસીના લગ્ન ખુદ મોટામીયા સાહેબ જોડે થયા હતા વળી દાદા મીયા સાહેબની પુત્રીના લગ્ન મોટામીયા સાહેબના ભાઇ હુસનમીયા સાહેબ જોડે થયા હતાં. આથી જણાઇ આવે છે કે માગરોલના પીરજાદાઓ સાથેનો તેમનો સબધ કાઇ છેટેનો નથી

હજરતને દીકરો ન હોવાથી તેમના પછી તેમના ભત્રિજા હજરત દાદામીયા સાહેબે તેમની દરગાહનો વહીવટ હાથમા લીધો દાદામીયા સાહેબ ગાયકવાડી રાજ્યમાં પોલીસ ખાતામા ઓફીસર હતા. ઘણી ચાલાકી અને બાહોશીથી તેમણે પોતાનો હોદો બજાવ્યો હતો. તેઓ હાલ બે વરસથી રિટાયર થયા છે. અને મુરીદોમા ફરી લોકોને બોધ આપે છે. તેમના બોધથી લોકો ઘણો ફાયદો મેળવે છે અને પોતાનુ કર્તવ્ય બજાવતા શીખે છે. વીરમગામમાં તેમણે રિટાયર થયા પછી હાલ એક મદરસો પણ કઢાવ્યો છે અને

દીનની બાબતો લોકોમાં ફેલાય એ તરફ પોતાનુ લક્ષ રોકયુ છે. તેમની આવી કોશીશને લીધી ત્યાના મુસલમાનો પોતાના બાળકોને ઇલમ શીખવવા માટે મોકલી લાભ લેતા થયા છે અને આશા છે કે આ મદરસાનુ કામ દીવસે દીવસે વધતુ જશે વીરમગામના લોકોને એક ઉત્સાહી અને ખાનદાની આગેવાનની ખોટ હતી તે હવે હજરતના ત્યા રહેવાથી પુરી પડી છે પોતાની પાબદી અને વહેવારિક જ્ઞાનથી ત્યાના લોકો ફાયદો મેળવશે એમા કાંઇ શક નથી.

તેમણે હાલ લાલપીરના રોજામા કાચ તથા નકસીતું કામ કરાવ્યુ છે તથા નિશાનની કાઠી તૈયાર કરાવી છે. લાલપીરના રોજામા જમીનને લગોલગ એક કણબણ બાઇ નામે અમરતબાની કબર છે. તેઓ કાવી ગામના રહેવાસી હતા અને પીરના સેવક થઇ તેમની સેવા કરતા હતાં. તેઓ આજથી આસરે વીસ વરસ ઉપર ચેતવણી આપીને ગુજરી ગયા હતા અને આ રોજામા તેમને દફનાવવામાં આવ્યા હતા

આ ચોપડીમા ઘણા ભજન જબુસર પ્રગણાનુ ગામ મોજે સારોદના રહેનાર ભગત સુલેમાનના છે. આ ભગત જનાબ લાલમીયાં સાહેબના સેવક હતા. તેઓ પ્રથમ નિશાળમા માસ્તર હતા પણ પાછળથી એ નોકરી તેમણે છોડી દીધી હતી પાછળથી તેઓ વરોદરા પાસે અકોટા ગામે આવી રહ્યા હતા અને ત્યાજ આજથી બાર તેર વરસ ઉપર ગુજરી ગયા હતા

બીજા ભજનો, ગામ સારોદ તાલુકે જબુસરના રહેવાસીઓ ઇસબજી તથા અમીજીના છે તેઓ પણ લાલમીયાં સાહેબના મુરીદો

છે તેમજ કાવી તાલુકે જબુસરના રહેનાર માસ્તર સુલેમાન જીવા કે જેઓ લાલમીયા સાહેબના મુરીદ છે અને હાલમાંજ કેળવણી ખાતામાથી માસ્તરની જગ્યાએથી પેન્સન લઇને ઘેર આવેલા છે તેમના છે તથા પટેલ મોતીભાઇ રહેવાશી મલાતજ તાલુકે પેટલાદના છે અને તે દાદામીયા સાહેબના મુરીદ છે તેમના છે

લાલમીયાં સાહેબનો મેળો વિરમગામમા માહે જમાદીયુલ અવલની તારીખ ૧૨મીએ દરસાલ ભરાય છે તથા આગલે દિવસે મદલની ક્રિયા થાય છે

લી પ્રસિદ્ધકર્તા.

લાલપીરની ભજનાવળી.

સાખી.

મુરશદ મેરે મેહેરમી, મેહેર કરો મહારાજ,
દયા દ્રષ્ટીએ દેખીએ, સરે ગરીબનુ કાજ ૧
લાલન લાલન મે જપું, લેઉ લાલનકો નામ,
મુરશદ લાલન પીરસે, મેરો સઘળો સુધરે કામ ૨
ધન્ય વીરમગામ કસબો, જેમા વસેજ લાલનપીર;
અમૃતપ્યાલો સુલેમાનનો, મારૂ ઠંડુ પડયુ શરીર. ૩
લાલન તુમ તો લાલ હો, મેરી લોહા જાત,
લોહેકુ પારશ અડે તો, જુદી પડી જાવે ભાત ૪
લાલન પ્યાલા પ્રેમકા, જો કીસીકુ પાય,
દોજખ આચ લાગે નહીં, એ તો સીધો જીનતમા જાય. ૫
લાલન તુમ તો મેરે લાલ હો, મે તો તુમારા મજુર,
દયા દ્રષ્ટીએ દેખીએ, નીશદીન રખીયે હજુર ૬

"દોહા"

બલીહારી પીર બાપજી, રકનો સુણો પોકાર,
મેહેર કરો મારા માવજી, સહુ પર બડે સરદાર ૧
ઘાવ લગો હે ઘટમા, સુણો દાદા પીર,
પત્ર આવે જબ આપનો, અગ્ની પર છાંટો નીર ૨
દાદા પીર દરશન દીયો, રકની સુણો રાહાડ;

વાહારે ચડજો વીઠલા, માનું તમારો પાડ. ૩
પતીવ્રતા હું પદ્મની, સેવા કરૂ રહી પાસ,
આપની જાણી ઉગારજો, કહે સુલેમાન દાસ. ૪

પીર પદદે થયા–તે ગરબી.૧

સખી પરથમ સમરૂ પીર લાલ હમારારે,
આજ ગાવે બદીજન ગુણ તમારારે,
સખી કળીજુગનો કાળ કહીએ કાચોરે,
પણ લાલન પીરનો પંથ કહીએ સાચોરે. ૧
સખી સંવત ઓગણીસ ચાલીસમા જયારેરે,
સતધામ પધાર્યા પીર લાલન ત્યારેરે,
સખી ચઇતર માસે માલ સામગરી કીધીરે,
કઇ ચૌદમ ચંદની આજ માગી લીધીરે. ૨
સખી બુધવારનો દીન બેઠક સારીરે,
ચડતે પોહોરે હાલ કરી તઇયારીરે,
સખી છ ઘડી તે દીન ચડતે ચાલેરે,
કઇ અલેક નીરંજન માહાય પીર જઇ માહાલેરે ૩
સખી ભેગ્પતવારે ભરપુર મેળો ભરાયોરે,
તેની શોભાનો નહીં પાર મંડપ છાયોરે;
સખી વરણુ વીસતાર મુખથી કેવોરે,
કઇ અપરમપાર અપાર સાગર જેવોરે ૪
સખી ધન ધન વીરમગામ વીઠુલ વસીયારે,
હેવો રંકનો સુણી પોકાર આવી ધસીયારે;
સખી સુલેમાનનો સંતાપ જયારે ટળસરે,
હેવા સતગુર સમરથ પીર આવી મળશેરે. ૫

રાગ—ગરબી. ૨

મારી પ્રીત પીયા સંગ લાગ રહી, સાંભળને સહીયર વાતડલી. ટેક
હું પોઢી પ્રીતમજીની પાસે, હું પોઢી. રંગભર વીતી રાતડલી. સાં. ૧
અખંડ સોહાગ આનંદ વર પામી, ચુંદડી ઓઢીછે ભલી ભાતડલી. સાં ૨
વેપારી વનવગડે હાલો, વેપારી, સુની પડી છે હાટડલી. સાં. ૩
જે નારીને હેત ધણીનું, શું પુછો એની જાતડલી. સાં. ૪
લાલપીરે લક્ષ લગાવી, કમલફુલ ખીલી છાતડલી. સાં. ૫
સુલેમાનને સતગુરૂ મળીયા, મટી મરણની ઘાતડલી. સા. ૬

રાગ—ગરબી. ૩

મારી દુભજા દુર જઇ ભાગે છે લાલનમે લગની લાગ રહી. ટેક.
લાવન મુજે લાડે તમારી, મનોવૃતિ મારી જાગે છે. લાલનસેં ૧
પીર તમારૂ સમરણ કરતા, મોહબાણ મને વાગે છે લાલનસેં ૨
કુટબકબીલો અળગો કીધો, મારા દુષ્ટ હરામી સૌ ભાગેછે. લા. ૩
સસારરૂપી સમુદર જેવો, માહે નીર ઘાણુરે લાગે છે. લા. ૪
સુલેમાન સબ જુગસે ન્યારા, મારા ઘટમાહી ગુરૂજી સમાવેછે. લા. ૫

રાગ—ગરબી. ૪

મારા પીરતણા તે બાણ પરછંડ વાગ્યારે,
મારા આતમ કેરા ચીન ઝમકી જાગ્યારે. ટેક.
મારા પીર જુવે જો પુરણ પ્રેમ પ્રકાશીરે;
મારા દુષ્ટ સઘળા ચોર ગયા મઙ નાસીરે. ૧
મને શાન્તી ન હતી માહારે શરીરેરે,
મારૂ મન કચન જો થાય મેહેર કરો પીરેરે. ૨
મુજ આપરાધીનો વાંક રૂદે નવ લેશોરે;
મારા મનમા આશા તેહ કે દરસન દેશોરે. ૩

પીર હું બન્ચો છું બાળ તમો મુજ બાપોરે.
કર જોડીને લાગું પાય દુખ મારૂ કાપોરે. ૪
પીર પાણી વીનાનુ મીન તલપે જેવુરે;
તેમ આપ બીના મુજ મન તરસે તેવુંરે. ૫
ભાઇ ગંદી કાયાનો નથી તલનો ભરોસોરે,
હાથ આવેલી વસ્તુ અમુલ્ય જરૂર તમે ખોસોરે ૬
પીર પરતાપે રંક સુલેમાન કહેછેરે;
જેને પીર મુરસદની મેહેર કામ સરેછેરે. ૭

રાગ-ગરબી. ૫

ધન લાલન પીર સમરતા, આવ્યારે મારી સેજમા
ઝબકી જાગી ઝબકી જાગી, મસ્ત થઇ જોયુરે પીરના તેજમાં. ટેક.
મારો વહાલો વસે મારી પાસે, પલપલમાં તે દરશન થાસે,
સમરે તેનાં પ્રાછીત જાસેરે, ધન લાલન પીર સમરતાં. ૧
વહાલા જુવોની મુજ રંક ભણી, મારા સીરપર સાચા આપ ધણી,
મારી દુરમતીને નાખો હણીરે, ધન લાલન પીર સમરતા. ૨
પીર દીન દુનીના છો બેલી, મને નવ છોડો પીર એકેલી,
મેં મોહ માયા મુકયા ઠેલીરે, ધન લાલન પીર સમરતાં. ૩
તારા ઘરમા નુગરી છે નાગીરે, તેને એક ચીતે રાખો વારી,
માહારી વહારે ચડજો ગીરધારીરે, ધન લાલન પીર સમરતા. ૪
એ પ્રેમનો રસ વીરલો જાણે, જે ચાખે તે જન વખાણે,
સૌ સુખ સાગરને બહુ માણે, ધન લાલન પીર સમરતા. ૫
જુવો વીરમગામ કસબો ખાસો, તહા પીરલાલતણો વાસો,
પીરે સતનો પકડયો છે આસોરે, ધન લાલન પીર સમરતા ૬
મારા ઘટમાં આપ રહાજો રમી, સેવક સુલેમાનને એ વાત ગમી;
મારી મનોવૃતી પીર રાખો સમી, ધન લાલન પીર. ૭

રાગ—ગરબી. ૬

તમો સુણજો સજનનર નારરે, લાલ પીર સાચા ધણી;
તમે સુણજો સજનનર નાર, ટેક
પલ પલ મારા પીરને સમરૂ, પ્રાયશ્ચીત નાખે હણીરે;
લાલ પીર સાચા ધણી તમે. ૧
પેલા ભવનો મારે લેખ હતોરે વાલા, આ ભવ પ્રીત બંધાણીરે;
લાલ પીર સાચા ધણી. ૧
ભીતર ભંડારે મેલ ઘણેરો વાલા, પલમા નાખો ખણીરે;
લાલ પીર સાચા ધણી. ૩
દીલની અંદર દુખ ઘણેરૂ વાલા, સત ગુરૂ નાખે હણીરે;
લાલ પીર સાચા ધણી. ૪
દાસ સુલેમાન નીત સંભારે વાલા, મહેરની આપ છો મણીરે;
લાલ પીર સાચા ધણી. ૫

રાગ—ગરબી ૭

રાગ—પડવાની પડપુછ ગતમન ભુલીરે મારા હરી વીના.

પડવે મારો પડ ઘણો છે કાચોરે, એક કહુ સંગેગત વાત ઉત્તર સાચોરે; ૧
બીજે બન્યો હુ બાળતમોમુજબાપોરે,કરજોડીનેલાગુપાયદુખ મારૂ કાપોરે. ૨
ત્રીજે તમારૂ મુખ જ્યારે દેખુરે,મારે હૈયે હરખ જે થાય પાર ન લેખુરે; ૩
ચોથે ચતુરાઇ કોઇ નવ ચુકોરે, મન તણો અહંકાર સઘળો મુકોરે. ૪
પાચેમે તો પીર વહેલા પધારોરે, હુ વાટતમારીજોઉઆ મંદીર સધારોરે; ૫
છઠે છાની વાત કહુ એક સારીરે,હુ કેટલો કરૂ વીસ્તારબુદ્ધીમારીકાચીરે. ૬
સાતમે સઉ સાહેલીયો આવોરે,મારા પીરને વધાવાકાજ ફુલડીયાં લાવોરે. ૭
આઠમે અણઘટતુંકામનકરીએરે,સીરસાચાધણીજ હોય કોઇથીનડરીએરે. ૮

નવમે નાગરવેલ સરીખા રહેજ્યોરે, કોઇ કડવું વચન કહે તે તમે સેહેજ્યોરે; ૯
દસમે દીલ મારૂ નવ રહે ઠામેરે, એ ભમતું ફરે ચોદીસ ઠાલે ભાંમેરે. ૧૦
એકાદશીનુ અંધારૂ જ્યારે ટળશેરે, મારા પીર કરેજ્યો મેહેર મોહન મળશેરે;૧૧
બારસે માહે બાવન અક્ષર બોલેરે, જો મુરસદ સાચા હોય પડદો ખોલેરે.૧૨
તેરસનો જો તીર મુજને વાગેરે, મારી દેહી તણા સઉ ચોર દુર જઇ ભાગેરે;૧૩
ચઉદસે મને ચીંતા થઇ છે હેવીરે, મારા પીર આગળ સૌ વાત કહુંછુ તેવીરે.૧૪
પુનેમનો ચ દરમા ઉગ્યો પુરોરે, તહા ગ્હોચે વીરલો કોઇ ગુરૂ મળે સુરોરે, ૧૫.
ઘટમાં ગંગા જમના નદીયોવહેછે રે, કઇંસુલેમાનનોનહી બારલાલપીરકહેછેરે.૧૬

૫ હરતીથી ૮ રાગ ગરબી.

ઓધવજીનો સદેસો એ રાગનુ છે.

પડવેને પ્રીત લાગીરે મારા પીરની, લખીયો માગો પેલા ભવનો લેખજો;
કરમને સજોગે મળે મને માવજી, અવીચળ ચુડો પહેરૂ હુ અલેકજો.
સુણજ્યો સજ્જનોરે સાચી વાતડલી.
બીજે પીર બગડેલો પથ સધારજો, કપટી કાળીંગાને મારજોને ઠારજો;
કાળીંગો ફેલોરે નગર બજારમાં, ગલીએ ગલીએ કરતો ફરે છે સોરજો. સુ.
ત્રીજે ત્રણ ભોવનમા સગુ નહી આપણું, સીદને ફરોછો ફોગટ ફુલીને આજજો;
સાચુને સગપણુરે સુંદર સાભળો, મેહેર કરોતો અવીચળ રહેશે રાજજો. સુ.
ચોથે તો ચતુરાઇમા હુબમો, ચતુર થઇને ચોપડાશો ચારે પાસજો;
ગુરૂજી મળેરે જેને અવીનાસના, બાન ગુરૂથી ભવમા ગોથાં ખાસજો. સુ.
પાંચમે પાચ તત્વનુ આ પાજરૂ, પોપટ બેઠો પાજરીયાની માયજો;
પરખીને લેજ્યોરે પોપટની જાતને, સુડલાને તમો નવ રહેશો લોભાયજો સુ.
છઠને છટકોરે છઠને દાહાડલે, વરસા કાળે જેવી ઝબકે વીજજો;
મેહને વરસાવોરે લાલ પીર પ્રેમનો, જેથી મારા દીલમા રહેશે રીઝજો. સુ.

સાતમે સફળ જનમ મારો થયો, મારે માથે મુરશદ છે પીર લાલજો;
શું મુખે વરણવુ દીલની વારતા, શીરપર ભમે ચોરની પેરે કાળજો. સુ.
આઠમે અંધારી એક કોટડી, ગુરૂ મળે તો કરે ઝાક ઝમાલજો;
ગુરૂ વીના ઘોર અંધારી રાતડી, સુરો ગુરૂ પલમાં કરશે ન્યાહાલજો. સુ.
નોમની નાવ ચાલીરે સમુદર બેટમાં, હલકારો કોઇ લીજો સાચો સંગાતજો;
હોડીને હલકારેરે હરદંમ સાસની, છોડી દેજો જુગત કેરી જુઠી વાતજો. સુ.
દસમે ડંડાસો ભવસાગરમાં, સીરપર કરજો શેડ સુંદર સ્યામજો,
સમજીને રહેજોરે મારા સજનો, નીશ્ચ્ય કરજો નારાયણનુ નામજો. સુ.
એકાદશીએ રહેવુ એકજ આસને, ભુલમા નવ ભમશો મારા વીરજો;
ચેતીને ચાલોરે ચંચળ ચીતમાં, જેથી તારૂ ચેતન રહે શરીરજો. સુ.
દવાદસીએ દરશન દેજો પીર લાલજી, જેથી મારૂ સફળ કારજ થાયજો;
ભુલને ભાગેરે ભવોભવની, મનવો મારો મેહેવાસી મટી જાયજો. સુ.
તેરસની તરસના જે દી ભાગસે, સસારને સમજે સપના સમાનજો,
વગર વીચારે જે વગડામા ચાલસે, નકી પડશે નરકની તે ખાણજો. સુ.
ચૌદસનો ચાદલીઓ નીરમળ ઉગશે, ઉગ્યા પછી જુગમા પરગટ થાયજો;
મુરસદની છાયા તેહેવી જાણવી, મેહેર કરો તો મારૂ દુખ દળીદર જાયજો. સુ.
પુનમનો પડદોરે જયારે ખુલશે, જેના શીરપર ગુરૂ કરે છત્ર છાયજો;
લાલ પીર કરશેરે સીતળ છાયડી, રક સુલેમાનની પકડજો પીર બાયજો. સુ.

રાગ–ગરબી ૯ સાતવાર.

રાગ ઓધવજીનો સંદેશો.

અવીચળ ગાદીરે મારા પીરની, પરખી લેજો પુરણ પ્રેમ પ્રકાશજો,
હીરો કોઇ પરખેરે હરીજનના હાથમા, પીયુ મળ્યાથી પુરણ થાય મારી આશજો.
અવીચળ ગાદી રહેજોરે મારા પીરની.
સોમવારે સસાર છે કડવી વેલડી, કામણગારા નવ કરશો તેનો સગજો, અ.

ગુરૂજી ગોઠવણી કરસે ગ્યાનની, નાભી કમલમાં ચડે રૂડો રંગજો. અ.
મંગલે મન મારૂરે મેઘલ હાથીઓ, આંકસ વીના વગડામાં અથડાયજો;
આંકસને આપોરે લાલ પીરે પ્રેમનો, હાથી હરાડો એક ઠોરબંધાયજો. અ.
બુધની બાહ ગ્રહોરે સેવક રંકની, સેજ સમારી સણગાર સજુ હું સોળજો;
સજીને બેઠીરે સ્વામીના સંગમા, ગુરૂ કૃપાથી બેઠી કરૂ કલોલજો. અ.
ગુરૂવારે ગમ નથીરે સેવક રંકને, ભરમણની ભુલમાં ભમુછુ આજજો,
લાલપીર ભાગેરે ભવની ભુખડી, દીન દુનીયામા રાખજો મારી લાજજો. અ.
શુકરે સંદેસો કાવું મારા શ્યામને, પ્રીત કરીને વેહેલા પધારો ઘેરજો;
મંદીરમા માહાલોરે મારા માવજી, પાચ પચીસનું જબરૂ માથે વેરજો અ.
સનીચરે શું કહુરે દુખની વારતા, શીગપર ચક્ર ફરતુ ફેરા ખાયજો,
જે કોઇ આવેરે ચક્રના ચોકમા, જડમુળથી નકી શીસ છેદાયજો. અ.
આદીતે આજ વાર પુરા થયા, અતી આનંદ કેવ્યો મારે અંગજો,
લાલપીર આશારે મારી પુરજો, રંક સુલેમાને પકડયો તમારો સંગજો. અ.

બારમાસી ૧૦ ગરબી–રાગ ઓધવજી સંદેશો કેજો. એ.

પીર તમો આવોરે મારે ઘેર પ્રાણ લા. સાચા દીલથી કરીએ તમારી સેવજો,
ભરોસે ભેટોરે મારા નાથજી, લાલપીરથી લાહાવો ઘણેરો લેવજો પી૦
કારતક મહીને કામણ કીધુ અલબેલડે, વેહ વ્યાકુળ થયુ મારૂ મનજો,
બપૈયા ઉડેરે મેઘ ઉમેદથી, પવનમારગે ઉડી જાય ગગનજો. પી૦
બીજોને માગસરરે મોત્રા મુલનો, વેચાયો તે કેમ કરીને વેચાયજો.
વગડામાં વાતોરે કેની સંગ કીજીએ, બીના સુરગદ એ વસ્તુ કેમ લેવાયજો. પી૦
પોસનો પંથ તો ઘણો દુર છે, આડીઅવળી વસમી ઘણી વાટજો.
મરજીવો કોઇ ચડેરે એ મેદાનમા, પાણીમા જેમ મછ જાય ઘેઘાટજો પી૦
માહામહીને મનગમતા મેવા વેરજો, રખે ચુકી જાશો માગ વીરજો;
ચુક્યા તો ચોરાસી જોને માથે પડે, સાચા દીલથી શીરપર કરજો પીરજો. પી૦

પાંચમે ફાગણુ તો ફૂટકીને મરૂ, માથે મેહેર કરજો મારા લાલજો,
સાચાને દીલથારે પ્રીત તમો રાખજો, નહીતો મારા બુરા છે હવાલજો. પી૦
છઠેને ચઇતરરે ચોખુ નીરછે, સ્નાન કરીને સભાળજો રઘુનાથજો;
કીરતન જોડી કંઇ જન મુવા જગમા, બીના મુરશદ એ વસ્તુ નહી
આવે હાથજો. પી૦
વઇસાખે તો વ્રેહ વ્યાપો ઘણો, પીયુ નહી તે કોણ ઓલાવે મારી દાગજો,
સદેસો કાવુ મારા સ્યામને, પીર મળેથી ફરે હમારૂ ભાગજો. પી૦
જેઠે તો વીરા જગમા ભુલશો, ભુલ્યાનુ પછી નહી ઠેકાણુ થાયજો,
મુરસદને હશે તો મારગ બતાવશે, બીના ગુરૂથી જગમા ગોથા ખાયજો. પી૦
અષાડે આશા તો અલેકરાયની, સુદર સામળીઓ આવે મારી સેજજો;
સુવાગણુ હુ બનુરે બાળી વેશમા, નયણે નીરખુ નીરંજનનુ તેજજો. પી૦
શ્રાવણે સગુ નથી સસારમા, સુખસપતનુ સૌ કોઇ એવી થાયજો,
સગામા સગા તો મુરશદ જાણીએ, હાથ પકડી પાર કીનારે લઇ જાયજો. પી૦
ભાદરવે ભગ આશા મારી નહી કરૂ, બાધી મારી પ્રીતમ સાથે દોરજો,
ધીરજને રાખોતો ધરણીધર આવશે,સીદને કરોછો જગલમા જઇને શોરજો.પી૦
બારેને મહીનાતો હવે પુરા થયા, હજુ રાખુ માસ અધીકની આસજો;
લાલપીર લક્ષ વશા મારે ઘેરઆવશે,આમો મહીને પુરી થાસે મારી આસજો પી૦
અધીક માસે અતરમા આશા ઘણી, કમળને આશરે ભમરો રહે લોભાયજો;
સુલેમાનને આશરોરે પીર લાલનો, ધણી મળે નો દીલનો ધોખો જાયજો પી૦

રાગ ગરબી. ૧૧

કાનુડો કામણગારોરે સહીયર મોરી. એ રાગ.

બલહારી પીર તમોનેરે, અપગથી હુ છુ, ટેક.
સઇઅર હુ તો હાથ જોડીને પાએ લાગુ, મારી ગુનાની માગુરે. અ૦ ૧
સઇઅર મને ઘડી પલક નવ ચાલે, રૂદીયાની ભીતર સાલેરે. અપ૦ ૨

સહીયર મને વીજોગની વેદનાએ મારી, કંઇ ઘાવ લગોહે કારીરે· અપ૦ ૩
સહીઅર મને સુખ નથી કઇ વારૂ, કાળજ છેદ્યુ છે મારૂરે; અપ૦ ૪
વાલાજી મુજ અબળાને આશરો તમારો, નહી ઉગરવાનો આરોરે; અ૦ ૫
સહીયર પીયુતુ દુખ કોહોની આગલ કહીયે, મનમાં સમજીને રહીયેરે; અ૦ ૬
વાલાજી જેવો કોલ દીધો હેવો પળજો, એકાંતે આવી મળજોરે, અપરા૦ ૭
સહીયર સુલેમાનને શીર સાચો બેલી, હુ વાત કહુછું છેલીરે, અપરા૦ ૮

ગરબી. ૧૨

રાગ–કાનુડો કામણગારો

મારૂ મદીર પાવન કીધુરે, મુરશદ લાલે,
એક પલમા દરશન દીધુરે, કહાન છોગાળે, ટેક.
સહીયર મારૂ દુખ ગયુ સઊ નાશી, પુરણ ભયો પ્રકાશીરે, મુ૦ ૧
સહીયર મારે માથે અવીચળ સ્વામી, મે પહેરી કલ્લાં કાંમીરે; મુ૦ ૨
સહીર સઊ ગુરૂના વચનમાહે રહેજો, કંઇ વેડ ધણીની વહેજોરે; મુ૦ ૩
સહીયર હુતો હરખે થઇછું ઘેલી, મારા શીર પર સાચો બેલીરે, મુ૦ ૪
સહીયર હુતો મુખ જોઇને હરખી, મે પ્રીતે લીધા પરખીરે, મુ૦ ૫
સૈયર સુલેમાને વધાવીને લીધો, સેવકે ગરબો કીધોરે, મુરશદ. ૬

ગરબી. ૧૩

કાનુડો કામણગારો–એ રાગ.

તું ચેત જીવ અભાગીરે, પરથમ પહેલો,
જગમા જોને જાગીરે, અવસર છેલો. ટેક
વીરા તમે અજાણમાં અથડાશો, હેવા પરછ ડે પછડાશોરે. પર૦
વીરા તમે વસ્તુ વીચારીને લેજો, ગુરૂચરણમા રહેજોરે. પર૦
વીરા તમે ચતુર થઇ કેમ ચુકો, ચક્કીમાં થાશો ભુકોરે. પર૦
સૈયર મારા તનના તાપ આજ ટળીયા, લાલપીર તો મળીયારે પર૦

વીરા તમે મોહમદીરમાં માહાલો. મસ્તાંના થઇ નવ ચાલોરે. પ૨૦
સૈયર સુલેમાનને સમજણુ દીધી, મુરશદે મેહેર કીધીરે. પ૨૦

ગરબી. ૧૪

કાનુડો કામણુગારો એ રાગ

સૌ સખી મળી સમજાવોરે, બાલમ રૂઠો ટેક.
વાલાજી મારો વાંક રૂદે નવ ધરજો, દરદી ઉપર મેહેર કરજોરે; બા. ૧
સહીયર જ્યારે પ્રગટ જોત માહે જાગી, દુભજા દુર જઇ ભાગીરે; બા ૨
વાલાજી કદી સેવકનો વાંક હોય ભારી, પણુ મેહેર કરો મોરારી. બા. ૩
સહીયર ચંપા ચપેલીના હાર લઇ આવો, રૂઠા ગુરૂ મનાવોરે. બા. ૪
વાલાજી જ્યારે એવડી રીશ તમો રાખો, ત્યારે કોણુ પુરો શાખોરે. બા. ૫
વાલાજી સાચી પ્રીત તો રીસ નવ જોઇએ, હમો મુખડુ જોઇને મોહીયેરે. ૬
સૈયર જેમ માને એમ પીયુને મનાવો, લઇએ ઘણેરો લાહાવોરે, બા. ૭
સખી પીયુને કેજો અણુઘટતુ નવ કરવુ, મારે પડશે મરવુરે, બા. ૮
સઇયર સુલેમાનની સાનમા કીધુ, હરદામા હેરી લીધુ રે. ૯

ગરબી ૧૫

મારી ગોરમા વરસ થયા મને સોલ, પીયુને એસીરે થયારે લોલ, એ રાગ.
મારી સઇયરો સમરણુ કરવું સાર, સતગુરૂ શ્યામનુરે લોલ,
મારી સઇયરો વાણી આપો દાતાર, રટણુ કરૂ રામનુરે લોલ ૧
મારી સઇયરો સત ગુરૂ શબ્દનાં બાણુ, ભીતર ભાગીયાંરે લોલ;
મારી સઇયરો આતમના એધાણુ, પ્રીતે પરખાવીઆરેજી. ૨
મારી સઇયરો નાભી કમલનુ નીશાન, મરજીવો કોઇ માણુસેરે લોલ,
મારી સઇયરો પ્રેમ ધરીને ધરે ધ્યાન, તે નર જાણુસેરે લોલ ૩
મારી સઇયરો તરવેણીનુ તેજ, માંહે મોતી ઝરેરે લોલ;
મારી સઇયરો અર્ધ ઉર્ધની સેજ, તેમાં જઇ ઠરેરે લોલ. ૪

મારી સઇયરો સીખરગઢનો દેશ, નીરંજન નાથનોરે લોલ,
મારી સઇયિરો ભલો ગુરૂનો ઉપદેશ, હજુરી હાથનોરે લોલ. ૫
મારી સઇયરો અવન ગવનના ઓધાર, આવે મારા ઉરમાંરે લોલ;
મારી સઇયરો નાવ ફરે ચોધાર, સાગરપુરમાંરે લોલ. ૬
મારી સઇયરો અધાનો પાલવ સાહાય, ભટકીને મરેરે લોલ.
મારી સઇયરો સતગુરૂ ચરણે જાય, જમદુત શુ કરેરે લોલ. ૭
મારી સઇયરો ધન ધન વીરમગામ, ગુરૂજીનો વાસ છે રે લોલ.
મારી સઇયરો.રમી રહ્યા છે ઠામો ઠામ; સુલેમાન દાસ છેરે લોલ. ૮

ગરબી ૧૬

વારી જાઉરે બેલી બુગદાદ, જુવો મુજ રંક ભણી,
મુજ નોધારીના કંથ, ધરણુ ધીર ધણી. ટેક.
પીર તમારૂ સમરણુ કરતા, અવીચળ પદવી પામીરે,
આનંદ વાધ્યો મારા ઉરમા, મને મળીયા નીરગુણનામી. જુવો ૧
દયા કરીને દરશન દેજો, વીખદળ વળગ્યુ અંગેરે,
અમરીત ઓસડ આપજો, મારે તજવો તેનો સંગ. જુવો. ૨
આજ કાલની આશા કરતા, હમણા વાસે વહાણુરે,
અલબેલા તમો થાજો ઉતાવળા, સાંભળી લેજો આ ટાણુ. જુ. ૩
દસ્તગીર મુજપર દયા કરીને, વીટલા કરજો મારી વહારે,
હુ અબળા આધીન છુ તમો ઉગારો જગ આધાર જુ. ૪
એક ચીતથી ગરબો ગાશે, પુરણુ થાશે આશરે,
પાવન થાસે પલકમાં, એમ ગાવે સુલેમાન દાસ. જુ. ૫

ગરબી ૧૭

બલહારીરે લાલન પીર, જાહેર જાણીતા ટેક.
એક નામનો આશરો પીરજી, અવર નહી આધારરે,

કરજોડીને કરૂ વીનતી, મારી બેડલી ઉતારો પાર   જાહેર. ૧
આપ બીના મુજે કંઇ ન સુજે, દરદુ મારૂં ગુંજાયરે;
નબી મહંમદ સમરણ દીજો, અનઘડ સ્વામી પુજાય. જાહેર ૨
અનેક અવગુણ છે હમારા, માફ કરો મારા કથરે,
પલમાં પીર તમો પાર ઉતારો, વીકટ ઘણો છે આ પથ. જાહેર. ૩
તમ ચરણે આવ્યો મારા બાલમ, હેતે ઝાલો હાથરે,
રંકરાવના આપ ધણી છો, અનાથોના નાથ.   જાહેર. ૪
સુરત હમારી લગી પીરસે, જ્યુ નટ ખેલે દોરરે;
એસી સુરતા લગી સાંઇસે, ચદરમા ને ચકોર.   જાહેર. ૫
સાવરીએ તો સુખ ઘણું છે, પઇયરમાં ઘણી પ્રીતરે,
રંક સુલમાને ગરબો કીધો, પીર દરશન દેજો નીતનીત જાહેર. ૬

ગરબી ૧૮.

મને મળીઆ સતગુરૂ સ્વામીરે, દુભજા ભાગેજી,
હુતો પાયે લાગુ શીસ નામીરે, આતમ જાગેજી.   ટેક,
મારો વેરી થયો છે સસારરે, દુખે દાઝુજી,
હવે કહા જઇને કરુ પોકારરે, શુ કહુ ઝાઝુજી   ૧
એક ચડવીછે ઓઘડ ઘાટીરે, શુગ થાજોજી,
પછી આગળ વસમીછે ઘાટીરે, ચેતી જાજોજી.   ૨
તમે ગુરૂ બીના ભટકીને મરશોરે, સીધા ચાલોજી,
પછી કએ ઠેકાણે જઇને ઠરશોરે, એક થડ ઝાલોજી.   ૩
તમે ગુરૂ બીના થઇ જાશો મુગારે, મારી વાત માનોજી,
ફોગટનું કુલીને થઇ જાશો ડુગારે, એ ભેદ છાનોજી. ૪
તારા ઘરમા ધુતારીછે નારીરે, ઠગી ધન લેશેજી;
પછી ઝીતી બાજી જાશો હારીરે, ધોખો દેશેજી.   ૫

પીર લાલ મળ્યા મને ખાસારે, હરખી હૈયેજી;
સુલેમાનની પુરજો આશારે, ઘણું શુ કહીએજી. ૬

ગરબી ૧૯

ભાઇરે વરઘોડો નીરગુણનાથનો, પરખો વીરાજી;
ભાઇરે વાજાં વાગે એના સાથના, શુ ચાલો ધીરાજી. ટેક.
સરવે સજન થાજો ભેળારે, કુડ ન રાખોજી;
તમે મમજોની એ નર ઘેલારે, હરીરસ ચાખોજી. ૧
ભાઇરે સંસાર સુખને ન ધારશો, કુડી માયાજી,
પછી વળગીને વળખા મારશો, જાશો તણાયાજી. ૨
ભાઇરે સુખની મજ્યાએ સાનમાં, પોઢો પ્રીતેજી,
એતો માયા નોટમ એના ધ્યાનમા, ને કેમ ઝીતેજી ૩
જે કોઇ નથી ગુરૂજીના ઘરમા, શ્વાન સરખોજી,
એતો ભમી મરે એના છરમા, કોઇ પરખોજી. ૪
સખી સુનમા રમતેલો આવેરે, નજરે દેખોજી,
તેતો સઉ મખીને મન ભાવેરે, પ્રીતે પેખોજી. ૫
મારે માયે લાલ પીર સ્વામીરે, કુબુદ્ધી કહાડોજી,
સુલેમાનને નવ આવે ખામીરે, પાર પાડોજી. ૬

ગરબી ૨૦

મારે માથે નોહન ગાજે છે બીજાની સાથે નહી બોલુ એ રાગ.
મારા ચિતમા ચેતન થઇ હેલી, પીર લાલ થયા મુજપર બેલી. ટેક.
સુધબુધ મારી ગઇ સમુલી, મોહ માયા મુકયા ઠેલી પીર. ૧
વારી વારી મારા સમરથ સ્વામી, હરખે થઈ છુ હુ ઘેલી. પીર. ૨
પતીવ્રતા નાર પીયાકી, ચલે પીયા સગ તે ભેલી. પીર. ૩
કદમ હાજર રહેવે હજુરી, નાખી પ્રેમની ગળે સેલી. પીર. ૪

દોરી લગી પીર સંગાતે, ચોદશ આપ રહ્યા રેલી. પીર. ૫
હરદા ભીતર લાલ બીરાજે, સુલેમાન થઈ સાહેલી. પીર. ૬

ગરબી ૨૧

ભાઇરે વગધોડો નીરગુણનાથનો, પરખો વીરાજી એ રાગ.
ભાઇરે જુગતનો ઝઘડો જોઇને, ભુલ્યા ભટકોજી,
તમો સાચી વસ્તુ બેઠા ખોઇને, રાખો ચટકોજી. ટેક
વીરા ગરથની ગામડી ગુમ કરી, મુરખ બેઠાજી,
કર્મ કોઠીમા તે નજર ભરી, પ્રાણી પેઠાજી. ૧
ભાઇરે પીયુનો પંથ છે દોહલો, વીરલો જાણેજી,
ભેદુ મરમ જાણે માહેલો, તે વખાણેજી ૨
જીરે હરદમ હજુરી હાથમા, વસ્તુ વહોરોજી.
નવ જાશો કોઇ નુગરાની સાથમા, ખાને ખોરોજી. ૩
વીરા અવજ્ઞાનીને તીર વાગશે, ફોગટ થાશેજી,
કોઇ જ્ઞાની ને ઘટમા જાગશે, ચેતી જાશેજી ૪
ભાઇરે પાલવ પીરનો મહાટને, સાચી કરણીજી,
સુલેમાન મરીતામા નાગીને, લીધો પરણીજી. ૫

ગરબી ૨૨

સખી દીવાની થઇ આજ, હરીમુખ જોવાને. એ રાગ.
સખી સફળ જનમ નરનાર, માથે લાલ ધણી,
મારી આતમના આધાર, શોભા સરસ બણી ટેક.
અંતર આશા અદકી કીધી, પીયુ મળવાની આસરે,
નજર ભરીને નીહાળુ તો, વાહાલો બેઠા હમારી પાસ માથે. ૧
પાતળીએ મને પાસ બેસાડી, ગોઠડીએ ગમ કીધીરે;
અરસ પરસની આડી હુંડી, મારી સવળી નાખી દીધી. માથે. ૨

મગન થઈ મુખડુ જોઇને, આનંદ ઉપનો અંગરે;
નાશ થયો કોટી કર્મનો, મે પકડો પીરનો સંગ. માથે. ૩
વાઝીયાને પુત્ર પ્યારો, પ્યાસાને વહાલું નીરરે;
ભુખાને જેમ ભોજન વહાલું, એમ મુજને વહાલા પીર. માથે ૪
પુરવે જનમની પ્રીતડી, આનંદ વાધ્યો ઉરરે;
સુલેમાનનો સાહેબો, આવી ઉભા મારે હજુર. માથે. ૫

ગરબી. ૨૩

સખી દીવાની થઇ આજ હરીમુખ જોવાને. એ રાગ.

હું તો ભુલી પડી ભરથાર, સખી બીનદ્રાબનમા,
મુજ દુખનો ન આવ્યો પાર, આગ લગી હે તનમા. ટેક
રસીયાજી મને મુકી રઝળતી, કેના કીધી સંભાળરે,
અણુઘટતુ કીધુ આજથી, મને નાંખી કુવા માંહે જાળ. સખી. ૧
આશા હમારી અંતર હેતી, પળમા મળે મહારાજરે
છત્રપતી મારો છેડો ઝાલ્યો, મારા સરીયા સઘળા કાજ. સખી. ૨
વાઘ વરૂ માહે શબ્દ કરે છે, દેખીને ધ્રુજે મારૂ હાડરે,
કંપે કાયા મારી કુમળી, હવે કોણુ સાભળે મારી રાડ સખી ૩
શરીર સઘળુ ઉઝરડાઇને, પગમા કાંટા વાયરે,
દીનકરજી તમો દયા કરીને, કરજો મારી સહાય સખી. ૪
વરત વાયદા ઢુકડો ને, થયા અધીકા માસરે,
સુલેમાનનો સાહેબો, પ્રીતે આવો પાસ. સખી. ૫

ગરબી ૨૪. બારમાસી

મુરશદ મારા મેહેરથી ઘેર આવોરે,
મારા તનના તાપ સમાવો; મુર્શદ મારા. ટેક.
ઓગણીસ ચાલીસમાં જ્યારેરે, સાલ વીક્રમાજીતની ત્યારેરે;
માગસર સુદી ત્રીજને શનીવારે, મુર્શદ મારા મેહેરથી. ૧

પીર લાલનો પ્યાલો પીધો, ઉપદેશ ઉમંગથી લીધોરે;
ગરબો ગાયાનો આરંભ કીધો. મુરશદ. ૨
સખી સારોદ રહેવું છે મારેરે, એ ગામ છે દરીયા કીનારેરે;
મહી સાગર વહે જલ ધારે. મુરશદ. ૩
જીલ્લે ભરૂચને હું જાણુંરે, પ્રગણે જંબુસરને વખાણુંરે;
આજ ગરબો ગાયાનુ છે ટાણુ. મુરશદ. ૪
સખી કારતકે કામણુ કીધુરે, મારૂ તન મન ચીત ચોરી લીધુરે;
મારૂ કારજ થયું છે સીધું. મુરશદ. ૫
સખી માગસરે મગળ ગાયેરે, તહાં લીલા વાસ વઢાયરે;
સામગ્રી વીવાની થાય. મુરશદ. ૬
સખી પોસે પંડિતને તેડાવોરે, હવે જુગતે જોશ જોવડાવોરે;
પીર અનહદ વાજા વગડાવો. મુરશદ ૭
સખી મહામહીને તો મે જાણ્યુરે, વહાલે રતન અમુલખ આણ્યુરે
સઉ પચે મળીને પરમાણ્યુ. મુરશદ ૮
સખી ફાગણે નેજા ફરૂકેરે, અસ્ત્ર સીંહની પેડે ધડુકેરે;
હુ તો નીહાળી બેઠી ઝરૂખે. મુરશદ. ૯
સખી ચઇતરે ચીંતા થઈકેરે, મારી શુધબુધ સઘળી ગઇછેરે;
મારી વૃત્તિ વીઠલવરમાં રહી છે. મુરશદ. ૧૦
વઇસાખે વીઘન મારૂ કાપોરે, વાહાલા દીજોને અવીચળ છાપોરે;
મને અત્યત આનંદ આપો. મુરશદ. ૧૧
સખી જેઠનો ઝગડો છે ભારીરે, દુખ દાવાદળ દમેછે જારીરે,
મારી દુરમતી નાખોને મારી. મુરશદ. ૧૨
અસાડે તે અબર છાયોરે, મન મંડપનો રચીયોછે પાયોરે;
મારો ગોર દેખીતો છે ડાહયો. મુરશદ. ૧૩

આવણે સામગ્રીનો કીધીરે, પીહી પ્રેમતણી મને દીધીરે;
મને હરખે વધાવીને લીધી. સુરશદ. ૧૪
ભાદરવે ભરથાર તો ભેટેરે, આવ્યા ગાદરે નથી હવે છેટેરે;
આવી ઉભા શીતલવડની હેઠે. સુરશદ. ૧૫
આમો મામે આશા થઇ પુરીરે, મે તો દેખ્યાછે લાલન નુરીરે;
સુલેમાનની સુરતા હજુરી. સુરશદ. ૧૬

ગરબી. ૨૫

જગતમા જાગીને તુ નીહાળરે, નીંદ્રામા નગર લુટાણુંરે. જગત. ટેક
આવી દ્વારે જ્યારે દગ્વાન બેઠો, જપત કીધો બધો માલરે, નીંદ્રા. ૧
પાચ પુત્ર તારા અળગા રહેશે, કોણ કરશે મ ભાળરે. નીદ્રા. ૨
સાચી સુદરી તારી શાખ ન પુરે, પરથમ ચેતની ચ ડાળરે. નીંદ્રા. ૩
ભર્યો ખજાનો તારો ખાલી કીધો, પછી કોણ હવાલરે. નીદ્રા. ૪
હઠ મેલીને હરીનામ સમર લે, તોડ માયાકોટ જાળરે. નીદ્રા. ૫
સુલેમાનને શીગ મનગુરૂ સાચા, પ્રગટ ભયા જખી લાલરે. નીંદ્રા. ૬

ગરબી ૨૬

સખી એકલબારૂ ગામ દરીયા તીરેરે, પીગ કાયમદીનચીસ્તી આવન વીરેગે. ટેક
સખી દક્ષણુદેશની માહી પડદો લીધોરે, કાઇ એકલબારે ગામ ડ કો દીધોરે. ૧
સખી કોલજ કીધો કરાર આની વસીયારે,ધનધનરે કાયમદીન દુખપર ધસીયારે. ૨
સખી ટહીરે કસબામાહી અસલ ઠેકાણુ રે, કઈ એકલબારે અધીક મન લોભાણુ રે ૩
સખી એકલબાગમાહી અનગઢ મોતીગે, કોઇ જુવે સુવાગણનાર પીયરપનોનીરે. ૪
પીગ હુ બલહારી ગ ડ તમોપગ વારીગે, કઇ ચડજો મહારી વહાર ધણી ગીરધારી. ૫
સખી મુજ ર કપર મેહેર ઘણેરી કીધીરે, કઇ પળેપળે સભાળ મારી લીધીરે. ૬
સખી પીરના ચરણુમા જે કોઇ આવે ચાલીરે, એકપલમા પુર ભરાય નવ
રહે ખાલીરે. ૭

સખી પુરવે જનમની પ્રીત બાયગ મોટુંરે, પીર લાલના ચરણુની માંહી
નીસદીન લોટુ રે. ૮
સખી મુર્શદ મળીયા લાલ લાગી દોરીરે,હવે જાહેર જુગનીમાહી કોની ચોરીરે. ૯
સખી પીરમુર્શદે મેહેર એવી કરીછેરે, કંઇ હદે સુલેમાન સમજ ધરીછેરે.૧૦

ગરબી ૨૭ મી ઉપલાજ રાગની છે.

પીર કાયમદીન ચીશ્તીનુ સમરણુ કરીએરે, આજ ગરબાનો આરંભ ચીતમાં
ધરીયેરે. ટેક.
સખી પ્રથમ પહેલી પ્રીત જ્યારે લાગીરે, હુતો ભરનીંદ્રાની માંહી ઝબકીજાગીરે. ૧
પીર આપવીના હુ અવરને નહીં જાણુરે, મુજ નીરધંનીયાને શીર સાચુ નાણુંરે;૨
સખી ઘટમાં પરગટ થાય લાગી તાળીરે, આજ સંસારી વેહેવાર દીધો ટાળીરે. ૩
સખી સંશય ટળીઓ આજ સ્વામી મળીયારે, મુજ અબળાનો આધાર
અઢળક ઢળીયારે. ૪
પીર કાયમદીનચીશ્તી કુડ મતી કાપોરે, હુ પાજી પામર જીવ આનંદ આપોરે. ૫
મને પાર ઉતારો મહારાજ અંતરજામીરે,હુ મગન થઇ મનમાંહી આનંદ પામીરે;૬
સખી મહીને કીનારે પીર પ્રગટ જાણુરે, કંઇ એકલબારા માહી અધીક વખાણુંરે ૭
સખી આનંદ વ્યાપ્યો ઉર ગરબો ગાયોરે, મહારા મન મંડપની
મહાય રચીયો પાયોરે; ૮
સખી શીરપર સાચાપીરલાલાનબાવોરે,પીરકાયમદીનનોપ થસેહેજબતાવ્યોરે; ૯
સખી શેવક સુલેમાન સાચુ બોલેરે, જેનેપીર મુરશદનીમેહેરઅમમચરખોલેરે; ૧૦

ગરબી ૨૮ મી રાગ ત્રીતાલ

સત ગુરૂએ વહાલે સાનમા મને કીધુ મારૂ તનમન ચીતચોરી લીધુરે, સતગુરૂએ ટેક
બાઇઆજ અનગઢ સ્વામી મારો બેલી, ગુરૂએ નાખી ગ્યાનની મને સેલી,
નેહથી મારા ઘરમાં ફરૂછુ હુ ઘેલીરે, સતગુરૂએ વહાલે સાન; ૧
બાઇ એતો દેખીતો વર ઘણો ડાહ્યો, હરદમ મારા હરદાની બીચ સમાયો,
તેનો ગુણુ અહર નીરંતર ગાયોરે, સતગુરૂએ વાલે સાનમા મને કીધુ. ૨

ગુરૂજી મને નેહથી લગાડયો છે નેડો, છબીલાં મેં તો પકડી રાખેલ તારો છેડો,
શીર જાતાં ન મેલુ હવે કેડોરે, સતગુરૂએ. ૩
પ્રથમ વેણુ વદાતા સાચુ, બોલીને હવે ફરી નવ કરવું કાચુ,
લાલન પીરના રંગમાં હું ઘણો રાચુરે, સતગુરૂ. ૪
વહાલાજી હવે વરતવાહાડીને નવજાવું,જુવોને બેહેની નીરમા નીર એક થાવું;
સુલેમાનની વહારે ચઢી ધાવુંરે. સતગુરૂએ. ૫

ગરબી ૨૯ મી રાગ ત્રીતાલ,

પાતળીયા તારી પ્રીત કરીને થઇ ઘેલી, હુ તો હુ હતી શીરૂ દહેલી દહેલીરે. પાતળી. ટેક
વહાલાજી જરા વાત વિચારીને બોલો, હૈયાનો પડદો હેત કરીને હવે ખોલો;
સ્વામી મારા દુધમાં શાકર ઘાલોરે, પાતળીઆ. ૧
આજ તમો સનમુખ આવી બીરાજો, મોહન મારા મદીરમા તમો ગાજો,
સ્વામી તમો દુરીજનથી ઘણા લાજોરે, પાતળીઆ. ૨
કાયામા દુરીજન પાડે ઘણી આટી, આવી માહારા પ્રાણ તણીરે હવે ઘાટી
પીર જેમ ઘાવ ઉપર લુંણ છાંટીરે, પાતળીઆ. ૩
સ્વામી મારા બરદ તમારૂ જાશે, જુદી જગમા હાસી ઘણેરી થાશે;
સુલેમાન ગરીબ થઈ ગાશેરે, પાતળીઆ. ૪

ગરબી ૩૦

પીરની સુરતા જોઇને હુ મોહી, ભેદ જાણે વીરલો કોઇરે મુરશદની. સુરત. ટેક
દેખીન મગન થયુ મન માહારૂ, મટી ગયુ અતરનુંરે અધારૂ,
વહાલા મને જગત લાગેછે ખારૂ, સ્વામીજીની સુરતા. ૧
લાલપીર લક્ષ તમારૂ લાગ્યુ, દુખ મારૂં દુર જઇને ભાગ્યુ;
મોહ બાણુ રૂદે માહી વાગ્યુ, સ્વામીજીની સુરતા. ૨
વહાલા મને વીગત વાતડી કહેજો, હાજર માહારા હરદાની ભીંતર રહેજો;
મુરશદ મને દયાથી દરશન દેજો, સ્વામીજીની સુરતા. ૩

વહાલા મુજ રંકને રત્ન જડીયું, વચન જેવું કહ્યુ એવું પળીયું;
સુલેમાનનુ, ભાએગ લઇયુ, પીરની, સુરતા. ૮

ગરબી ૩૧–રાગ–સતની બાંધી શમસેર ભજનની ઢાલ ધરી.

જીને સત ગુરૂએ કીયોરે સનેહ, દુભજા દુર ગઇ. ટેક
સ્નેહ કીયોં સાગર સરીતા ભળી જાતમા જાત,
મોઘું મોતી નીપજે તો, અમુલખ પડ ગઇ ભાત. દુભજા દુર ગઇ.૧
માયામા સબજુગ લપટાયા, કોણુ રંકને રાવ,
ગ્યાની મુની પંડીત પુરા, સર્વેનો એક બનાવ, દુભજા દુર ગઇ. ૨
દુરમતીયાં ડાહ્યા થઇ આવે, સમજુ થઇ સમજાવે,
ભીંતર ભજનમા ભંગ પડાવે, છેલ્લો અવસર ચુકાવેરે, દુભજા૦ ૩
પુરણુ ગુરૂકા પડછા દેખો, અનહદ ધુન જગાવે;
પરીબ્રહ્મ પુરણુ અવિનાસી, સુરતી તે સાનમા લગાવે; દુભજા૦ ૪
પીર હમારે જનમ સંગાતી, કરૂ કોટી પ્રણામ,
સુલેમાનનુ સાચુ નાણું, સુખ દુખના છો વીસરામ, દુભજા૦ ૫

ગરબી ૩૨ ઉપલા રાગની છે.

મેરા મુરશદ દીન દયાળ, દયા કરો દુલભજી, ટેક
સંસાર સાગરમાહી જળ ભરીયો, દેખત લાગે સારો,
બાહેર જોઊંતો બહુજ મીઠો, ભીંતર જોઉ ત્યારે ખારોરે. દયા કરો. ૧
ડુંગર ઉપર દવ જલે ને, દુરથી દેખો લોકો;
ઠોર ઠેકાણુ પછી નહી લાગે, માથે મરણુ કેરો ધોખોરે. દયા કરો. ૨
ટોચ ભરાયો ઘડો જલનો, ટીપુ કેમ સમાશે;
ફોકટ ફુલ્યા શાને ફરવું ધાર્યું ધણીનું થાશેરે. દયા કરો. ૩
હુ બાળક ને બાપ તમો છો, ભલો મળ્યો સંજોગ;
બાપ વીનાનું બાળક હોય તો, તેનૂ તે જીવતર ફોગરે દયા કરો. ૪

સુલેમાનને સમજણ નોતી, પડદામાં હતો દીવો;
લાલપીર જો મેહેર કરો તો, જુગો જુગ બદા જીવોરે. દયા કરો. ૫

રાગ-ગરબી ૩૩ વાર સાત.

ગરબે સતગુરૂ સગે રમીયે; એ રાગ
મુરશદ લાલન પીર પાયા, સેવકની શુદ્ધ કરી છે કાયારે. મુરશદ. ટેક
વીરમગામ કસબો છે ખાસો, તહા પીર લાલ તણો વાસો,
સમરે તેનો સીધો પડે પાસો, સમરે તેનો. મુરશદ ૧
સોમવારે સાંસો ઘણો થાશે, ગુરૂ વીના ગોથાં સૌ ખાસે;
ચતુર નર ચેતીને જાશેરે, ચતુર નર. મુરશદ. ૨
મંગળવારે મેંપણું ખોસે, તો દરશન દુલભનું જોશે,
પછી દુરમતી ઘેર બેઠી રોશેરે, દુરમતી. મુરશદ. ૩
બુધે મારી બાંહડલી સાહી, હું તો નીરમળ નીર નાહી;
મનનો મેલ મટયો ભાઇરે, મનનો. મુરશદ. ૪
બેંસ્પતવારે ભવસાગર દરીઓ, અથાક જળનીર તણો ભરીયો;
નુગરો જંન ડુબીને મરીયોરે, નુગરો જન. મુરશદ. ૫
શુક્રવારે સામળીઓ આવે, સુવાગણ તે દુખ કેમ પાવે,
ઘણા ગુણ હેત ભરીને ગાવે રે, ઘણા ગુણ હેત. મુરશદ. ૬
શનીશ્વરે સતગુરૂ શીર છાજે, જેથી જમ રાજા લાજે,
વારે વારે કહ્યું સવ કાજરે, વારેવારે. મુરશદ. ૭
આદીતે આખ ઠરી છે મારી, વારી જાઉ મુરશદ બલીહારી,
સુલેમાન સમજની ગતી ન્યારીરે, સુલેમાન મુરશદ ૮

ગરબી ૩૪ રાગ હેલારી તીથી પદર

મારી આતમાના રે ઓધાર અળગા મત જાજોરે. એ રાગનુ છે;
સખી પડવે તે પરીબ્રહ્મ, પુરણ ઘટ વ્યાપેરે,
જે સમજે માહીલો મરમ, એકાકાર થાયેરે. ૧

સખી બીજે તે બુદ્ધી બાઇ. બેઠી થીર થાણેરે;
જેણે દુટેલી સાધી સગાઇ, તો વીશ્વ વખાણેરે. ૨
સખી ત્રીજે ત્રીકુટીનો મેહેલ, નીરતર માહાલેરે,
બંકનાલની કરવી સહેલ, ઊલટ ઘર ચાલેરે. ૩
સખી ચોવે તે ચારે દેશ, ફરીફરી આવ્યારે;
શીરપર ભમવો ફીધો વેશ, કમાણી શી લાવ્યારે. ૪
સખી પાચમે પંડવરભંડ, પુરો સંત બુજેરે,
અધુરા તો પુજેરે પાખડ, આખે નવ સુજેરે ૫
સખી છઠનુ છટકેલ મંન, થીર નવ આવેરે,
જુઓ સતગુરૂ પીરને ધન, પકડ ઘર લાવેરે. ૬
સખી સાતમે સમજીને ચાલ, પળપળ શુ કહેવુરે,
આખર શીર ઉપર ભમેછે કાળ, ચેતી ચીત લેવુંરે. ૭
સખી આઠમે અંતર આપ, પોતે બીરાજેરે,
કહે પુર્વે જનમના પાપ, શીરપર સ્યામ છાજેરે ૮
સખી નોમનો લાગેલ નેહ, તોડયો કેમ તુટેરે,
હીરો એરણ પછાડે તેહ, ફોડયો કેમ ફુટેરે. ૯
સખી દશમે દીધો કોલ, દીલથી સાચોરે,
અતે જુડો પડીયો બોલ, કાયા ગઢ કાચોરે. ૧૦
સખી એકાદશી જેનુ નામ, એક મન રાખોરે,
સત પહોચે અસલી ધામ, પ્રેમ રસ ચાખોરે. ૧૧
સખી બારમનો બગડેલો દાવ, ગુરૂ પાર પાડેરે;
કોઇ ગ્યાનીને ઘટ લાગે ઘાવ, તો પલમા મટાડેરે. ૧૨
સખી તેરશે તરવેણી તીર, સુખમણ બાઇ ચાલેરે,
પછી નહાવુ નીરમળ નીર, પીયુની સંગ મહાલેરે ૧૩

સખી ચૌદશે ચોપટ દાવ, રચાવ્યો છે સારોરે,
સતગુરૂ ઉપર રાખો ભાવ, સમજ જગ ખારોરે. ૧૪
સખી પુનમની લાગેલ પ્રીત, લાલપીર સાથેરે;
સુલેમાનની એવી છે રીત, રટણ દીન રાતેરે. ૧૫

ગરબી ૩૫ રાગ હેલારી ઉપર પ્રમાણે.

આવો આવો સતગુરૂ મહારાજ, પ્રેમે પાયે લાગુ રે.
હુ તો આધીન થઇને આજ, ચરણ રજ માગુંરે. ટેક.
હુતો અવગુણ ભરીઓ અધીક, ગુણસાગર છો ધીરારે,
ઠેકાણુ બતાવેલ ઠીક, છો બળવત વીરારે. આવો૦ ૧
ધણી પળ પળ આવોને પાસ, ધીરજ મન ધારૂ રે;
હું તો તનમન ધનથી છુ દાસ, તમોપર વારૂ રે. આવો૦ ૨
વાહાલા અતર ગતનું હેત, નયણામા દીઠું ,
ખાકુ કામતણુ જો ખેત, મોહન મુખ મીઠુંરે. આવો૦ ૩
હુ તો દુખણી ભઉ રે લોચન, દુર્બળ દેહી મારીરે,
તમો વીના તલપે મન, પુરણ અદકારીરે આવો૦ ૪
બાઇ પુર્વે જનમનો લેખ, મુરશદ લાલ ભેટેરે;
સુલેમાનપર મારી મેખ, દુતી રહી છેટેરે. આવો૦ ૫

રાગ–સારગ–ચાલ હેલારી.

અને મારા વીરાજી રે લાલ મુરશદને મળીયારે પીર મને લાલજીરેજી;
મારા ભવની ભાવટ ભાગી હો લાલ, ઘટનાને તાળા એક પળમા ઉઘડયારેજી.
અને હુતો હરીમુખ જોવા તે જાગી હોલાલ, અવસરને આવ્યોરે આજ
અમુલનોરેજી ટેક.
અને મારા વીરાજીરે લાલ સુખનોને, સાગરરે ભેહેની મારારે ઉલટયોરેજી;
હવે દુ:ખ નજરે નહી આવે હોલાલ, ઘટમા તે સમજણરે સાચા સ્યામનુરેજી;
તેતો તનના તાપ સમાવે હોલાલ. અવસરને૦ ૧

અને મારા વીરાજીરે લાલ, પાવનને થાશો તો પરગટ દેખશોરેજી,
નહીં તો ઘટમાં ઘોર અંધારૂં, હોલાલ, અવગ્યાની પડદોરે આડો આવશેરેજી;
માટે અસલ વતન સંભાળો હોલાલ. અવસરને૦ ૨
મારા વીરાજીરે લાલ સમરણને કરતા રે સામા આવજોરેજી,
દેખી દુઃખ સમુળું જાશે હો લાલ, સુલેમાન સેવકની સનમુખ આવજોરેજી;
મારે હઇએ ધારણ થાશે હો લાલ, અવસરને૦ ૩

રાગ સારંગ ચાલ હેલારી.

અને મારા વીરાજીરે લાલ પરથમને સમરૂ રે સતગુરૂ દેવનેરેજી,
હુ તો લરીલરી પાયે લાગુંરે હો લાલ, રોધનીધને વાણીરે હમને આપજોરેજી;
હુ મુક્તી ચરણની માગુ હો લાલ, ઓચીંતા ને આણુાંરે એક પળમાં
આવશેરેજી. ટેક.

અને મારા વીરાજીરે લાલ ભવસાગરમાં આવીને ભલપણ શુ કર્યું રેજી.
ફોગટ જણતી ભારે મારીરે હો લાલ, અવરોને આરોરે ઉતરવો દોહેલોરેજી.
પછી શી ગત થાશે તારી હો લાલ ઓચીંતાં. ૧
અને મારા વીરાજીરે લાલ, સુરતતીને સોહાગણ એક થીર રાખજોરેજી;
અને ઠીક કરીને ડેરાવો હો લાલ, આપોને જાશેનો અવનાશી આવશેરેજી;
સખી સુનમા થાય મેળાવો હો લાલ. ઓચીંતાં. ૨
અને મારા વીરાજીરે બાલ, કુટુંબ ને કબીલો સુખે મળે એકઠારેજી,
એતો અંતે અળગા થાશે હોલાલ, ભીંતરનો ભંડારો ધોઇધોઇ કહાડજોરેજી.
પછી નીરમળ નીર વહી જાશે હોલાલ. ઓચીંતા. ૩
અને મારા વીરાજીરે લાલ, આદે ને અંતે તો ઇશ્વર એક છેરેજી;
તમે મતામતી શીદ તાણો હોલાલ, ફોગટને કુવીરે પડશો કંદમારેજી;
એતો જીવમા શીવ સમાણો હોલાલ. ઓચીંતા. ૪
અને મારા વીરાજીરે લાલ, સરીતાને સાહેરરે બે નીર એક છેરે જી;

માહી જાતે જાત સમાણી હોલાલ, લાખેણી લીલારે લાલનપીરનીરેજી-
સુલેમાનની સફળ કમાણી હોલાલ. આચીંતાં. ૫

રાગ સારંગ હેલારી.

અને મારા વીરાજીરે, લાલ પ્રથમનો પાસોરે નાખું પ્રેમનોરેજી;
અને મારા સતગુરૂ સનમુખ બેઠા હોલાલ,ઝગડોને ભાંગોરે જમની ચોટનોરેજી;
પેલા પચક પડીયા હેઠા હોલાલ, ઝીત્યાનો જશ વાગ્યો લાલન પીરનોરેજી;
અને મારા વીરાજીરે લાલ પેહેલોનેરે પીયાલો પીધો પીરનોરેજી.
વહાલે ચીતની ચોસર માડી હો લાલ, પોબારે અટકીરે બાજી પ્રીતનીરેજી;
હવે નરદ ન થાશે ખાડી હો લાલ, ઝીત્યાનો જશ. ૧
અને મારા વીરાજીરે લાલ બીજેનેરે પીયાલે બધન કાપીયારેજી,
હુતો નીર્ભય થઇને બેઠી હો લાલ સુરતાની સોગટડી ચાલી સોંસરીરેજી;
પુછી અંનભે ના ઘરમા પેઠી હો લાલ, ઝીત્યાનો. ૨
અને મારા વીરાજીરે લાલ, તરસના ટાળીરે. ત્રીજી પાઇને રેજી;
મેંતો સતગુરૂ સુનમુખ દીઠા હો લાલ, મનડુ ને મોહ્યુરે મળવા લાલનેરેજી;
જાણે પ્રેમ પદારથ મીઠી હોલાલ, ઝીત્યાનો. ૩
અને મારા વીરાજીરે લાલ ચોથેને પીયાલે ચેતન હુ થઇરેજી,
મને મળીયા સતગુરૂ સ્વામી હોલાલ, પરગટને પડછોરે દીધા મારે વાલમેરેજી;
એતો મટી જનમની ખામી હોલાલ, ઝીત્યાનો. ૪
અને મારા વીરાજીરે લાલ પાચમેને પીયાલે પરગટ ઓળખ્યારેજી.
હુતો ચેતન થઇને ચાલી હોલાલ, ભરજોને ભંડાર સુલેમાનનો સામટોરેજી;
એતો કદી ન થાશે ખાલી હોલાલ, ઝીત્યાનો. ૫

રાગ સારગ. હેલારી રાગે

અને મારા વીરાજીરે લાલ પડવેને પુરણરે સતગુરૂ પુજીએરેજી.
જેથી જનમ મરણ દુખ જાવે હોલાલ,અવીગતને ઓળખીયા આપેઆપમારેજી;

દુજી દુતી અંતર નવ આવે હો લાલ,મોહોહુંને માતમરે સતગુરૂ પીરનુરેજી;
અને મારા વીરાજીરે લાલ, બીજેને બધનમા બુડતા તારજોરેજી.
જેથી ત્રીગુણી તાપ સમાવે હોલાલ, તરસના ટુટીરે ત્રણ ભોવનનીરેજી;
એ કરણી કોઇ વીરલો કમાવે હોલાલ. મોહોહુંને. ૨
અને મારા વીરાજીરે લાલ, તરીજને દીવસડે તરવું દોહેલુંરેજી,
પણ સાચા સતગુરૂ મળશે હોલાલ, પલ્લોને પકડેરે પુરણ પ્રીતથીરેજી;
જેથી સસાર સ્વપ્નુ ટળશે હોલાલ. મોહોહુંને. ૩
અને મારા વીરાજીરે લાલ, ચીંતાને ટળશેરે ચોથને દાહાડલે રેજી;
એક સુરતા ગુરૂસગ લાગી હોલાલ, જુનોને મારગરે લીધો જાળવીરેજી;
પછી ભ્રાતી મનની ભાગી હોલાલ. મોહોહુંને. ૪
અને મારા વીરાજીરે લાલ પાચમે પરવશ છે, પડમાં પ્રાણીઓરેજી;
એને બાંધી કરીને વશ રાખો હોલાલ સતગુરૂની સગમારે નીસદીન
હાલવુરેજી; પછી પળ પળ પ્રેમ રસ ચાખો હોલાલ. મોહોહુંને. ૫
અને મારા વીરાજીરેલાલ છઠનીને છતતોરે છાંની નહી રહેરેજી;
જેને સતગુરૂ મળીયા શુરા હોલાલ,વરભડને ફોડીરે વીઠલવર વહોરીયારેજી,
કોઈ શઠ શુ સમજે અધુરા હોલાલ. મોહોહુંને. ૬
અને મારા વીરાજીરે લાલ સાતમે, સતગુરૂરે સમરથ સેવીયેરેજી;
જેથી કોટી કરમ કટી જાવે હોલાલ, સતોષે સામળીયો આવે સેજમાંરે,
પછી અનેક મટીને એક થાવે હોલાલ, મોહોહુંને. ૭
અને મારા વીરાજીરે લાલ આઠમે, અવસરરે અધુરો મુકીયેરેજી,
પછી કહાં ઠરવાનુ ઠેકાણુ હો લાલ, નીંધણીયા લુટાશે ચૌટે ચાલતારેજી;
પછી પળમા વાશે વહાણું હોલાલ મોહોહુંને. ૮
અને મારા વીરાજીરે લાલ, નોમે તો નારાયણ ભેટે નેહશુરેજી,
તેને પ્રેમ પ્રીતથી ખોજો હોલાલ, શુરા થઇ હાલોરે સતગુરૂ સંગમારેજી;

વીરા શીર ન ઉઠાવો ઓળ્ખે હોલાલ મોહોદુંને. ૯
અને મારા વીરાજીરે લાલ દશમે, દાટેલો દ્રવ્ય તો નહી મળેરેજી,
જહા સુધી અતર આપો હોલાલ, કપટનુ કરસણુરે ક્યારે ઉગશેરેજી,
માટે મુળ મસ્તક એનુ કાપો હોલાલ, મોહોદુંને. ૧૦
અને મારા વીરાજીરે લાલ એકાદશીનો, દીવસરે અતર ઓળખોરેજી;
જો પારખ પુરા મળશે હોલાલ, તનડાની તપતરે ત્યારે બુજશેરેજી;
પછી ભગતી ભાવે મળશે હોલાલ. મોહોદુને. ૧૧
અને મારા વીરાજીરે લાલ દુવાદશીએ, દરપણ દીલનુ જો થશેરેજી;
પછી સનમુખ આપ દેખો હોલાલ, રસીયાની સગેરે રમવી રાતડીરેજી;
એવા પ્રેમ પુરૂષને, પેખો હોલાલ. મોહોદુને ૧૨
અને મારાં વીરાજીરે લાલ તેરસનુ ટાણુરે આવુ નહી મળેરેજી,
માટે ચતુર ચાલો સીધા હોલાલ, સુનમુખને આવીરે મળશે સાહેબોરેજી;
પુરા મનના, મનોરથ કીધા હોલાલ. મોહોદુને. ૧૩
અને મારા વીરાજીરે લાલ ચોદશને દીવસડે ચતુર ચેતજોરેજી,
જેથી પ્રેમ પદારથ પામો હોલાલ, અવરની આશારે અંતર છોડવીરેજી;
એમ ગુરુ સગ લગની લગાવો હોલાલ. મોહોદુને. ૧૪
અને મારા વીરાજીરે લાલ પુનમતો પરખાની મુરશદ લાલજીરેજી,
એક પ્રેમથી ચીત પરોયુ હોલાલ, શીરમાટે સતગુરૂરે સુલેમાને સેવીયારેજી;
પછી રંકની સ.મુ જોયુ હોલાલ. મોહોદુંને. ૧૫

રાગ કાફી—ધીરાના ભજનનો રાગ.

લાલપીરતો સાચારે હીરામાં જેવી હીરામણી,
કીરતી જેની જગમારે ચોદીશ એમ ફેલી ઘણીરેજી. ટેક
પીર તણો પડછો તે મુખે વરણવો નવ જાય,

સાચી દ્રષ્ટીએ પીરને સેવે, પાપ પ્રલય તેનુ થાય;
એમ સ્વર્ગની નીસરણીરે, બતાવે સુન શીખર ભણી,લાલપીર ૧
કડવું વચન કોઇ ઊચરે, તેને અમૃત કરી પરમાણે,
હીંદુ મુસલમાન અઢારેવરણ, સરવેને એક કરી જાણે.
જેવાં બીજ વાવોગે, એવા તે ફલ લેશો લણી, લાલપીર ૨
આ દુનીયામાં ઢોંગી ઘણા વસે, વીરલો વસે કોઇ;
વીરલાનું પારખું જે કરે, વીરલાના જેવો હોઇ
ચેત મુરખ અંધા રે, માએ મુક્યા ભમતા જણી, લાલપીર ૩
મોટા મોટા કવી કહી ગયા, તેના પગની હુ રજ;
પદ કહ્યુ છે કલપીને, એમા નહી રજ ને તજ.
સેવક સુલેમાન કહેછેરે, પીર મારા પારસમણી, લાલપીર ૪

રાગ કાફી-ધીરાને રાગે.

સમરથ સ્વામી મહોટારે, લાલપીર જેવા કહીયે,
અતરમાં ઓળખવારે, પ્રીતે પરખી લઇયેરેજી. ટેક.
વાસ કીધો મારે વાલમે, ત્યારે ઊદે થયો પરભાત,
સમરણ ગતી સદા નીરતર, પછી ગઇ અધારી રાત.
જાત ભાત તો નીરખીરે, ગુરૂજીની સાનમા રહીયે, સમરથ ૧
લખતાં પાર આવે નહી, અક્કલથી કહ્યું ન જાય,
અકલ બીચારી શું કરે, એક તરણામા મેરૂ સમાય
મરજીવો કોઇ નીરખેરે, વાલાજીની વાટડી વહીયે; સમરથ ૨
સાચા ગુરૂને સેવતા, પરગટ પીયુ દેખાય.
ચોરાશીની ચીંતા ટળે, અવન ગવન મટી જાય,
ભુલ્યાની સગે ભટકીરે, આડે મારગે નવ જઇયે, સમરથ ૩

જુઠા જગતના ઝગડામાં, સતો લોભમાં ગયા લેવાઇ;
કરોળીઓ જેમ પડયો જાળમા, એમ સર્વે ગયા ગુંચવાઇ;
સુલેમાન સમજીનેરે, લાહાવો લાલપીરનો લઇયે, સમરથ ૪

રાગ કાફી.

ગુરૂગમની કુચીરે કોઇ ભેદુ નરને સમજ પડી;
મુરખને અંધારૂરે ભ્રાત જેના મનમાં અડીરેજી. ટેક
સાર અસારનો ભેદ ન જાણે ફોગટ હામે અથડાય,
કલ્પવૃક્ષને વેગળું મુકી, બાવળીએ બાઝવાને જાય,
પાછળથી પસ્તાશોરે, ચેત્યો નહીં પહેલી ઘડી. ગુરૂ.
અમુલખ અવસર આવીયો, અસુરપણામા શુ ખોય,
માટે શીખામણ માન સાચા ગુરૂની આંખ ઉઘાડીને જોય,
ઝટપટ કોઇ જાગોરે, જાગે તેને વસ્તુ જડી. ગુરૂ.
વેદ વચનને વળગી રહ્યા, અથથરને ન ચીને કોય;
કરોળીઓ જેમ જાળમા પડયો, પોતે ગયો જીવ ખોય,
શુરવીર કોઇ શોધેરે' સત શબ્દની લઇ છડી. ગુરૂ.
ગુરૂજી મળ્યા અવનાશનાં શેવકને દીધી સાન,
લક્ષ લાગ્યો પીરલાલનો, તેથી હું બની ગઇ ગુલતાન,
સુલેમાન કહે સોધુરે, ઝીની લ્યોને પ્રેમની દડી ગુરૂ.

રાગ કાફી ધીરાને રાગે.

લાલપીર તો મળીયારે, તેથી મારૂ દુખ ગયુ,
ઘડપતી અવીનાસીરે મેજમા એમનુ દર્શન થયુ રેજી, ટેક.
શીખરગઢપર સુરતા લગાવો, પ્રીત કરી પરખાવો નુર
મેહેર કરો માહારા માવજી, ત્યારે ગુરૂ ગમનો ઉગે શુર.
અંધારૂ અવગ્યાનનુરે, પળમા પલ્યે થયુ, લાલપીર ૧

પીયુના વીજોગની વાર્તા, પરમુખે કહી ન જાય;
અભાગણી નારીને આળસ ઘણું, તે પાછળથી પસ્તાય.
ચેત મુર્ખ અંધારે, આયુશ તારૂં આવી રહ્યું. લાલપીર ૨
કીરતન જોડીને કવી કહેવાયો, પણ ભ્રમણાની ભુલ ભરીછે અપાર
ઓજો બમણો ઉપાડશો, તે કેમ કરી ઉતરશો પાર.
પરીબ્રહ્મને ભુલ્યોરે, ડહાપણ વહેતે પુરે ગયુ, લાલપીર ૩.
બલહારી લાલપીરને, જેણે કરૂણાનો કીધી લહેર,
સો દાસોનો દાસ સુલેમાન, તેને બતાવ્યુ સોનગઢ શહેર;
ગરીબને ગમ નહોતીરે, મન મારૂ મસ્ત ભયું. લાલપીર ૪

રાગ કાફી-શ્રીરાને રાગે.

ધન વીરમગામ કસબોરે, જેમા પીર લાલ વસે,
સમરણ કરે સાચુરે, તેનુ તે દુખ દુર થશેરેજી. ટેક.
પરમાતમા પીર પરખે, તેમાં અવર લોક શુ જાણે,
મુઢ અનીતી મનમાં મોહોટા, આપે તે આપ વખાણે.
ભરીયોછે જળ સીંધુરે મુરખ તેમા તણાઇ જશે ધન વીરમગામ ૧
આ કાયામા કપટ ઘણેરુ, કાજલ જેવું કાળુ,
પ્રેમ તણુ પીર પાણી આપો તો, અંતકરણથી અજવાળું;
સાફ સરખુ થાશેરે, વન ઉપર મણી ધસે. ધન વીરમગામ ૨
નીસદીન સમરૂ ગુરૂદેવને, જેથી મારૂં સફળ કારજ થાય,
ભુલ ભાગે ભ્રમણાની, મનવો મેવાસી મટી જાય;
મન માહારૂ દોડેરે, મોરલીપર મણીધર ધસે. ધન વીરમગામ ૩
પલ્લો પકડે ગુરૂદેવનો, કદી ન જાવે ફોગ;
દીલ દીદારને કારણે, મેં તો ભીતર લીધો છે જોગ;
સુલેમાનનુ દીલ સાબીતરે, જો પીર તમારી મેહેર થશે. ધનવીરમગામ.૪

રાગ કાફી–ધીરાને રાગે.

બાળક ચરણે આવ્યોરે, સંભાળ તેની લેજો તમે;
દારૂણ દુઃખ પડીયુરે, રંક જીવ કેટલું ખમેરેજી.
જે થયુ તે પીર આપ વડે, અવર બીજાનું નહીં જોર;
એક કોટડી એવી દીઠી, અંધારૂ હતું ઘમઘોર,
આડી ભીંત બાંધીરે, જીવ માહારો કયાં જઇ રમે. બાળક. ૧
પીયુ વીનાની પદમણી તેને કોણ દેશે ધીર;
એવી અરજ મારી સાંભળી, તમે ધાઇ આવો બાવન વીર;
દુઃખ મારૂ કાપોરે, વીલંબ નવ કરશો તમે. બાળક ૨
છોરૂ અરજ કરે માબાપ કને, અવરને શી ચીંતાય;
તસ્કરની માતા કોઠીમા રૂવે, એમ હરદે મહીંરે થાય,
કાળજ મારૂ કાપ્યુંરે, મુજને મારૂ દુખ દમે. બાળક. ૩
મુખે વરણવુ કેટલુ હરદુ ફાટી જાય
ધણીની કુદરત ન્યારી છે પાણીંમા પથ્થર તણાય,
નાવ જાય બુડીરે, મરણ માથા ઉપર ભમે બાળક. ૪
પીયુના વ્રેહની પીડા ઘણી. મુજથી સેહેન નવ થાય,
જેના ઘરમા સખણી સાસુ. એ દુખ કેમ સેહેવાય,
લાલપીર મળ્યા સુલેમાનનેરે, તેથી મારા તાપ સમે. બાળક. ૫

રાગ કાફી

નથી રહેવાની ઘડી કુડી કાયા નથી રહેવાની ઘડી એ રાગ.
કરજો કરૂણા ખરી, લાલપીર કરજો કરૂણા ખરી ટેક.
દયા કરીને મન ડોલતું રાખ્યુ, રહુંછું દીલથી ડરીરે. લાલપીર કરજો. ૧
પળ પળ સમરૂ પીર તમોને, પળ પળ ધ્યાન ધીરજ ધરીરે. લાલપીર. ૨
સભારતાં પીરને સુનસુખ દીઠા, પ્રીત પુરવેની કરીરે. લાલપીર. ૩
બતીજ પડી તે દીને પુરણ પ્રગટયા, સરીતા સાહેરમા ભરીરે. લાલપીર. ૪

ચરાચર વાહાલો સઘળે ફરે છે, કોઇ વીરલો બેશે હરીરે. લાલપીર. ૫
ધન ભાગ્યેમ જેને ધ્યાન ગુરૂનું, એક ચીતથી ધ્યાન ધરીરે. લાલપીર. ૬
સુલેમાન પીર સેવક તમારો, ગુરૂગમની કુંચી ઝરીરે. લાલપીર. ૭

રાગ કાફી.

રાગ—નથી રેહેવાની ઘડી કુડી કાયા નથી.

અખંડ દીવડો બળે, લાલન પીરનો અખંડ દીવડો બળે. ટેક.
એ દીવડાની જો તું ધણી છે, એ દીવડા; મુનીના મન ઠરેરે. લાલપીરનો. ૧
તેજરૂપી માંહી તેલજ પુર્યું; તેજ રૂપી. સુબુદ્ધીની બત્તી ધરેરે. લાલપીરનો. ૨
મુખે વીસ્તાર વરણવો ન જાય, કાગદ કેતા ભરેરે. લાલપીરનો. ૩
એક ધ્યમાને જે આવે ગોદમાં, દુઃખીયાનાં દુઃખ હરેરે. લાલપીરનો. ૪
લોકોને મન અવળુ લાગે, પણ સત મારગે સચરેરે લાલપીરનો. ૫
મુજ ગરીબનો નહી આસરો, ભુલ ચુક માફ કરેરે. લાલપીરનો. ૬
પીર પ્રતાપે સુલેમાન કહે છે, હું કહુ છુ દીલથી ખરેરે. લાલપીરનો. ૭

રાગ મંગળ. ૧

મનના મંગળ ગાઓ, સમરો મુરશદ પીરને;
ભાઇરે સમરતાં આવે તરત, ભાગે મારી ભીડને. ટેક
સુણજો સજ્જન નરનાર, કહુ એક વાતડી,
જેનો પીયુજી નહી પાસમાં હોય, કેમ જાય તેની રાતડી. મનના. ૧
કંથ વીના કરેરે કલ્લોલ, જીવતર તેનુ ધીક છે,
જેને નથી અખંડ સોહાગ, પાછળ તેને બીક છે. મનના. ૨
અગમ નીગમની વાત, સજન કેને કીજીએ;
કોઇ સતગુરૂ મળે સુજાણ, પ્રેમ રસ પીજીએ. મનના. ૩
આજ ખેલો પીયા સંગ ફાગ, પુનમકી રાતહે;
કલ હો જાવે ઘોર અંધેરા, પીછે ક્યા બાતહે. મનનાં. ૪

ભરીયુ છે અનહદ નીર, ઝીનાંરી મેં ખડી;
મારે ગુરૂએ દીધો ઉપદેશ, અંદર જાકે પડી. મનનાં. ૫
પાંચ પચીસકુ માર, પરહર પરનારકું;
સતો કુબુદ્ધીકો પાડે કોટ, મીલે તુ યારકુ. મનનાં. ૬
નક્કી ભરોસો નાથ, પીયુ ઘર આવેગા;
મગળ ગાવે સુલેમાન દાસ, દરશન દેખલાવેગા. મનનાં. ૭

રાગ મંગળ ૨

મંગળ ચીને કોઇ ચતુરસુજાન, સપનુ સંસાર છે;
જેણે સમર્યા શ્રીઅવીનાશ, તેનો બેડો પાર છે. ટેક.
મીંધે મારગ હાલ, વસમી વાટ છે,
સતો બકનાલની માહાય, અવળો ઘાટ છે. મગળ૦ ૧
આજ પીયુ મળ્યાનો સજોગ, તે મારગ ભુલીયા,
સતો આવ્યાતા લાભ લેવાને, દેવાળામાં ડુલીયા. મંગળ૦ ૨
બનવગડાની માહ્ય, દુઃખ શુ કથને,
પીયુ સેજમા આવે તરત, સેવો કોઇ મતને. મગળ૦ ૩
સરખી સહીયરોનો સાથ, મેહેલીને ચાલવુ,
સતો સાવરીએ સુખ સજ્જનમા, પીયુની સગે મહાલવુ. મ૦ ૪
મુજ નોધારીના આધાર, મદીર કયારે આવશો,
મારા મનમા આશા તેહ, સદેસો કહાવશો. મગળ૦ ૫
વાહાલાના નેહનો ભેખ, બદનપર ચોળીએ,
કોઇ મીલે નિંદેશી જન, તો પડદો ખોલીએ. મગળ૦ ૬
પુરા ગુરૂજીની પાસ ઘણીસુ લગન છે,
સુલેમાનને દીધી સાન મનડુ મગન છે. મગળ૦ ૭

રાગ મંગળ. ૩

ગુરૂગમ જાકું હોય, સાન સુધ પાવના
સતો જમ ઝગડેકી માંહાંય, ફીર નહીં આવના. ટેક.
પહેલો મગળ વરતાય, પ્રથમ ગુરૂ પુજીયે;
સતો સઘળો સકળ સસાર, એક કરી બુજીયે. ગુરૂગમ. ૧
બીજે મગળ બનાવ, બને ભલી ભાતથી;
સતો બચે મરજીવો કોઇ, મરણુની ધાતથી. ગુરૂગમ. ૨
ત્રીજે મગળ ત્રીભોવનનાથ, મંદિર પધારજો;
મુજ અબળાનુ કારજ, એક પળમાં સુધારજો. ગુરૂગમ. ૩
મગળ વરત્યા ચાર, ચતુર થઈ ચાલજો,
ભાઇ ગુરૂજી પકડે હાથ, મગન થઇ માહાલજો ગુરૂગમ. ૪
પ્રીતે મગળ પાચ, પરણીને ઉઠીયા;
મારા મનની પહોચી આશ, રંગરસ લુટીયા. ગુરૂગમ. ૫
સતનું શ્રીફળ હાથ, જરૂર મગાવજો;
ભાઇરે વર વીઠલની સાથ, લગની લગાવજો ગુરૂગમ. ૬
મગન થઇ મહરાજ, લાલપીર આવીયા,
પાચે મંગળ સુલેમાન દાસ, હરખે વધાવીયા. ગુરૂગમ. ૭

રાગ મગળ ૪.

સાચો મગળ સ્યામ, સુરતમે પેખના,
સતગુરૂની હોવે મેહેર, દીલભર દેખના. ટેક.
કોલજ કીધો કરાર, આવીને કેમ વીસર્યા,
સરવે વાતની પડીરે સુઝ, નગર બાહાર નીસર્યા. સાચો. ૧
પ્રવૃત્તી ઠગણી નાર, છેતરશે છંદમાં;
સતો આવ્યા ઉગરવાને કાજ, પડી ગયા ફંદમાં. સાચો. ૨

નુરત સુરતની નાવ, ગુરૂગમથી ચલાવજો;
માંહી ખલાસી ખબરદાર, બેઠકમાં બેઠાવજો. સાચો. ૩
આજ અતી ઘણોરે આનંદ, બેહેની મારે ઉલટો;
મારો પડીયો છે અવળો દાવ, ગુરૂએ કીધો સુલટો. સાચો. ૪
મૃગજળ ભરવાને કાજ, શું દોડો દુરથી;
સંતો ખાલી પડશે હાથ, વીચારો જરૂરથી. સાચો. ૫
દુષ્ટ દુશમન જખી જાય, દરશ દેખાવસે;
સંતો આવી સેજ પલંગ, તાપ સમાવશે. સાચો. ૬
સતગુરૂ સમરથ પીર, આનદ વાધ્યો અંગમાં;
સુલેમાન સર્વથી ગરીબ, રીઝયો એના રંગમા. સાચો. ૭

રાગ મંગળ ૫.

મેં ગઇતી પીયુજીકી પાસ. દીદાર મોજ પાઇહે,
મેરે દીલકી બુજ ગઇ શાહી, સફેતી આઇહે.
પીર હુવે મેહેરબાન, દોરી લગી પ્રેમકી,
મેરે મીટ ગયો કલેશ કંકાસ, હવા આઇ હેમકી. મેં ગઇતી. ૧
વસીએલ ડસીઓ અંગ, મીટાવનહાર નહી,
ઇસ મોરલીમા શબ્દ સોરંગ, બજાવનહાર નહીં. મે ગઇતી. ૨
શબ્દ સુણો જખી કાન, મણીધર આ ખડા,
બાવા ભુલા શુધીયા દેહી, કડીએમે જા ખડા. મેં ગઇતી ૩
ગયો સમ જુગકો ઝેર, મેહેર હુઇ પીરકી,
મેરે દીલમે ગઇ આરમપાર, ચોટ જેસી તીરકી. મેં ગઇતી. ૪
બલીહારી લાલનપીર, નજર હુઇ મેહેરકી,
સુલેમાનકુ દીયોહે સરફ, સફર હુઇ શેહેરકી. મેં ગઇતી. ૫

રાગ મંગળ.

સ્વપનામાં વહી ગયું સુખ, મંગળ ગાઇ રીઝીયે;
જેને કર્મમેં લીખેલ હાંણુ, દોષ કેને દીજીયે. ટેક.
રૂડે સબ સંસાર, ધોખો નવ લાવીએ;
જો રૂઠયા હોય સતગુરૂ પીર, તો તરત મનાવીએ. સપના. ૧
સીતળ ગુણ સ્વભાવ આંતસ કેમ એવડી;
મુજ રંકથી કેમ ખમાય, દારૂણ દુખ દેવડી સપના. ૨
દીન નાથ દયાળ, કરમ રેહેમ કીજીયે;
ગુન્હો પડીયો સેવકનો અપાર, પણ બક્ષી દીજીયે. સપના. ૩
આપછો મેરૂ સમાન, સાહેર ગુણ રાખીએ;
મુજ તરણાની ઉપર ભાર, હસ્તીનો ન નાખીએ. સપના. ૪
આખે આસુની ધાર, અરજ છે એટલી;
આવા કરગરી કહુંછુ આજ, માફ માગુ કેટલી. સપના. ૫
સુલેમાન સેવકનો હાથ, મહીને રાખજો.
મારા દીલમા ઘણોરે ઉચાટ, બાવા કાઢી નાખજો. સપના. ૬

રાગ ભેરવ પરભાત.

સુનો મેરે પીર એક મગન આયારે, આકર અલેક જગાયારે દાતા
આકર અલેક.
બીના અગનસેં ધુની જલાવો, અવીચળ પદમી પાયારે દાતા અવીચળ.
સુનો. ટેક.
શબદકા સોટા મેરે અંગપર મારોરે, ગ્યાનકો ઘાવ જબી લાગેરે;
પ્રેમકા પત્તર મુજકું દીલાવો, મનને બાધો કાચે ધાગેરે. સુનો. ૧
બ્રહ્માકી ભસ્મ લગાવો મોરે પ્યારે, સુરતાકી સેલી ગલે ડાલોરે;
જબ મેં બીખારી પીયાજીકે ઘરકા, નીરંજન નીશાન આલોરે. સુ. ૨

ચંચલ ચીત માહરૂં ચમકી રહ્યુંછે, તેને તે થીર કરી થાપોરે,
દેખું મંડપ જબ મનવા ખુશીહે, દીજોને અવીચળ છાપોરે. સુ. ૩
લાલપીરપર મે જાઊ બલીહારી, રંકનો સુણજો પોકારરે;
સુલેમાન ગરીબને ભીક્ષા દીજો પીર, પલપલ કરજો સભારરે. સુ. ૪

રાગ ભેરવ પરભાત.

પીરાંનપીર તુમ બડે ઓલીયા, વાકી જાઊં બલહારીરે;
પાક દીલસે સમરૂ મેરે દાતા, આવોને આપ ગીરધારીરે. ટેક.
મુજ રંકપર મેહેર કરીને, આવો મારા દીલજાનીરે;
દુઃખ વેળાએ ચડી આવો મેરે દાતા, પીર પાક સુબહાનીરે. પીરા.
આવોને મારા પ્રાણસુહાગી, ચોદશ આન બનીહેરે;
આ અવસરમા આવો મારા વહાલા, તુમ બીના કોન ધનીહેરે પી.
તુમ ખુદાકે દીલસે પ્યારે, શેર વલી કહેલાવોરે,
ગરીબકે પીર તુમહો વાલી, દુખ વેલાએ ચડ આવોરે. પીરાંન.
બંદીવાનકે બધ છોડાએ, પુત્રકે પારન ઝુલાઇરે,
સુલેમાનકું સમરન અપના, નીસદીન ફીરતી દુહાઇરે. પીરાન.

રાગ—બીલાવર પરભાત.

વાહારે ચડોને મારા પીરજીરે, અરજ સુણોરે હમારી,
વીલંબ ન કરશો વીઠલા, હમને આશા તમારી. વાહારે૦ ટેક
દુ.ખ દાવાદળ પ્રગટયુરે, સુખ કે દીને થાશો,
આયુષ આવ્યુ ટુકડુ, જગમા કેમ જીવાશે વાહારે. ૧
સંસાર બેલી સુખનુ, દુ.ખે દુર જઇને ભાગે,
સુખ દુખના બેલી વાલમા, પલમા પરગટ જાગે. વાહારે. ૨
સમ દષ્ટી જુવો મારા શ્યામજી, નીરમળ નજર રાખુ ;
અરજ હમારી એટલી, કુડુ વચન ન ભાખું. વાહારે૦ ૩

અલ્પ આવરદા આજનો, અલ્પ બુદ્ધી હમારી,
આપની જાણી ઉગારજોને, હું છુ દાસી તમારી. વાહારે૦ ૪
ગોઠડી બાંધી બોત્રીદસુ, એમાં જગત શુ જાણે.
મતના બાંધેલ મતીયાં, આપે આપ વખાણે વાહારે૦ ૫
મુરશદ મળ્યા પીર લાલજી, પીયાલો અમૃત પાયો,
નબી મહમદની મેહેરથી, સુલેમાન સમજાયો વાહારે૦ ૬

રાગ-ભૈરવ-પ્રભાત

પીરની સગે મારી પ્રીત બધાણી, કેમ કરીને હવે તુટેરે,
દીલ દરીયા માહે ડહાપણ રાખો, કાળ કદી નવ લુટેરે. ટેક.
સૌ સખી મુજને સતાપે, હરદુ કઠ પેરે ખાળુરે;
પાંચ પચીસનો ઝઘડો ભારે, એ ચોટ કેમ સભાળુરે. પીરની સગે. ૧
આશા તરસણા જયારે ભાગે, સત મળે અવીનાસીરે,
મન મગન થઇ માહાલો મારા વાલા, મટે જમ કેરી ફાસીરે. પીર. ૨
બાલપણામા કાઇ બુદ્ધી નહોતી, જુવાનીમા ફરે માતોરે,
વૃધ થયો ત્યારે વસ્તુ ખોળે, એ સ્વપનાત્તરની વાતોરે. પીર. ૩
ભગવા પેહેરી ભુલા પડીયા, ભ્રાત મનની ન ભાગીરે,
અવગ્યાની પડદો આડો આવે, માટે જોને જાગીરે. પીરની. ૪
શ્યામ સલુણો મારી સેજે આવે, મનને રાખું વાળીરે,
દાસ સુલેમાન દીલમાં દાઝે, ઘાવ લગોહે અબ કારીરે પીરની ૫

રાગ-ભૈરવ-પ્રભાત

સતગુરૂ સમરથ સ્યામ હમારા, કહુ મે બાળક તુમારારે. ટેક.
દીન દુનીકે પીર તુમહો વાલી, હમકુ તુમારી આશારે,
બાજી માડી હે નામ ધણીકી, લે જાઓ સીધા પાસારે. સતગુરૂ ૧.

પાણી પેહેલી જેણે પાળ ન બાંધી, જરૂર ફાટી જાશેરે;
સાન ન સમજ્યા સતગુરૂ કેરી, તે પાછળથી પસ્તાસેરે. સત. ૨
આજ કરો કાલ કોણે દેખી, ચેતવું હોય તો ચેતોરે;
અભાગણીને જ્યારે આણું આવે, ત્યારે આખર થાશે ફજેતોરે.સત ૩
ગાવે સુણે કુચ્છ નહી હોવે, ખાના ખાકર જ્યું સોવેરે;
નીંદ્રાવશ જબ સપના આયા, ઉઠી પરભાતે રોવેરે. સતગુરૂ. ૪
નાણુ ભર નારાયણુ કેરૂ, તે નાણુ નહીં ખુટેરે,
સુરસદ હમારે લાલપીર સાચે, સતની દોર નહીં તુટેરે. સતગુરૂ. ૫
નાહ્ય ધોઇ પરવારી બેઠી, ક્યારે મળે મારા નાથરે,
સુલેમાનને સમજણુ થોડી, પકડો પીર તમે હાથરે. સતગુરૂ. ૬

રાગ પ્રભાત-ભેરવ.

આવો પીરજી મોરે અગમેં, ફુલકી સેજ બીછાઇરે;
ચદની રેન ખુબ ખીલી મગનમે, આનદકી ઘડી આઇરે. ટેક.
મદીર આવો મોહનજી મારા, જોઉ તમારી વાટરે,
અબળાને આધાર તમારો, દીલમા ઘણો ઉચાટરે આવો. ૧
સાગરમા જળ અતી ભરાણુ, પખી પ્યાસો જાયરે,
ચતુર હોય તો ચેતી લેજો, પલમા પોષણુ થાયરે. આવો. ૨
આળસમાં કેમ ઉંઘી રહ્યા છો, માટે જોને જાગીરે,
વદ્રાવનમા રાસ રમતા, મોહન મોરલી વાગીરે. આવો ૩
અલબેલે મને આવી જગાડી, તનની તપત બુજાવીરે;
હરદહાથ મેળાવો કરીને, ગ્યાની ગુજ સુઝાવીરે આવો. ૪
પ્રભાતે પીયુ પોઢી ઉઠયા, દત નહાવણુ કીધુંરે,
ચીંત થકી ચરણામૃત લઇને, સેવકે અમૃત પીધુરે. આવો. ૫
પ્રીત કરીને મારો પાલવ સાહ્યો, અતર આશા ભારીરે,
સુલેમાનપર સુરતા કરીને, પલમા પાર ઉતારીરે. આવો. ૬

રાગ પ્રભાત. આસાવરી.

સોનલા હડુલેરે ગોવાળીયાના હાથમારે રૂપલા ગેડી હરીને હાથ. એ રાગનુંછે.

પરભાતે ઉઠીનેરે પરભાતે ઉઠીનેરે પીરને સમરીયેરે;
આવો, મારા સુંદર સ્યામ શરીર.
ચરણાંમૃત લઇનેરે ચરણામૃત લઇનેરે, આસન બેસાડીયેરે,
વહાલો માહારો બળવત બાવન વીર. ૧
આવો, મહારે મંદીરે આવો મહારે મદીરે, શેવક આશા ભરોરે;
મનમાં મોહન મળવાની આશા.
હેત કરીને આવોરે હેત કરીને આવોરે, વાહાલા મારે આગણેરે,
જપના જપું સાંસ ઉસાસ. ૨
સનમુખ બેસોરે, સનમુખ બેસોરે. સેવકને સુખ ઘણુંરે,
જાય મારો જડામુળથી રોગ.
નિર્મળ કાયારે નીર્મળ કાયારે, કંચનની બનીરે,
ભાવે નહીં ભુડા જગતના ભોગ ૩
બાવળીયાને બાઝીરે, બાવળીયાને બાઝીરે, બંધનમા પડયોરે,
વાહાલા તેને કોણ છોડાવનહાર,
ગુરૂજીની ગુંજોરે ગુરૂજીની ગુજોરે, ઘટ માહી ઘુમસેરે.
તેને નહીં જમ કેરો માર. ૪
મારથી ઉગરીયેરે મારથી ઉગરીયેરે, કોઇ ગુરૂ મળે માલમીરે,
મરમ કોઇ મેહરમનો બતલાય,
સુલેમાન સમજેરે સુલેમાન સમજેરે ગુરૂજીની સાનમારે,
નીત નીત્ય ગુરૂ ચરણુમા નહાય. ૫

રાગ ભેરવ-પ્રભાત

કરમ કરોરે કાયમદીન બાવા, ચીસ્તી ધરાણુ ચોખુરે,
દીલમાં દયા ધરોને મારા બાવા, અવરને નહીં પોખુરે ટેક.

વ્રેહ અગનીએ પીર વ્યાકુળ કીધાં, તલ ભર નહીં ધીરરે,
આવોને મારા અનઘડ સ્વામી, દીલજાની દસ્તગીરરે કરમ. ૧
પતીજ હોય તેને પ્રગટ થઇને, દુઃખ દુર કરી દીધું રે,
નીર્ભય નામની નોબત લઇને, સુખ સાગર તહીં કીધુ રે. કર. ૨
જીવણુ મસ્તાનનો ઝગડો ભાગ્યો, પાદશાહ પુરે પધારીરે,
દરીયા કીનારે આવીને ડેહેરો દીધો, કંઇકના કારજ સુધારીરે. ક. ૩
સાધુનો જ્યારે સંઘ ભરાણો, પાદશાહ પુરમા ભારીરે,
અંતરીક્ષ જ્યારે ઢોલીયો ઝુલ્યો, સર્વે રહયા ઝખ મારીરે. કરમ. ૪
એવું જાણીને મહારી વહારે ચડજો, લાલપીરને હુ જાણુ રે,
બલહારીરે મારા પીરનો પંજો, સુલેમાનનુ એ છે નાણુ રે. કરમ. ૫

રાગ ગરબી.

અરજ સુણો મારા લાલ સુહાગી, અબળાની આરત ભાગીરે,
મારા લાલ સુહાગી
આરત ભાગી ને ઝગકીરે જાગી, અમે મડળ તાળી લાગીરે.
મારા લાલ સુહાગી. ૧
તાળી લાગી ને ત્રીભોવન દીઠા, મળતા લાગે માવો મીઠારે, મારા. ૨
માવો મીઠા માહારૂ ભવદુખ ભાગે, મોહી હુ વાસળડીને રાગેરે, મારા. ૩
રાગ સુણીને વનવગડેરે હાલી, બાળક સુમ્યા વીસારીરે, મારા લાલ. ૪
વીસારી બેઠી તો બાવોજી આવ્યા, તેનો મારે મન ભાવ્યારે, મારા. ૫
ભાવથી ભાવ્યા ને હરખે વધાવ્યા, તનના તાપ સમાવ્યારે, મારા ૬
તાપ સમ્યા તે દી સંતોષ પામી, નવ રહી ખાપણુ ને ખામીરે, મારા. ૭
ખામી મટી લાલ પ્રગટ થાશે, હરખે સુલેમાન ગાશેરે, મારા. ૮

રાગ ધોળ

તુંતો ચેત અભાગી જીવરે, અવસર આવો નહી મળે, એ રાગ.
મુજ અપરાધીનો આધારરે, બાલમ કેણે ઓળવ્યા, ટેક.
સખી આંખે આંસુરે મારે ઉલટયાં; મારે હૈયે તે હોળી હોમાયરે, બાલમ.
સખી વચન દીધેલા સાભરે, જેમ જળ વીના પોયણુ સુકાયરેઃ બા ૧
સખી પરગટ થઇને પડદે થયા, પીર રહેજો અવીચળ રાજરે, બાલમ.
સખી રેન સુનીરે ચંદ્ર વીના, એમ જળવીના સરોવર શા કાજ, બા. ૨
સખી પંથ દુરને વાટ દોહેલી, ભેદુ વીના તે કહાં ભટકાયરે, બાલમ.
સખી વરસ્યા કાળની આભલી, પાસે દીસે પણ દુર દેખાયરે, બા. ૩
સખી બુદ્ધીનો બગડેલો મૃગલો, ભીતર ઉઠે કસ્તુરીની ધાણુરે; બાલમ.
સખી વાસના લેવાને વન ચડયો, એતે ખોઇને બેઠો પ્રાણરે. બા. ૪
સખી સમજણવાલાને સુખછે, એ પેલો અણસમજુ અળગો અથડાયરે, બા.
ગુરૂજી સનમુખ આવો મારા સાહેબા, એક પળ તે વરસની થાયરે, બા. ૫
પીર સેવક આવ્યો આગણે, આપ વીના તે અતર ઉચાટરે, બાલમ.
સખી સુલેમાનની રાડ સાભળો, નીશદીન કરેછે બુમાટરે, બાલમ. ૬

રાગ ધોળ

તુ તો ચેત અભાગી જીવરે, અવસર આવો નહી મળે. એ રાગ.
મારે મનરે આનદ વરતાયરે, વરઘોડો મારા લાલનો. ટેક
સખી ઓહળી મડપ રચ્યો બારણે, મરવે સાહેલી મગળ ગાયરે, વર. ૧
સખી શોભા શી વર્ણવુ નાથની, એતો મુખથી કહી નવ જાયરે. વર. ૨
સખી અનહદ વાજારે વાગીયા, માહી ઉઠે છત્રીસ નાદરે. વર. ૩
સખી ભાવઠ ભાગીરે ભુધરે, હુ તો વીસ્મય થઇ સુણી નાદરે. વર. ૪
સખી ચોરી ચીતરી ચારે જુગની, માહે ગ્યાન ગુજરડા વીહારરે. વર. ૫
સખી વિવેક વિચાર વકીલ છે, ભેટી અખડ વર નીરધારરે. વર. ૬

સખી ગુરૂજી આવીને ઘટ વસ્યા, ત્યારે પીયુજી પરગટ દેખાયરે. વર. ૭
સખી લાલન પીરની મેહેરથી, હરખ ભરી સુલેમાન ગાયરે. વર. ૮

રાગ ધોળ.

સાચી સમજણુરે બુદ્ધીને ખોટેરી લાગે. એ રાગ

આજ સખીરે પીર પરગટ દીઠા,લાલપીર લાગે છે મીઠા હો સજની આજ. ટેક
જયારે જોઉં ત્યાં ભરપુર સમાયા,અંતરથી અળગા નવ થાય હો સજની આ.
જેને શીર પીર તે નર પુરણ કમાયા, અખુટ ભંડાર ભરાય હો સજની. આ ૧
પાલવ સાહી વહાલે પ્રીત લગાડી, તન મન ધન લુટી લીધા હો સજની. આ.
શબ્દ ગુરૂનો આવી સુરતા જગાડી, હેતે અમીરસ પીધાં હો સજની આ. ૨
ધન ભાએગ પીર જે સેવક તમારો, સમરણ સાનમાં લગાડો હો સજની. આ.
અપરાધ હોય વાહાલા પુરણ હમારો. દયા દ્રષ્ટીથી ઉગારો હો સજની. આ.૩
સુરતી સાહેલી પીરનુ સમરણ કરે છે, ધુનમાં ધ્યાન લગાવી હો સજની. આ.
લાલનુ ધ્યાન સુલેમાન ધરે છે, સેવકને દીધો જગાવી હો સજની. આ. ૪

રાગ ધોળ.

જાદવરાય પરણે રૂક્ષમણીરે—એ રાગ.

જીરે પ્રથમ નમુરે ગુરૂ શ્યામનેરે, જેણે દીધોરે અંતર ઉપદેશ.
નોબત વાગે નામનારે. ટેક.
જીરે નયણે નીરખાવ્યા નીજ ધામનેરે, પછી અવન ગવન નહી લેશ. નો. ૧
સખી પુર્વે જનમની લાગી પ્રીતડીરે, આવી મળીરે આ ભવનીરે માહી. નો.
જીરે ગુરૂને ભજવાની બાઇ આ ઘડીરે, તુ તો ચેતરે અભાગીરે આંહી. નો. ૨
જીરે વરરાજાના વાજા વાગે સુરનારે, કોઈ પરતવંતા સુણે અવાજ. નો.
જીરે જેને મળે સતગુરૂ પુરનારે, બાઇ સર્યા છે સત્રળારે કાજ. નો. ૩
જીરે ભરમે ભુલ્યા મોટા મુની જતીરે, એતો હાથે ભરીયો શીરપર ભાર. નો.
બાઈ ગુરૂને ભજયા વિના કોણ ગતીરે, તમો સંત સુણોરે પોકાર. નો. ૪

જીરે વારીરે પીર લાલનેરે, જેણે ગ્યાનની બતાવીરે ગુજ. નો.
જીરે સુધ કીધી સુલેમાનની ચાલનેરે, મુજ ગરીબને નોતીરે સુજ. નો. ૫

રાગ ધોળ.

લાગ્યો મારે નટવરસુ નેડોરે. એ રાગ.

લાલપીર આવીને ઘટ વસીયારે, દુરીજન દેખીને દુર ખસીયારે. ટેક.
અંતર આવી આનંદ વ્હાલે કીધોરે, આજ મારા મનનો મનોરથ સીધ્યોરે રે;
બાઈ મેતો અજર પીયાલો પીધોરે લાલપીર આવીને. ૧
વાહાલે મારે વેંણુ વગાડીછે વનમારે, શબ્દ આવીને અડયો મારા તનમાંરે;
બાઇ હુંતો મગન થઇ મારા મનમાંરે. લાલપીર૦ ૨
મોહી હુંતો વાજીત્રને તાલેરે, બાઇ મને મેહેર કરીછે પીરલાલેરે;
પાંચ પચીસનું જોર ન ચાલેરે. લાલપીર૦ ૩
શી મતલબ મારે કોઇ સાથેરે, સમરથ પીરછે માહારે માથેરે;
હેત કરીને ઝાલી છે મુજને હાથેરે. લાલપીર૦ ૪
સુલેમાને સમરણુ કીધું છે એવુરે, લાલપીરે ગ્યાન દીધુ છે તેવુરે;
સમજીને આપસઆપસમા રહેવુરે. લાલપીર૦ ૫

રાગ ધોળ.

મારે મદીર પધારોરે માવજી—એ રાગ.

મારે કચન વરસ્યો મેહ, મારા પીર પધારે મારે ઓરડે ટેક
બાઇ મગન થયુરે મન માહેરૂ, ઉગ્યો સરદ પુનમનો ચદ. મારા પીર પધારો;
જીરે સાધન કીધાં મે સુલટા, મોહ માયાનો તોડયો ફદ. મા. ૧
હું તો પલંગ ઢાળુરે પ્રેમનો, વાલા સેજ તળાઇ સંગાત, મારા.
મેતો અગના ઉલીકારે આપીઆ, માહી ફુલ્લ બીછાવું ભલી ભાત. મા. ૨
હું તો વાટ જોઉરે મારા વાલમા, જેમ બપૈયો ચાહે નીર. મારા
સખી સુરતા ગઇરે જ્યારે સુનમા, ત્યારે સુધ થયુરે શરીર. મારા. ૩

જ્યારે સપનુ લાધ્યુ રે સેજમા, જાણે સનમુખ બેઠા પાસ. મારા
વાહાલે સુતેલો સેવક જગાવીયો, સુખ પામે સુલેમાન દાસ. મારા ૪

રાગ રેખતો.

પીર મેરે મનસુ ભાવે, દુજા મેરે ચંત નહીં આવે. ટેક
મુખ દેખ હુઇ મસતાની, અરજ મેરી સુણ દીલજાની,
જગત સબ જુઠકી યારી, પલમા કર દે ખુવારી. ૧
ગુરૂકા બચન પકડે કોઇ, ઉસકી અમર દેઇ હોઇ,
બચનમે ખાલી જે જાવે, આખર ચોરાશી પાવે. ૨
પુરાની શાસતરી કાજી, ગુરૂ બીના બીગડ ગઇ બાજી,
સચ્ચે ગુરૂકા ચેલા, ચોસર પીયા સંગ ખેલા. ૩
જે કોઇ ઇસ ઘરકુ ભુલા, ઉસકા અગમ ઘર ખુલા,
મંજલ ચલના ભારી, જલદી કર લો તૈયારી.
લાલપીરે મેહેર જબ કીની, બુટી પ્રેમકી દીની,
સુલેમાન રેખતા કહેવે, પીરકે ચરનમે રહેવે.

રાગ રેખતો

શબદકી ચોટ જીસે લાગી, ઉસકી ભરમના ભાગી,
સંત કોઇ મનજેકા સુરા, ઘટમે બજતા તંબુરા. ટેક-
સખાવત ઉમિ ઘરકી ચલાવે, ઉસકુ વે ઘર નહી પાવે,
કુચી મુરશદકી બુજી, ગોકન ભાગ ગઇ દુજી. ૧
શીખરગઢ જે કોઇ ચડ જાવે, તરવેણી નાપ સમાવે;
બંકનાલ બેઠકકી બારી, કુવારે ઉડતે જારી ૨
શબદપર મેખ જબ મારી, ઉતર ગએ પલકમા પારી;
જાકર વનનમે બેઠા, નીરંજન નાથકુ ભેટા. ૩

પ્યારા પરગટ જો આવે, બેઠા ઘટ મંગલ ગાવે;
પીર લાલનકી લગી યારી, સુલેમાન સુરત-રખે જારી. ૪

રાગ હોરી બસંત.

પીર મોરૈ અંગનેમૈં આયે હજુર, લાલન મોરે અંગનેમે આયે હજુર;
દરદ મેરા દુર હુવા, મોરે અંગનેમે આયે હજુર. ટેક.
ચુનચુન કલીયાં સેજ બીછાઇ, મોરે પ્યારે ખુશી બની ભરપુર, દરદમેરા;મોરૈ
ચંદની રેન ખુબ બનીહે, મેને મેરે પીરકા દેખા જહુર; દરદ; મોરે. ૨
પ્રીત કી જબ પાર ઉતરો, મત જાઓ પીયા દુર, દરદ, મોરે. ૩
હમસે પીયા તુમ બીછરોગે. દીલમે ભરૂ ઝુર ઝુર, દરદ; મોરે ૪
જબરે દેખુ મેરા મનવા મગનહે, જેમો દરીયાકો પુર, દરદ, મોરે. ૫
કલમા પડેસે કુફર સબ જાવે, અબ કયુ હોતે મગરૂર, દરદ, મોરે. ૬
સુલેમાનપર સુરત લગાઇ, સુન બીચ ઉગા સુર, દરદ; મોરે. ૭

રાગ હોરી બસત.

મુરશદ મુજે ભુલેકુ રાહ બતલાઇ, ચરણુ મે તો આઇ તુમારે, ભુલેકુ, ટેક.
ભુલી ભટકી ઈસ જગતમા, પીર અબ જલદી ઝગડા મીટાઇ,
ચરણુમે આઇ તુમારે, ભુલેકુ રાહ બતલાઇ. ૧
ઇસ નગરમે દુઇ દુસમન હે, સત શમશેરસે હટાઇ, ચરણુમે. ભુલેકુ. ૨
લાલન મુજે સેહ તુમારી, પીર મુજે પલમે ગગન ચડાઇ,ચરણુમે ભુલેકું. ૩
ગ્યાની કે ઘટમે ગુરૂજી બસતહે, જબ મનકી મુરાદા પાઇ,ચરણુમે ભુલેકુ ૪
બીના ગુરૂસે ગ્યાન કયોગે, શીરપર બોજ ઉઠાઇ, ચરણુમે ભુલેકું. ૫
સુલેમાનકી અરજી બનીહે, મોજ પીરકી પાઇ, ચરણુમેં ભુલેકું. ૬

રાગ રેવેણી.

સુનો સુનો નરગધા ગુમારાજી, બીના મુરશદ કેસે ઉતરોગે પારાજી. ટેક

તન કેરા તકીયા બીછાવો ગુરૂ આગેજી, નીરંજન નીશાંન ઘટમાં જાગેજી. ૧
મન કેરી માળા કર માંહે પકડોજી, જુઠી માયાકો તેરો ફુરેકો લકડોજી. ૨
ગુરૂ હમારા બાળા ભોળાજી, સાફ કીયા કાયા નગરીકા ચોલાજી. ૩
તન કર તોપ દારૂ કર દમકાજી, મુરશદ જાંમગરીસે હુવા બડા ભમકાજી. ૪
પીરગીસી ફોજ બસે ઘટ માંહીજી, તરકસ તીરસે લડોને મેરે ભાઇજી. ૫
લડતે લડતે લંકા ગઢ લીનાજી, મુરશદ કામીલસેં અમીરસ પીનાજી. ૬
ગુરૂ હમારા લાલપીર સાચાજી, ગરીબ સુલેમાનને દીજો પીર વાચાજી. ૭

દ્રુવીજય છંદ.

અરે દીલ જાની દેવ, સાચે મને કીધી સેવ;
દરશન દો તતખેવ, રીઝું મારા મનમા. ૧
પુરણ પ્યારા આપ છો, જોતાં ખરી ખાપ છો,
શીરછત્ર મુજ બાપ છો ઘણું દુખ છે આ તનમા. ૨
રીઝું આપના રંગમાં, સદા રાખો ઉમંગમા,
વળગી રહયો હું સંગમાં, દયાળ દીના નાથજી. ૩
નીરગુણ તમારૂ નામ છે, રૂડું તમારૂ ધામ છે,
તમ સાથે મારે કામ છે, સુલેમાનનો ગ્રહો હાથજી. ૪

રાગ ગોડી સંધ્યા વખતે ગાવાનો.

પીરનો પરછો પાયો, બાઈ મે તો પીરનો પરછો પાયો ટેક.
મેહેર કરીને આ મંદીર સધારો, મેહેરે તો રંગ ચડેરે સવાયો. બાઇ.૧
પ્રીત કરીને પ્રેમ ઘર દીધું, પ્રીત રાહ મારગ બતાયો બાઇ ૨
મોઠ કરીને ગીનાન બનાવ્યુ, સબ્દે સેવકને જગાયો. બાઇ ૩
અંતરથી જ્યારે આનંદ વાધ્યો, કામ કરોધ હટાયો બાઇ. ૪
વરતી બંધાણી વીઠલ વર સાથે, બેડો પાર લેજાયો. બાઇ. ૫

અમરૂ સ્વામી સંધ્યા પહેલા, પ્રીતે પાલવ સાહાયો. બાઇ. ૬
વીપત વેળાના બેલી છો વાલા, નીશાન જોત સમાયો. બાઇ. ૭
સુલેમનને પીર ધ્યાન તમારૂં, સેવક કરી પઠાયો બાઇ. ૮

રાગ ગોડી

વહેલા આવોને ગીરધારી લાલપીર વહેલા આવોને ગીરધારી. ટેક.
સંધ્યા કાળનું સમરણ કરવું, અંતર આશા ભારી. લાલપીર ૧
આરતી કરૂં મારા અંતરજામી, પરગટ જોત પરજારી લાલપીર ૨
જબરે પીયાજી આયે અંગનમે, સુંદર સેજ સમારી. લાલપીર ૩
સુન મેહેલમા મગ્દંગ બાજે, ધુમ મચે તહા સારી. લાલપીર ૪
ભાવ લગે જબ ઘટ ઉજીયાલા, હો જાવે પારંભપારી લાલપીર ૫
ઘનનન ઘનનન ઘોર ઉઠતહે, વાગી પ્રેમ કટારી. લાલપીર ૬
પ્રીત બધાણી વીઠુલવર સાથે લાગી કલેજે ચણુગારી લાલપીર ૭
સુલેમાનને સેજ બીછાઇ, ફુલ ખીલેહે હજારી. લાલપીર ૮

રાગ મારૂ.

ઓખાહરણનુ કડવુ છે, મારા સ્વામી ચતુરસુજાણ,
બાણાદળ આવ્યુંરે જાદવજી. એ રાગનુ છે

સખી સપરમો છે દીન, ગુરૂદુવારે આજરે લાલનજી,
હુતો તમ ચરણેરે આધીન, સરે મારૂ કાજરે લાલનજી. ૧
વહાલા છોજી ચતુરસુજાણ, પાપી પાછી પડીયારે લાલનજી
જેનો પરવશ પડીયેલો પ્રાણ, અજાણે આથડીયારે. લાલનજી ૨
મારી આતમનારે આધાર, અંતર માહે વસીયારે. લાલનજી.
એવો રંકનો સુણી પોકાર, આવીનેરે ધસીયારે લાલનજી ૩
સ્વામી વચન જો મીથ્યા થાય, બ્રહ્માંડ ટુટી જાશેરે. લાલનજી.
મને વાતડીએ ન સુહાય, શી ગત હવે થાશેરે. લાલનજી ૪

સતો તરવેણીનો ઘાટ, જમુનાજીનો આરોરે. લાલનજી.
એતો નસમી ઘણી છે વાટ, ખેલ છે ન્યારોરે. લાલનજી. ૫
મારા નેણમાં નીશા ન સમાય, ચોટ કેમ ચુકેરે. લાલનજી.
મારૂ ભુતેલ મન ભરમાય, કેડો નવ મુકેરે. લાલનજી. ૬
વાહાલા તન મન ધનથી અપાર, મીડેરાને લાગોરે. લાલનજી.
મારી બેડલીના તારણહાર, સુતેલાને જાગોરે લાલનજી. ૭
એક અનઘડ બાવો અતીત, મઢી માંહે રહેછેરે.
પીર મુજને તમારી પતીત, સુલેમાન કહેછેરે. લાલનજી ૮

રાગ ધનાશ્રી.

વારૂ મારા વીરારે, સંગ ન કરવો નીચનોરેજી. એ રાગ.

લગનીને લાગીરે મુરશદ લાલનીરેજી,
જેથી મારા અતરમા થયોરે આરામ લગનીને ટેક.
પરથમ કહુરે સખી વાત પ્રેમનીરેજી, હેત કરીને કહુછુ વારવાર,
ઘાવને લાગેરે ગુરૂજીના ગ્યાનનોરેજી,
ભીતર ભેદી નીકળે આરંમપાર. લગનીને૦ ૧
પુરા ગુરૂ પામીરે કરણી પેલા ભવ તણીરેજી,
પામર જનને દીધો પ્રેમ પરસાદ,
ભીતરના ભડકારે ગુરૂએ બુજાવીયારેજી,
શીતળ ગુણનો વરસાવ્યો વરસાદ લગનીને૦ ૨
વણજ કરવા આવ્યારે વેહેપારી વાણીયારેજી,
કંચન મેલી વોહોર્યુ છે કાચકથીર,
ખોળીને જોતારે ખાતામા ખોટ ઘણીરેજી,
પછી એના પાઉમા પડેરે જંજીર. લગનીને૦ ૩

સતગુરૂની સેવારે કરજો મારા ભાઇઓરેજી,
જેથી તારા દીલનો જાશેરે દાગ.
સીધેને મારગરે સુલેમાન હાલજોરે;
ન સમજે તો ઉનકો બડોરે અભાગ. લગનીને૰ ૪

રાગ બેહાગ

કોઇ પીયો પીયાલા હે પ્રેમ રસકા, ચલો જાનકે નીરરે કોઇપીયો, એ ગગ.
કોઇ મીલે વીદેમી જનરે, પીયા લલનકી ખબરહે લાવના; કોઇ મીલે. ટેક.
અવધ કરકે ગયે પરદેશે, મજલ પડી અબ દુર;
ચેતનવાળા ચેન ગયા, ગાફલ પડે હે ચકમા ચુરહે; પીયા મીલ૰ ૧
અબળારે ઉપર આફત આવી, કોણ ભાખે મારી ભુખ.
સંદેસો સાભળ માગ વાલા, કે દીને થાશે સુખરે. પીયા મીલ૰ ૨
ગુણ તમારા ગભીર વાલા, ઓછી હમારી જાત.
હુ મટે તુહી પગ્ગટ થાસે, થયો ઉદય ને ગઇ રાતરે. પીયા મીલ૰ ૩
મનડું હમારૂ મગન ભનુયે, જેવો વડ ગભીર,
તન મન ધન ધરૂ ગુરૂ આગે, સમરથ લાલન પીરહે પાયા૰ ૪
તુમ હો દાતા ને હમ ભીખારી, કરીએ તુમારી આસ,
દુરબળ જાણીને દયાજ ગમો, ગાવે સુનેમાન દાસરે. પીયા૰ ૫

રાગ બેહાગ.

ચલના હે ચોધાગરે, પથ પ્રીતમ પીયાગઢે દુરહે, ભાઇ ચલનાહે, ટેક.
બાળોરે ભોળા મારો નાવલોરે, લાવો મનાની ઘેર,
સાન કરી વાલાને સમજાવુ, થાશે લીલા લેહેરરે. પથ પ્રીતમ ૧
ગામ ગરાસ મારે ગોવીંદ તુ છે, ભાગો મારી ભીડ;
પરગટ થઇને પરછો દીજો વાલા, નથી રેહેવાની પીડરે. પથ પ્રીતમ. ૨

નીરગુણુ નામ નીરંજન વહાલા, બુજે બુજાવનહાર,
ચોરી કરીને જ્યારે ચોટે બેશે, તેને કોણુ કહે સાહુકારરે પંથ પ્રીતમ. ૩
નાથ વીનાની નારી જે હોશે, વા વંટાળે જાય,
ધણી વીના ધારણુ કોણુ દેશે, જલ બીના મીન તલપાયરે. પંથ. ૪
લાલપીર મે પરગટ દીઠા, અતી થયોરે ઉમગ,
સુલેમાનને સણુજણુ નહોતી, ગુરૂ મીલેથી ચડયો રંગરે. પંથ. ૫

રાગ બેહાગ.

મેરે હીરદેમે હજરત પીરરે, મુજ દરદીકો દાગ હે દુર કરો, ટેક.
નાવ હમારી હલમલેરે, જાવું પીયાની પાસ,
મધ્ય દરીયા માહી ડોલવા લાગી, છેક થઇ નીરાસહો. મુજ દરદી. ૧
સોધતા મારી શુધ ગઇરે, બાવોજી બેઠા બેટ,
હજુરી હુકમ પીર હજરતકા, પલમા પોચાવે ડેઠરે મુજ. ૨
હરદમ જપના પીર તુમારી, રાખુ ધારણુ ધીર,
અત વેળા આવીને ઉગારો, બળહદ બાવન વીરગે. મુજ. ૩
બુગદાદ બેલી બધ છોડાવો, અરણુવ દુખ અપાર,
આપ બીના અવર નહી દુજો, કોણુ નીભાવનહારગે. મુજ. ૪
આધીન થઇને અરજ કરૂ છુ, લખી કર કર બહાય,
સુલેમાનને સમજણ દીધી, એ સબ તુમારી છાયરે મુજ. ૫

રાગ બેહાગ

પીયા કીન સગ રહો છુપાઇગે, સખી સબ મીલ ઢુંઢન જાઇગે, પીયા, ટેક.
વરણાગીયોરે વાહાલો વસમો ઘણેરો, ને અલબેલો અવળો જોય.
ગીરધારી મને ઘેલી કરીને, સનમુખ રહ્યા સમાઇગે સખી સબ. ૧
નાભી કમલમાં નૃત્ય કરેછે, કેવુ મચ્યું ગુલતાન,
તરવેણીમાં ટકશાળ પડેછે, નુરતસુરતસે પીછાનેરે. સખી સબ. ૨

એવી ગર્જના ઘટ માંહે બોલે, સમજે કોઇ સત સુજાણુ;
મરજીવાને ઘેર મેહેરમ બોલે, ભીતર વાગે બાણુરે. સખી સબ. ૩
પ્રીત કરીને વહાલે પરવશ કીધાં, નહી ઘટે નંદલાલ;
જુવો વીચારી વીઠલ વનમાળી, કોણ કરે સંભાળરે. સખી સબ. ૪
કાયમદીન પીર પર મેં બલહારી, મીલાઇ દીયે ગુરૂલાલ;
સુલેમાન સેવકનો સ્વામી, દરદ દીયો સબી ટાલરે. સખી સબ. ૫

પીરાનપીરનુ કીરતન રાગ

અનગઢ નોબત વાગે પીરાનપીર, અનહદ નોબત વાગે મેરે દાતા, હુતો
બલીહારી તમો ધીંગા ધણીને. ટેક.
અવગ્યાંનીરે પીર ગ્યાન બતાવો, તનના તાપ સમાવોરેજી,
તમને ભજે તેનો ધન અવતાર, પીર તમને; મારી બેડલી પાર લે જાઓ
મેરે દાતા, હુ તો બલહારી તમો ધીંગા ધણીને. ૧
પીરાનપીર તુમ બડે ઓલીયા, દીલ ખુદાકે પ્યારેરેજી,
મેરે હીરદેમા હરદમ ખેલો, પીર મેરે, પીર ચડો ગરીબની વારે મેરે દાતા,
હુ તો બલહારી તમો ધીંગા ધણીને. ૨
આધળાને પીર આખો આલે, વાઝીયાને પારણે ઝુલાઇરેજી;
સોદાગરની લડકી સંભાળે, પીર સોદા, તો જલમે નાવ તરાઇ મેરે દાતા,
હું તો બલહારી તમો ધીંગા ધણીને. ૩
સાચી સમશેર પીર તુમારી, ચોદશ ફીરની દુહાઇરેજી,
પરદુખભંજન આપ ધણી છો, પીર પરદુખ, દુખ વેળા ચઢઆઇ મેરે દાતા;
હુ તો બલહારી તમો ધીંગા ધણીને. ૪
જીસકે સીરપર આપ ધણી, પીર ઊનકુ કાયકી ઉદાસીરે,
સુલેમાન પીર સેવક તુમારો, સુલેમાન, કાટો જમ કેરી ફાસી મેરે દાતા;
હું તો બલહારી તમો ધીંગા ધણીને. ૫

રાગ સારંગ.

અલેક ધણીને તમો નીરખોરે, સૈંામા આપ બોલે મરખોજી. ટેક
મહાસુનના માલમી મેરાજી, સતગુરૂ શબ્દથી તે પરખોરે. સૌમાં. આ. ૧
નીરાકારકી એ મુરત ન્યારીજી, તેને ખોજીને તમે હરખોરે, સૌમાં આપ. ૨
બાંધ દમની દોરી સાથે મનનો મણકોજી, ત્યારે તાર બાજે જંતરકો. સૌમાં; ૩
તારા ચીતમાં ચતુર થઇને તું તો ચાલેજી, પણ તે મેલ નધોયો અંતકોરે સૌમાં. ૪
પીર પ્રતાપેરક સુલેમાનગાવેજી, ગુરૂથીસુતર ફરે મારોચરખોરે. સૌમાઆપ ૫

રાગ સારંગ.

ચેતોને ભાઇ સવેરારે, ખાલીં નહી હોવે ફોગટ ફેરાજી. ટેક.
કાચી કાયા તારી જુઠી માયાજી, જાતા નહી લાગે દેરારે, ખાલી નહી. ૧
તને સામી સનમુખ ત્રીકમ તેડેજી, વહા બહોત હોવેગા અંધેરારે. ખાલી. ૨
મનમા જાણે મહારે અખંડ રહેવુજી, આખર જંગલ ડેહેરારે. ખાલી. ૩
તારે જાવુ જરૂર વાટ વસમીજી, જાલમ જમડે ઘેરારે. ખાલી. ૪
માતપીતા તેરા કુટુંબ સારાજી, અંતે નહી કોઇ તેરારે. ખાલી. ૫
રક સુલેમાનને શુ સતાપોજી, કચ્યા દીલહે મેરારે. ખાલી. ૬

રાગ થાલ.

અગરચંદની આરતી મારા વાલારે એ રાગ

આજ દીવાળીનો દીન છે, સ્વામી મારારે,
પધારો સેવકને ઘેર, લાલન પ્યારારે ટેક
સુવર્ણ ઝારી ઝાલતી, સ્વામી મારારે,
માહી ગંગા જમનાનુ નીર, લાનન પ્યારારે
ચરણ ધોઇ ચરણામૃત લઉં, સ્વામી મારારે,
મારૂ શુદ્ધ થાય શરીર, લાલન પ્યારારે

અતરાસા ખાના થાળમાં, સ્વામી; માંહે ન્યારાં ન્યારા પકવાન; લાલન.
ભાત રાધુ કમોદનો સ્વામી મારારે, ઉપર ખોબલે પીરસુ ખાંડ,લાલન પ્યારારે. ૨
શાક કરૂ ભલી ભાતના, સ્વામી; તીખાં તંનમંન મીઠા થાય, લાલન.
કંસાર શીરો ને વેઢમી; સ્વામી; માહી ખાજાં જલેબી ખવાય, લાલન. ૩
સેવક ઢોળે વાવલા, સ્વામી, તમે હેતે જમજો સ્વામી, લાલન.
જમી કરીને સતોકજો, સ્વામી; મારા દીલમાં થાય આરામ. લાલન. ૪
ભોજન કરાવુ ભાવથી, સ્વામી; મારે હૈયે હરખ અપાર, લાલન.
સફળ જનમ મારો થશે, સ્વામી, જો પીર પધારે દ્વાર, લાલન. ૫
નીર્મળ નજરથી નીરખજો, સ્વામી, એવુ ભોજન કરજો કબુલ. લાલન.
ઓછુ અદકું ન જાણશો, સ્વામી, સુલેમાનની ભાગો ભુલ, લાલન. ૬

રાગ કલીંગડો

ગુરૂ પીરે ગ્યાન દીધુરે, અતર ચીનો, લાલસે લગન કીધુરે રંગનો
ભીનોરેજી, ટેક

પ્રથમ પ્રીત કીધી, અમુલખ વસ્તુ દીધી,
આનંદે ઊરમા લીધીરે, છતમા છીનો, ગુરૂ પીરે ગ્યાન. ૧
પોબારે પડેલા કાચા, લાલપીરે કીધા સાચા;
રંકને દીધી વાચારે, પરગટ કીનો, ગુરૂ પીરે ગ્યાન. ૨
ગરથમા તું થયો ઘેલો, ચેતની પ્રથમ પહેલો,
અવસર આવ્યો છેલો રે. અમૃત પીનો, ગુરૂ પીરે ગ્યાન. ૩
દુર્જનથી દુર ખસીયા, હરીજન હાજર વસીયા,
વીસવાસે આવી ફસીયારે. લગન લીનો, ગુરૂ પીરે ગ્યાન. ૪
ફોગટનો ફરીઓ ફેરો, માથે ભરીયો વેઠ વેરો
જમ દુતે આવી ઘેર્યોરે, હજુ ન ભીનો, ગુરૂપીરે, ૫

સુલેમાન સાચું કહે છે, પીરને ચરણે રહે છે,
સંસારીનું મેણું સહે છે, રે દાસ હરીનો. ગુરૂપીરે; ૬

રાગ કાલીંગડો.

ગુરૂપીરે ગ્યાન દીધુરે અંતર ચીનો, લાલનસે લગન કીધું. એ રાગનુ છે
પ્રગટ પડદે રહી બોલેરે, કોણ છે એવો;
મસ્તાનો થઇને કેમ ડોલેરે, ભેદજ લેવો રેજી. ટેક.
દુનીયા દીવાની થઈ છે, પાખંડે મોહી રહી છે,
વૃધાપણુમા શુધ ગઇ છેરે, દોષ ન દેવો, પ્રગટ, ૧
આપ બળે ઉંધુ વાળે, છુટે નહીં તું કમી કાળે,
બળે છે અગ્નીની ઝાળેરે, ઉગરે કેવો, પ્રગટ ૨
સુખ દુખ આપ સહેવુ, મનમા સમજીને રહેવુ,
મળી જાવુ નીર જેવુરે, ખેલ છે તેવો, પ્રગટ. ૩
ફોગટ તુ ફુલી સુવો, જરૂર વીચારી જુવો,
આવેલી વસ્તુ શીદ ખુવોરે, મીઠો છે મેવો, પ્રગટ ૪
મારગ લાલપીરે દીધો, શબ્દ સુલેમાને કીધો,
પીયાલો સેવકે પીધોરે, અમૃત જેવો, પ્રગટ. ૫

રાગ મલાર

એક પલમા દરશન પાયોરે, મેરી સુરતે આન સમાયો, ટેક
એતે દીનમે ભુલી ભટકી, એતે દીન, મીરપર બોજ ઉઠાયોરે, મેરી. ૧
કોલ કરકે કથ સીધારે, કોલ, પરગટ જોત જગાયોરે, મેરી ૨
પીર હમકુ પરગટ પાયે, લાગ લાલનકો લગાયોરે. મેરી. ૩
પ્રીતમ મુજકુ ગલે લગાઇ, હરખ ભની હરખાયોરે, મેરી. ૪
જબકે પીયાજી આયે અગનને, આજ આનંદ વરતાયોરે, મેરી. ૫
પીર મુરશદને પંથ બતાયા, સુલેમાને જશ ગાયોરે, મેરી. ૬

રાગ ભજન.

આલ્લાજી હુ તો પરણી મારા પ્રેમની સંગાતરે, બીજાનાં મીંઢળ નહી બાંધુ. એરાગ.

બાલમજી મારાં ઉગ્રડયાં ઘટનાં કમાડરે, ગુરૂજીના ગ્યાનથી. ટેક.
સરવે દરવાજાની સફર કરીને રેહાં રેહાં, પોતે બેઠારે નીરધાર,
મોર મુગટ શીરછત્ર બીરાજે, એવો દીઠો ભરથારરે. ગુરૂજીના. ૧
સમજ દીધી વાલે સાન બતાવી હા રે હા, પીર તણોરે પરતાપ.
કાળીંગાને કતલ કરીને, દીધી અવીચળ છાપરે. ગુરૂજીના. ૨
ઇલમ પઢે ને અહંકાર ઘણેરો હા રે હા, અરો પરોરે અથડાય:
પરમાર્ગથનો ભેદ ન જાણે, ઠગી પસુને ખાયરે. ગુરૂજીના. ૩
પ્રથમ અપના આપા ખોવે હા રે હા, પીછે ઓરનકુ ધાય,
બલહારી એસે પુરૂષકી, પલમા પાર લે જાયરે ગુરૂજીના ૪
ખુદીપણા ખંજરસે કાટા હારે હા, પીર મીલે જબી લાલ,
સુલેમાન કહે મેહેર ગુરૂકી, બાંકા ન હોવે બાલરે. ગુરૂજીના. ૫

ઉપલાજ રાગનુ ભજન.

સૈયર આજ વગડામા કીધો વીસામરે, વાલોજી આવ્યા વાડીએ. ટેક.
અંદર આવી વાહાલે સોર મચાવ્યો હારેહા, માલી જગાડયો તરત,
ભુંડણીયો તે ભડકી ભાગી, કપટનુ ભાગ્યુ છે વરતરે વાલોજી ૧
સુકા કાષ્ટને વહાલે હરીયાલી કીધા હારેહા, પખી બોલ્યારે નરનાર,
કગવો તો કગાલ થયો ને, હંસ થયો સરદારરે. વાલોજી ૨
પ્રતીવ્રતા પીયુની અરજ કરે છે હારેહા, આખે આસુની ધાર,
હરજી મારે હાથ ચડયા છો, હવે નહીં જાવા દેઉં બાહારરે, વાલોજી ૩
લાલપીરે આવીને વાડી સુધારી હારેહા, આઇ ફુલનમે બાસ,
બલહારી એ પીર મુરશદને, ગાવે સુલેમાન દાસરે. વાલોજી ૪

રાગ સોરઠ.

સુલેમાનને વીપત વેળાએ, સહાય કરી ગુરૂએ અંતરીયાર પાણી મેળવ્યું તેજ વખતનું.

એવા તન મન ધનથી બહુ વાહાલારે, પીર તણોરે આધીન છું. ટેક
પ્રથમ દીધુરે ધણીએ પારખુ, પશુની પીડા તો જાણીરે,
વનવગડામા વીપત પડી, આપ્યુ અધવચ પાણીરે. પીર તણોરે. ૧
જે જે વેળાએ જખું નાથને, હાજર આવે હજુરીરે,
કષ્ટ પરાયા કાપીને, પુરણ આશા જો પુરીરે. પીર તણોરે. ૨
માહારો વહાલો થયારે વેહેવારીયા, વાણોતર મુજને થાપ્યોરે,
હુડી લખાવે હજુરની, પોતાનો કરીને છાપ્યોરે. પીર તણોરે. ૩
ચીતમા ચોટ શબ્દની, પ્રેમ લગન લગાવોરે;
નીશાન મારે નવખડમા, એવા સત મુજને બહુ ભાવેરે. પીર તણોરે. ૪
આપો ટળે તો અતર સુજે, નીરખે નામ ન્યારૂંરે,
સુરતા લાગીરે સુલેમાનની, ગુરૂવચન બહુ પ્યારૂરે પીર તણોરે. ૫

રાગ હેલારી.

દાસીને દુખ ઘણું દીધુ, મારે વહાલે અણઘટતુરે કેમ કીધુ. ટેક
પ્રથમ દીલની ગુંજે મારા વહાલા, કેની કને જઇ ખોલુ,
ભીંતર ઘાવરે ઘણુાજ વાગે વહાલા, મુખથી કેમ કરી બોલુ,
તમારે મળેથી મારૂ કારજ સીધું વાલા, અળઘટતુંરે કેમ કીધું. ૧
દુખનો દરીયો વાલા પુર ભરાણોને, નીરનો થાક નહીં આવે;
તમોરે વીના તે નાવ અધર ઝુલે, વાલા પાર કીનારો નહી પાવે,
ચીંત થકી ચરણામૃત લીધુ મારા વાલા, અણઘટતુરે કેમ કીધુ. ૨
વચન દેઇને વાલો વનમા સધાર્યાને, ધીરજ કેમ કરી રાખુ,
સદેમો લાવે કોઇ સતગુરૂ કેરો તો, મનગમતો દાવ નાખું;
વારી જાઉ નામ નીરંતર લીધુ મારા વાલા, અણઘટતુંરે કેમ કીધુ. ૩

કુટુંબકબીલો તો કડવો કરીને વાલા, પ્રીત તમારી સંગ જોડી;
સુલેમાનના સ્વારથ કાજે વાલા, વેહેલા પધારો આજ દોડી;
માહારૂં કોમળ વદન વીંધ્યું મારા વાલા, અણઘટતું કેમ કીધું. ૪

રાગ હેલાર.

દાસીને દુખ ઘણું દીધું એ રાગ.

શુરે સુતારે સ્વામી સોડજ તાણી, મારી રંકની રાડું નવ જાણીજી. ટેક
ભીંતર ભંડારે તો ભરપુર વ્યાપ્યો ને, દુષ્ટ દીવાના શું એ જાણેજી.
મત બાંધીને મારગ ભુલ્યા વાલા, આપે આપ વખાણેજી,
તેણે ચોરાસી લીધી શીર તાણી મારા વાલા, રંકની રાડું નવ જાણીજી. ૧
સ્વપ્નામા રે સ્વામી સેજ સમારીને, પ્રભાતે પંથજ લીધોજી;
જાગીને જોયું ત્યારે જંતર જુદું વાલા, એવડો અણઘટ કેમ કીધોજી;
સાહેર સરીતા સમાણી મારા વાલા, રંકની રાડું નવ જાણીજી ૨
ભજન ગાઇને વીરા ભગત કેહેવાણોને, ભીંતરનો ભેદ ન પાયોજી;
મરજીવાનો મારગ જુદો વાલા, સમજુનેરે સમજાયોજી.
એતો અંતે થાશે ધુળધાણી મારા વાલા, રંકની રાડું નવ જાણીજી. ૩
સનમુખ આવો મારા સ્યામ સલુણાને, કરીએ ભીંતર ગુંજ વાતોજી,
સુલેમાનની સુરતે સમાયાને, મનડું થયું છે મદમાતુજી.
હવે નીરતી થઇ પટરાણી મારા વાલા, રંકની રાડું નવ જાણીજી. ૪

રાગ હેલારી.

સોરઠ, ગોવાળીઓરે મને કહે માતા. એ રાગ.

કુડીયા કપટીયાનો સંગ, તેથી પડે ભજન માહે ભંગ, હું સમરથ નહી છોડું, ટેક.
પાંચ પચીસનું પાધરૂં ન મળેને, પળ પળ કરેરે પેસાર,
રાડાડ કરેછે રંગ મોહોલમા, મારી કોણ સુણેછે પોકાર, હું સમરથ. ૧
વીઠલજીરે માહારી વાહારે ચડીયાને, ભાગી ગરીબની ભીડ,
સ્મરણ માત્રમાં આવીયા, વાહાલે જાણી પરાઇરે પીડ હું. સમરથ ૨

દુનીયાં દીવાની મતલબની, બડા લોભમાં ગબરે લેવાઇ;
વિપત વેળાએ રહે વેગળા, હેવી જુઠી સંસારની સગાઇ. હુ સમરથ. ૩
મરજીવો આવેરે માહાલતો, બદા હેને પીયાજીની પાસ;
લાલ પીરને પ્રગટ જોઇ, સુખ પામે સુલેમાન દાસ. હું સમરથ. ૪

રાગ હેલારી સોરઠો.

ગોવાળીયોરે મને કહે માતા, એવા મેણા દાડી દાડી દે હું નવ લહુ. એ રાગ
નેહ તો લગાડયો નંદલાલ, ઘેલાં કીધારે ગોપાલ, વાલમ વીઠલા, ટેક.
વરણાગીયો વાહાલો વમમો ઘણો છે ને, દીલનો છે દરીયાવ,
ગીરધારીરે માગે ઘેર પધારોને, ભીતર ઘણેરોરે ભાવ, વાલમ વીઠલા. ૧
સત ગુરૂ સાહેબે સાન બતાવીને, વણસ ગયોરે વીકાર,
અંતરમા જ્યારે આપ બીરાજ્યા, હુવા નુર જોતકાર, વાલમ વીઠલા. ૨
સરખી સૈયરોના સાથમારે, કઇ રસીયો રમેછેરે રામ,
ઉંચ નીંચ કોઇને નવ ગણે, સચરાચેર હરીનો વાસ વાલમ વીઠલા. ૩
હુ અબળા વહાલા અરજ કરૂ છુને, સુનીયો સુરીજન હાર,
સફળ જનમ સુલેમાનનો, પીરલાલ મળ્યા છે નીરધાર, વાલમ વીઠલા. ૫

રાગ ભજન.

શુદ્ધ મારગને દેખાડો મારા સ્વામીરેજી, ટેક.
પરથમ સમરૂ પીર મુરશદનેરઇ, અવર પાસ નહીં બેસુ,
દગલબાજ તો દુનીયા લાગે કઇ કોટડીમા પેસુ મારા સ્વામીરે
શુદ્ધ મારગને દેખાડો મારા સ્વામીરેજી. ૧
મોહન વનમા મોરલી વાગી રઇ, મન મારૂ ત્યા લાગ્યુ,
પીર મળ્યા મને લાલ સુહાગી, તેથી દુખડુ ભાગ્યુ, મારા સ્વામીરે. શુદ્ધ. ૨
સાચી સમશેર પીર તમારીરઈ, ઘાવ અજંપો માર્યો,
દુષ્ટ હરામી કાપી નાંખ્યા, હસલાને ઉગાર્યો; મારા સ્વામીરે. શુદ્ધ. ૩

કાયાનગરમાં પારખ બેઠોરઇ, પલમાં પરખી લેશેરે;
સાચાને સંગાથે રાખી, ખોટા નાખી દેશે; મારા સ્વામીરે. શુદ્ધ. ૪
સંત તમોને સાચુ કહુંરઇ, રીસ ન કરશો ભાઇ,
લાલપીર જો મેહેર કરે તો, ગુણ સુલેમાન ગાઇ. મારા સ્વામીરે. શુદ્ધ ૫

રાગ ભજન.

નામનો આધાર ધણી તારા નામનો આધાર છે,
નામ જેણે લીધું તારૂ, તેનો બેડો પાર છે. ધણી નામનો. ટેક.
નામકે આધારે જલમા તાર્યા પહાણજી, અજનીની ઓલવી ઝાળ,
ઉગાર્યો પ્રેહ્લાદ, ધાયો ગજ કેરી વાહાર ધણીના નામનો. ૧
કડવી વેલ મીઠી ન હોય, જલ સીંચે અપારજી,
રામનામનો રસ પાયો, મીઠી હોય તત્કાળ ધણીના નામનો. ૨
મહા જાળ માયામા તે છોડયો છે કીરતારજી,
દુનીયામા ડાહાપણ કહાડયુ, મુવોરે ગુમાર ધણીના નામનો. ૩
નામના મહીમાનો મુખે શુ કહુ વીસ્તારજી,
નામના વીજોગથી, ખાશો જમ કેરો માર. ધણીના નામનો ૪
નામકે આધારે બાંધ્યા ચદ્ર નવલખ તારજી,
સુરજમડળ પૃથ્વીપર, સઉ તુજ સભાર. ધણીના નામનો. ૫
હમારા અવગુણની સામુ, ન જુવો લગારજી,
સુલેમાન સાચુ કહે, તારા ગુણનો નહીં પાર. ધણીના નામનો ૬

રાગ ભજન.

ડાલ ગયો મોહન ફાસીરે, ડાલ ગયો એ રાગનુ છે.
મુરશદ મેરા બડા મતવાલારે, મુરશદ મેરા બડા મત હાજી. ટેક.
સોહ સબદકારે સાસ ઉઠાવો પીયા, મેરી દેહીકે તુમ રખવાલારે. મુ. ૧
મેહેર કરો તો મીટ જાવે અધેરા મેરા, હો જાવે ચદ્ર ઉજાલારે મુ. ૨

ઘેલીરે હોકર બનબન ઢુંઢુ રે, કોઇ બતાવે મેરા ગીરધરલાલારે. મુ. ૩
દીન રેન ડર મોતકા ભારી, જેસા કલેજે બીચ ભાલારે. મુ. ૪
રંક સુલેમાન પર મેહેર કરોરે પીયા,
હું તમારો દાસ તુમ મેરા બસીવાલારે. મુ. ૫

રાગ ભજન.

લાલપીર તુમ બડે હોલાલ ચોદસ ભયા ઉજીયાલારે હોજી. ટેક.
આરે સંસારીયામા આવી કરીને, પીર ચરણા સેવ્યા તમારારે હોજી,
મેહેર કરો મુજ રંક ઉપર, કારજ સરસે હમારારે હોજી. લાલ. ૧
પીર મુરશદ બડે દીલજાની, અરજ સુણોને હમારીરે હોજી,
આરે સંસારીયામા લાજ જસે તો, પીર હામી થાસે તુમારીરે હોજી. લાલ. ૨
અમૃત દ્રષ્ટીએ મુજ સામુ, મે ગુલામ ચરણકારે હોજી.
પીરની મેહેરથી બોલે સુલેમાન, ભ મટાડો મગણકારે હોજી. લાલ. ૩

રાગ ભજન

બંદગી ભલી લાલપીરની હે, જુગો જુગ જીવજો રેજી. ટેક
પાઘડી બાંધે લીલા રંગની, ઉપર સેલી બીરાજે,
શીરપર કલગી શોભતી, કાળ દેખતા લાજે. બંદગી. ૧
ગુપ્ત ઘોડો પીરને બેસવા, સતની લગામ હાથે,
નુરત સુરત દોનુ પેગડા, ચાલે સીધી વાટે. બંદગી. ૨
કાળ કરોધકું પકડીને, બાંધ્યા એકજ ધાગે,
પીર પ્રતાપે સુલેમાન ભણે, પાણીમા આગ ન લાગે. બંદગી. ૩

રાગ ભજન

હાલોની દેશ હમારડેરેજી. એ રાગ

લેહેર ઉઠીરે લાલનપીરની રેજી.
મેહેર કરો મહારાજ, સરે ગરીબનુ કાજ. લેહેર ઉઠી. ટેક.

સંતો અબળાથી ઘણો રાંક છુંરેજી, જરા નહીં મુજમાં જોર;
તલતલ મન ભટકી મરેરેજી, કહાં જઇ કરૂરે હુ સોર. લેહેર. ૧
પીંજરે પીડ વ્યાપે ઘણીરેજી, સુખ સ્વપ્ને ન થાય,
વૈદ મળે મને વીઠલોરેજી, મુળ છેડ રોગ જાય. લેહેર. ૨
ભાઇરે પીયુને ન જાણે પરદેશમા રેજી, બેઠા એકજ ઠોર;
પ્રીત લાગી મારા પીરની રેજી, ચંદ્રમા ને ચકોર. લેહેર. ૩
ભાઇરે સનમુખ રહીને અરજ કરૂ રેજી, સમુદ્ર લેહેરેરે જાય;
છોળ ઉડેરે મોજા તણીરેજી, પાછી જળમા સમાય. લેહેર. ૪
ભાઇરે ગદી કાયા ઘણી કારમીરેજી, માહી ભરીયેલો ભાર,
ગરીબ સુલેમાનની વીનતી રેજી, પીર લેજાઓ પેલે પાર લેહેર. ૫

રાગ ભજન.

મરી જાવુ છે માયા મેલી મરી જાવુ છે. એ રાગ.

બુરી બાજીરે બુરી બાજી, કુડી કાયાની બુરી બાજી ટેક.
મન મગન થઇ મોઠી ગ્યા છે, રંગમા રમે છે તુ રાજીરે. કુડી, ૧
માર તડપ જાય તુજકું ઘેરા, વાર નથી કઇ ઝાઝીરે કુડી. ૨
ગાફલ ઉમર યુહી ગુમાઇ, પ્રથમ ચેત તું પાજીરે કુડી. ૩
હરદમ ડંકા મોતકા બાજે, નોબત ગડી સીર ગાજીરે. કુડી. ૪
સુલેમાનનો સ્વામી સામળીયો, કર્તુ તે હાજી હાજીરે. કુડી. ૫

રાગ રામગરી

મહેર કરીને મને મળજોરે, પીર મારા વેહેલા વલણ કરી વળજો. ટેક.
દાસી દુખણીને દીવસ દોહેલા, કહેલુ વચન હવે પાળજોરે પીર મારા. ૧
ડુગર ઉપર જેદી દુર દેખાણા, સનમુખ આવીને ઢળજોરે. પીર મારા. ૨
મનના મેરામણ મને મળીયા સેરડીયુ માં,દેયાની ધારણ ઢળજોરે પીર મારા. ૩
સમરૂં સ્વામી તમને સંધ્યા સવેળા,ભગતી ભાવથી ભેળા ભળજોરે. પીર. ૪

પરદેશી પ્રાણુ આવી પંથમાં વીસરીયા, મોહ માયાનો મદ ગળજોરે. પીર. ૫
સુલેમાનપર શુદ્ધ નજર કરી, પાંચ પચીસને દળજોરે. પીર. ૬

રાગ હેલારી.

જીરે સંતો પાત્ર પરખ્યા વિના સંગડો ન કરવો જીરેજી. એ રાગ.
જીરે વીરા પરથમ ગુરૂએ મારે શબ્દ સુણાયોરે જીરેજી. ટેક.
ત્યારે ભ્રાંતી ભરમના ભાગેહાં.
જીરે વીરા એક ચીત થઇ ગુરૂનુ સમરણ કરવુ જીરેજી,
ત્યારે સુરતી સોહાગણુ જાગેહા. જીરે વીરા પરથમ. ૧
જીરે વીરા ખુધીના બગડેલ મતના છે હીણારે જીરેજી;
એતો ગ્નાન પોતાનુ વખ.ણેરેહા.
જીરે વીરા સીધા મારગથી સુરતા ફીરાવેજી જીરેજી,
એતો ગુરૂની ગતમા શુ જાણેહા. જીરે વીરા પરથમ. ૨
જીરે વીરા ગુરૂથી ફરેલ તેને કોણ સુધારેરે જીરેજી,
તમે સુણજો મુનીવર મોહોટા હા,
જીરે વીરા સતશબદ જેણે પરખી ન લીધોરે જીરેજી,
અંતે પડશે જમ કેરા સોટારે હા જીરે વીરા પરથમ. ૩
જીરે વીરા શ્રવણે સુણે પણ પ્રેમે ન પેખેજી જીરેજી,
એ નરતો પશુ ગતી જેવારે હા.
જીરે વીરા સરીતા સળકે જેમ સીધુમા મળવાજી જીરેજી,
એતો પોતે પોતાનો રસ લેવારેહા જીરે વીરા પરથમ. ૪
જીરે વીરા ભીંતરનો ધાવ બાહેરથી ન દેખેજી જીરેજી,
જેણે અંતરઘટ નવ જોયુ રેહા,
જીરે વીરા સુલેમાન હરદે લાલનપીર લખીયાજી જીરેજી;
ગુરૂનુ દર્શન દેખીને મન મોહોયુ રેહાં. જીરે વીરા પરથમ. ૫

રાગ સોહની.

સખીરે સાંભળને કહું વારતાજી. એ રાગ.

સખીરે આનંદ પરગટ દેખ્યા પીર લાલનેજી, મારૂ મનડુ અંતરમા મોહ્યુરે;
સખીરે આનંદ વાધ્યો મારા ઉરમાંજી, મુજ અબળાનુ દુખ ખોયુરે.
સખી. ટેક.

સખીરે ઘોડો કીધોરે ગુરૂના ગ્યાનનોજી, લેહની લગામ તેને દેજોરે;
સખીરે ઘોડો હકારે ગુરૂના દેશમાંજી, પછી વસ્તુ વીચારી સુખ લેજોરે.સ. ૧

સખીરે સ્વપનુ આવ્યુ જે સુલતાન થયાજી. મંદીર મોહોટું મહાલેરે;
સખીરે જાગી જોયુ તો ઠાલો ઠામછેજી, પછી જોર કશુએ નવ ચાલેરે.સ ૨

સખીરે સુરતા હાલીરે ગુરૂની સાનમાંજી, જેથી જનમ મરણુ બે ભાગેરે;
સખીરે હાજર હજુરી વાહાલો આવશેજી, એક ક્ષણુ તે વાર ન લાગેરે. સ ૩

પીર દર્શન દેજો દયા કરીજી, મુજ અબળાની આરત જાણીરે;
સખીરે સુલેમાન કહે સુલહુજી, હુ છુ પામર જીવ પ્રાણીરે સ. ૪

રાગ સોહની.

સખીરે પીર પધારે મારે ઓરડેજી, મારા ચેતન ચોકીદાર માંહી જાગેરે;
સખીરે બે ભાગેરે જમદુતનોજી, મારા દુષ્ટ હરામી સઉ ભાગેરે. સખી. ટેક.

સખીરે ભીતર ભેદની વારતાજી, કોઇ દેશીના આગળ કીજેરે;
સખીરે અરસપરસ એકએકથીજી, એવો મધુર તણો રસ પીજેરે. સખી ૧

સખીરે ફાટેલો દ્રવ્ય ગોતી કાઢવોજી, એનો પાસે પડેલુ નવ દેખેરે;
સખીરે જોશો મળેરે જુના દેશનાજી, એવા મરજીવા થઇને પેખેરે. સખી ૨

સખીરે ગુરૂના ગુણુનો નહી પાર છેજી, એક જીભ્યા તે શુ વખાણેરે,
સખીરે વળગી રહ્યા જે વિસ્વાસથીજી, સખીરે આવી મળ્યાં ટાણે ટાણેરે
સખી ૩

સખીરે પૂર્વ સંજોગે ગુરૂજી ભેટીયાજી, સુલેમાનને સમજણુ દીધીરે.
સખીરે અપરાધી જીવને ઉગારવાજી, પીર દેહી તે ધારણુ કીધીરે. સખી. ૪

રાગ ભજન.

અગર ચદનની આરતી, મારા વાલારે. એ રાગ.

ગુરૂ અધીક દાતાર, હુ વારીરે; જે ઘટમાં હુવા પરકાસ. કહુ છું પોકારીરે;
નામ નીરજન લાલ છે હુ વારીરે, જેમનો વીરમગામ વાસ,
કહુ છું. ટેક.

ધણી નોધારાના આધાર, હુ વારીરે;
મુજ રકની લેજો સભાળ, કહું છુ પોકારીરે.
નીશદીન ધરવુ ધ્યાન હુ વારીરે,
ટાળો જનમ મરણ જંજાળ, કહું છુ પોકારીરે. ૧
પતીવૃતા જે નાર, હુ વારીરે,
પીયુનુ વચન ન લોપે લગાર, કહુ છુ પોકારીરે;
કુસગી નાર કઠોર, હુ વારીરે,
અતે બુરા થાસે હવાલ, કહુ છું પોકારીરે. ૨
કપટની કાતી કઠોર, હુ વારીરે,
જેણે કાપ્યો સબ સસાર, કહુ છુ પોકારીરે.
કોઇ એક વીરલો ઉગરે, હું વારીરે,
જેને ગુરૂ ગમનોરે આધાર, કહુ છુ પોકારીરે. ૩
કાયા કચન કામની, હુ વારીરે,
એક પલમા વણુસી જાય, કહુ છું પોકારીરે
પ્રીત કરો ગુરૂ શ્યામની, હુ વારીરે,
સુલેમાન સમજ ગુણ ગાય, કહું છુ પોકરીરે. ૪

રાગ ધનાસરી.

વેહેલા પધારો મહારાજ, સેવકને કારણે.
રાખો બાય ગ્રહ્યાની હરી લાજ, આવો મારે બારણે. ટેક.

અરજ સુણીને આવજોરે, ભાંગો મેરી ભીડ;
દયા દ્રષ્ટીએ દેખજો, નથી રહેવાની આ પીડ. આવો. ૧
વાટ જોઉં મારા વાલમારે, જેમ બપૈઓ ચાહે મેહ;
વિસ્વાસે વળગી રહી, રખે દેતા પ્રભુ છેહ. આવો. ૨
તમો પર હું વાજું ને ગાજુ, સુણજો મારારે શ્યામ;
ગોઠડી બાંધી ગુરૂ તમરે સઘાતે, નીશદીનના છો વીસરામ.આવો. ૩
સુરતી સોહાગણ ચાલી સાસરે, ભીંતર ઘણેરો ભાવ;
મોહન વરની સાથે મહાલતાં, સીધો પડે પછી દાવ. આવો. ૪
સપરમો દીન સોહામણોરે, જો ગુરૂજી પધારોરે ઘેર;
સુલેમાનને પીર સ્નેહ તમારો, બીજો શુ જાણે એની પેર. આવો. ૫

ભજન.

પ્રથમ ગુરૂજીને ચરણેરે લાગુ, જીને રાહ બતાઇ, હાંહાંજી;
ભવસાગરનો બુડેલો જીવડો, નીરભેની રાહ બતાઇ, રે બાવા,
પીર બડે મહેરબાના હાહાજી, પીર બડે મહેરબાના સંતો ભાઇ;
બતાવે અસલ ઠેકાણા, દાતા; પીર બડે મહેરબાના હાંહાંજી.
દીન જાણીને દયા કરો ગુરૂ, પલપલ દરશન દેજો હાહાંજી;
અધા અપગને પાર લગાઇ દો, એટલી અરજ સુણી લીજો બાવા,
પીર બડે મહેરબાના, હાહાજી, પીર બઠે મહેરબાના. ૧
દીશા ભમેલાને દેશની ખબર નહીં, પોતાનો મત તાણે, હાંહાંજી;
આપપણામા ઉધુ વાળે, મનરો નહીં સ્થીર ઠાણે. બાવા, પીર. ૨
ગ્યાન ગરીબી જેણે આવી, તે કેમ રહેશે છાના, હાંહાંજી;
સતગુરૂ ચરણે સુરતા લાગી, પહોંચ્યાના પરમાના. બાવા, પીર. ૩
ઘટમાં જ્યારે ગુરૂ બીરાજ્યા, સુનમુખ સુરતા લાગી, હાંહાંજી;
સુલેમાન કહે સુણુ મેરે સાથી, પીર મલ્યા સોહાગી. બાવા, પીર. ૪,

ભજન.

આવત મોરી ગલીયનમે ગીરધારી. એ રાગ.

લાલન મુજે ઐસી લગની લગાઈ, મુજે ભર નીંદમેંસે જગાઈ;
લાલન મુજે. ટેક.

મેં સુતી પ્યારે અપને મંદીરમાં, શુંન્યમા સેજ બીછાઈ;
બીંદરાબનકી કુંજ ગલનમા, બંસરી બેહકી બજાઈ. લાલન. ૧

દરશન દો મુજે દીન મોરારી, દીલકું રખુ સમજાઈ,
આંજ કાલ પીર આન મીલેંગે, બેઠી મંગલ ગાઈ. લાલન. ૨

અંતરકી ગત આપ પીછાને, અબ કેસે કરૂ રઘુરાઈ;
મેહેર કરી મંદીર પધારો, આનંદ હુઈ બંધાઈ. લાલન ૩

સમજ ગુરૂકી ગત હે ન્યારી, મુરખકુ ગમ નાહી,
વીરલો ભેદુ ભેદ પીછાને, સુરત અગમ ચડાહી લાલન. ૪

મુજ રંકકા કયા હે આશરા, સબ એ પીરકી છાઈ,
તન તકીયેમે આપ લાલ બીરાજે, સુલેમાનકુ ગમ નાઈ. લાલન. ૫

ભજન.

પ્રેમે ગુરૂજીનો પરસાદ મીઠો, કોઈ ગુગાના ઘટમા સમાયોરે હેજી.
સ્થીર થઈ એક ઠાણે બેસે, ભેદ અગમરો પાયો હે, મારા પ્રેમ
સુહાગી વીરા, સતગુરૂ ચર્ણોમા રહેજોરે હેજી ટેક.

પાચ પચિસના ટોળાની સાથે, જુવો નાયક પડદે આવ્યોરે હેજી,
ભુંગળીયાનો ભેદ ન સમજ્યો, જુડો ઢોંગ મચાવ્યોરે. મારા પ્રેમ. ૧

મન મન્નાનો મૃદંગ બાધીને, દેખી સભામા રીઝાણો રે હેજી,
આહેલા મૃદંગનો સાર ન સમજ્યો, પરભાતે પસ્તાણોરે, મારા પ્રેમ. ૨

રમતમા સારી રેન ગુમાવી પણ, પાસે ન મળે એક કોડીરે હેજી,
સતગુરૂ સનમુખનો ખેલ તે સાચો, શીદ મરોછો દોડીરે, મારા પ્રેમ. ૩

પૂર્વ જન્મને સંચે કરી, મારો અવસર લાભે સુધાર્યોરે હેજી;
સુલેમાનને સ્નેહ તમારો, જન્મ મરણથી ઉગાર્યો. મારા પ્રેમી. ૫

ભજન.

પીરના ભજનની લેહ લાગી, મનવો મારો વેરાગીરે, વેરાગી. ટેક.
પ્રથમ ગુરૂએ મારા શબ્દ સુણાયો વહાલાં, પ્રથમ ગુરૂએ;
ભ્રાંતી ભરમણા ભાગી, મનવો મારો વેરાગીરે, વેરાગી. ૧
પીયાલો પાઇ મને સાન બતાવી વહાલા, પીયાલો પાઇ મુને,
સુરતા સોહાગણ જાગી, મનવો મારો વેરાગીરે, વેરાગી. ૨
જાગીને જોયુ ત્યારે દેશ દેખાડયો વહાલા, જાગીને જોયુ,
જલહલ જોતો ત્યાં લાગી, મનવો મારો વેરાગીરે, વેરાગી. ૩
સુલેમાનને સમજણ દીધી વહાલા, સુલેમાનને;
ચરણોમા ભીક્ષા માગી, મનવો મારો વેરાગીરે, વેરાગી. ૪

ભજન.

સાભળો મારા પ્રેમી હરીજનો, ભાવ ગુરૂ પર આણોરેજી,
મનમા સમજીને પ્રેમ રસ પીયો વીરારે, જ્ઞાન બુદ્ધી વખાણોરે;
મારા પ્રેમ સ્નેહી વીરા, સતગુરૂ ચર્ણે ચીત આણોરેજી. ટેક.
આધીનતા રાખી આધીન રહેજો, સસાગી વેણ તમે સહેજોરેજી;
કાયામાથી તો કુડને કાઢો વીરા, સર્વે એકાકાર જાણોરે. મારા પ્રેમ. ૧
ચગ બાંધીને શુ દુનીયા રીઝાવો, મનતો માહે ઘણું મેલુરેજી;
ભજન ગાઇને ભેદ ન સમજ્યા, ભજન નથી કાઇ સ્હેલુરે. મારા. ૨
માન બડાઇ ને ઇર્ષામા તુંતો, ઘણો ગયો લપટાઇ રેજી,
પલપલના જ્યારે લેખાં લેશે ધણી, પછી તમે જશો સપટાઇરે મારા. ૩
સસાર સાગર મહાજલ ભરીયો, ન ઉતરવાનો આરોરેજી;
સતગુરૂ વીના નહીં લાગે કીનારો, મન માંહે ખુબ વીચારોરે. મારા. ૪

લાલ મુરશદ મળીયા ને સંશય ટળીયા, આતમ થયો માંહેલો સાજીરેજી;
સુલેમાનને સાન બતાવી, સુરતી જાઇ સુરતીમા બીરાજીરે. મારા. ૫

ભજન.

દોહલી વેળાએ દુઃખ કોણુ હરેરે, ગુરૂજી મળે તો મ્હારૂં ભાગ્ય ફરે. ટેક.
મનુષ્યાદેહીનો તેં તો મરમ ન જાણ્યો હે; ફોગટનો ફેરો ફરીને મરેરે.
ગુરૂજી મળે—૧
સીશ સમરપી જેને સતગુરૂ સેવ્યાહે, દુષ્ટ દુશ્મનને મારી ફતેહ
કરેરે. ગુરૂજી મળે—૨
માયાને ફંદે મોટા મુનીજન મોહ્યા હે, પૂર્વેની પ્રીતે કોઇ વીરલો
તરેરે. ગુરૂજી મળે—૩
તનરે તરવરપર પંખી બેઠો હે, બીના ચંચુએતો ચારો ચરેરે,
ગુરૂજી મળે.—૪
સતગુરૂની જેને સેવા ન કીધી હે, પલ એક મન તેનું કદી
ન ઠરેરે, ગુરૂજી મળે—૫
સાચા સગા તે પીર સતગુરૂ છાજે હે, સુલેમાન શીદને તુ ચીંતા
ધરેરે; ગુરૂજી મળે—૬

ભજન.

નગરી સમીપે એક આવ્યો વણુજારો વીરા, વણુજું કરવાને કાજેરેજી;
વણુજું કરતાં વીલંબ ન કરશો તમે, હેતે હરીના ગુણ ગાજેરે,
મારા પ્રેમી વણુજારા વીરા, સીરને સાટે વણુજું કીજે રે હેજી. ટેક.
લાખી વણુજારો જે દી નામ ધરાવ્યુ તે દી, દાણી દાણુજ લેશેરેજી;
માલ તો મધ્ય દરીયામાં પડીયો, મોહકમ માર તને દેશેરે, મારા ૧
શીવ નગરી ભણી પોઠ હકારી તે દી, ખટ ચોર સામા મળીયારેજી;
ગુરૂપતાપે ચોકી ચેતન બેઠી, તેને દેખીને પાછા વળીયારે. મારા. ૨

અવળે મારગ જેણે પોઠ હંકારી, તે ણી માલ થયો ધૂલધાણીરેજી;
અધરમી ને અભાગીઆ, જેને વણજુની રીત ન જાણી. મારા. ૩
મોંઘો માલ મારા ગુરૂએ બતાવ્યો, એમાં ખોટ કદી ન આવેરેજી;
લાલનપીરનો પાલવ સાહ્યો, સુલેમાને જસ ગાયો. મારા. ૪

ભજન.

સંસારી શત્રુ તો આવી ને નડેરે, ગુરૂજી વીના તે વારે કોણ ચડે. ટેક
તાકીને તીર ગુરૂએ વચનના માર્યા હે, સુદ્ધ મતી તો મનમાં મગન
ફરેરે. ગુરૂજી. ૧
મુખડે મીઠું મનમાં મેલ ઘણેરોહે, એવાની સંગત્યું માં કશુ ના મળેરે;
ગુરૂજી વીના. ૨
પરઉપકારી પરના કાજે મરે છે હે, પોતાના મરણુથી કદી ન ડરેરે;
ગુરૂજી વીના. ૩
મટીનો માર એ તો મટીજ જાણે હે, કુંભારી બેઠો એનો ઘાટ ઘડેરે.
ગુરૂજી વીના. ૪
સુલેમાન કહે સમરથ સતગુરૂ સેવો હે, જેને બાનેથી જમ રાજા
ડરેરે. ગુરૂજી વીના. ૫

ભજન

તું તારી તરવેડ વીરા, પારકાની શી પડી; પાછલથી પસ્તાવો
થાશે, ચેત્યો નહીં પેલી ઘડી. તુ તારી. ટેક.
કાચ ને પારો નહીં ને, સોનાની સાથે જડી; ગ્યાનની ગુંજે કરી;
ચોરાશી માથે પડી. તુ તારી. ૧
સાનમાં સમજ્યો નહીં ને, વંટોળે ગયા ચડી;
બીતોમાં ભટકાઇ ને, ક્યા તમે જાશો પડી. તું તારી. ૨
ભક્તીનો છે ભેદ ન્યારો, નેનમાં પુતલી જડી,
સતગુરૂની સાનમા, આપે જઈ સુરતા લડી, તુ તારી. ૩

સુરખ માલ ખોઇને બેઠો, પાપની ગાંઠી ભરી,
હાંકનારો આંધળો, એ કીચમા જાઇને પડી. તુ તારી. ૪
રહેણીમાં નીશદીન રહેવું, મીરમાહે નીર ભળી,
સુલેમાન સાચુ કહેછે, વાત માની લ્યો ખરી. તું તારી. ૫

ભજન.

પ્રેમના ભલકા જેને લાગે, સુદ્ધબુધ ગઇ ભુલી હાહાજી, અવાગ્યાનીને એ મરમ ન પાવે, ડહાપણુમા ગયા ફુલી, સતો ગુરૂ બીન નહી
કોઇ દાતા હાંહાજી,
ગુરૂબીન નહીં કોઇ દાતા, સતો ભાઇરે, અધુગીયા અથડાતા બાવા;
ગુરૂબીના નહીં કોઇ દાતા હા હાજી. ટેક.
વાણીથી શુ રૂપ વર્ણવું, બીના વાણીની વાર્તા હા હાજી,
ગુરૂગમથી જે થયારે ગુગો, નીરખ પરખ ગુણ ગાતા, સતો,
ગુરૂ બીન નહી કોઇ દાતા હાહાજી, ગુરૂ બીન. ૧
સર્વે જનને સમજણ દેતા, પ્રપચ ભરીયા પુરા હાહાજી,
ચતુર થઇને સુલે પડીયા, અફપણુમા સુરા દાતા, ગુરૂબીન
નહી કોઇ દાતા હાહાજી, ગુરૂ બીન. ૨
વીના ગુરૂ કોઇ જ્ઞાન કથે તો તે જન પડીયા ફાદે હાહાજી,
ભેદ વિના તે ફરે ભટકતા, મોત બેઠીકે ખાધે દાતા ગુરૂ બીન
નહી કોઇ દાતા હાહાજી, ગુરૂબીન ૩
પીર સુરશાહના પાલવ ઝાલ્યા, તારો તાર એક તારા હાહાજી;
સુલેમાન કહે સુણ મેરે સાથી, ખેલ ખેલો ચોધારા દાતા, ગુરૂબીન
નહી કોઇ દાતા હાહાજી; ગુરૂ બીન. ૪

રાગ સાખી.

શબ્દ દીલનુ દર્પણ થયુ, લાલે કીધી લહેર; પ્રેમનો રસ ઉલટયો, નીકળી ગયો સૌ ઝેર,
અમર નામ રહેશે આપનું, સીરપર સાચા પીર, લાલનનું ને આપનુ, નક્કી એક શરીર.
સાચા ગુરૂના ચરણુમાં, જે કોઇ દેવે દોટ, સર્વે જન સાંભળો, લગે ન જમકી ચોટ.
દુખ ભંજન દાદા પીર છો, અરજ કરૂ કરજોડ, સુલેમાન સામુ જુવો, —પુરજો મનનાં કોડ.

લાલપીર બાવાનુ નીશાન વીર ગામમા એમના ભત્રીજા દાદા પીરે ચઢાવ્યુ. સં. ૧૯૫૪નાઆસો સુદી ૧૪ વાર મનીવારે તે વિષેની હકીકત.

રાગ ગરબો.—મુરશદ મારા મહેરથી ઘેર આવ્યારે.

તમે નીરખી જુઓ સૌ નયણેરે, દાદા પીર લાલ બાવાને ચરણેરે ટેક
પીરે અમર હયાતી દીધીરે, એક વાત અંતરની કીધીરે,
દાદા પીરે તે સત કરી લીધી, દાદા પીર લાલબાવાને ચરણેરે. તમે ૧
પીરે શબ્દ અનોપમ કીધોરે, દાદે બાવે તે મત માની લીધોરે
નીશાન ઝંડાનો કોલજ દીધો, દાદાપીર લાલબાવાને ચરણેરે. ૨
સુરતા વહાલાની નીરમળ કેવીરે, જુવો લાલનપીરના જેવીરે,
પીર રાખે એવી ને એવી, દાદાપીર લાલબાવાને ચરણેરે ૩
પીર સુરજથી સુરજ રહેછેરે, વેદ કીતાબમા સાખ પુરેછેરે,
જે કોઇ જગતનુ મહેણુ સહે છે, દાદાપીર લાલબાવાને ચરણેરે. ૪
દાદાબાવાનુ નામ છે પ્યારૂરે, જેનુ મન જગતથી છે ન્યારૂરે;
નક્કી ગુરૂ ચરણે ચીત્ત ધાર્યું, દાદાપીર લાલબાવાને ચરણેરે. ૫

વહાલા રહેશે અમર કાયારે, લાલપીરની તમપર છાયારે,
કાળ ક્રોધથી નવ જાય વાલા, દાદાપીર લાલબાવાને ચરણેરે. ૬
કળી જુગનો કાળ છે કેવો રે, તમે સતગુરૂ મીઠો છે મેવોરે;
સૌને કર્મ સંજોગે લેવો, દાદાપીર લાલબાવાને ચરણેરે. ૭
લાલ પીર નો હસ્ત જે સહાસે રે, કાળ ક્રોધ નહીરે પાસેરે;
જમ રાજા દેખીને નહાસે, દાદાપીર લાલબાવાને ચરણેરે. ૮
એમની સુરતા લાલપીરમા રહે છે રે, સર્વે સેવકની સંભાળ લે છે રે;
સુલેમાન વીનવી વીનવી કહે છે રે, દાદાપીર લાલબાવાને ચરણેરે. ૯

ભજન રાગ ગરબી થોભણના ગરબાનો રાગ.

મને મળીયા મુરશદ લાલ, પ્રેમે પ્યાલો પાયોરે. લાલનજી
હુતો લળી લળી લાગુ પાય, ચરણમા રાખોરે. લાલનજી
એવી અમરતબા પર મેહેર, ઘણેરી કીધીરે. લાલનજી
એની કરણીનો નહીં પાર, પીરોમાં જઇને માહાલેરે. લાલનજી
સખી નાભીરે કમલની માહી, સોહમ ઉઠેરે. લાલનજી
ત્યાં તો જાપ જપે એક હશ, તાર ન તુટેરે. લાલનજી
મને મળીયા મુરશદ લાલ, પ્રેમ પ્યાલો પાયોરે લાલનજી
એવી ઇગળા પીગળા નાડ, સુખમણ નારીરે. લાલનજી
પછી ગગન મડલની માહી, સુરતા લગાવીરે લાલનજી
મળીયા સમરથ લાલનપીર, ગુરૂજી અમારારે. લાલનજી
જેને ગાવે અમીજી દાશ, ગુણ તમારારે લાલનજી

ભજન રાગ ધીરાનો.

સરવે નમણ કરે, લાલન પીર સમરે તેની વારૂ કરે. ટેક.
મોટા પુરૂશના દરશંન કરતાં, દેહીનાં પ્રાયશ્રીત જાય.
હીંદુ મુશલમાન અરજ કરે પીરની, શેહેજમા સમરણ થાય. લાલન ૧

નીજ સુરતી પીરને હરદે વસેછે, તુરતામાં સુરત ધરે,
નાભી કમલસેં નાવ ચલાવે, તરવેણી માંહી ઠરે. લાલન પીર. ૨
બીન ચંદા શુર વા દીપક જલત હે, અગમની વાત કરે
મહા શુન્યપર આપ બીરાજે, અનહદમાં ધ્યાન ધરે લાલન પીર. ૩
અકળ લાલપીરને પર્ગટ દેખુ, રૂપ અરૂપી ફરે.
પીરને ચરણે બોલે અંબઇદાસ, કર જોડી અરજ કરે. લાલન પીર. ૪

ભજન.

મુલ કમલમાં જુવો તપાસીરેજી, નાભી કમલમાં માલ; બંદગી ભલી લાલપીરનીરેજી. ટેક.
હરદા ભીતર મનવા રેહેતા હેજી, તાકી કરી લો ઓળખાણુ વહાલા. બંદગી. ૧
ઈંગળા પીંગળા નારીરે હેજી, ત્રટ તરવેણીનો ઘાટ, વહાલા. બંદગી. ૨
સુખમણુ સખી નારી ભલીરેજી, ત્રીકુટી અસનાન કરાવ વહાલા. બંદગી. ૩
બંકનાલની ચોકી ઉપર, અનઘડીયાં નીશાંન વહાલા. બંદગી. ૪
ઘનન ઘડીયાલ બાજે, અનહદ વાગે તુર વહાલા. બંદગી. ૫
સુરત નુરતકુ પકડ લેનાહેજી, સુરત પશ્ચિમ દીશા ચલાવ વહાલા. બંદગી. ૬
સેનકે રસ્તે ચલના હેજી, અગંમ રસ્તે ચડજાવે મરજીવા વહાલા. બંદગી. ૭
મુરશદકી મેહેરશે અગમ ગઢ ઘેરાહેજી, પાયાનુર દીદાર વહાલા. બંદગી. ૮
પીર પ્રતાપે દાસ જોરો વીનવેજી, મુરશદપર જાઉં બલીહારી વહાલા. બંદગી. ૯

ભજન.

મુરશદ પર જાઉં બલીહારીરે, મુજકું તો સાન તો સમજાઇ. ટેક.
સંશય વીકાર છોડી દીયો ભાઇ, મેવાસ માર હઠાઇરે, મુજકો. ૧
સતની તો મેખ ગુરૂએ મારી, તનકી તો સુધ બીસરાઇરે, મુજકો. ૨
તેજ તલવારે લડોરે મગન થઇ, મેવાસ માર હઠાઇરે; મુજકો. ૩

તન મન બાધોને હીરદ્યમાં, સુનમા ઓઠ ચલાઇરે, મુજકો. ૪
સમરથ લાલ ગુરૂજી મળીયા, ગુણ ગામ છે ઇસબભાઇરે, મુજકો. ૫

ભજન. રાગ મગળ.

મન મળીયા મુરસદ લાલ, મનમે મગનછે.
મેરે હીરદેમે આવો જરૂર, નાભીમાં સહેલ છે. મને. ૧
ભીતર ભડારની માંહી, પાચ એ રંગછે.
બાવા પચીશ પ્રકરતીની માંહી, તત્વ એ સાર છે. મને. ૨
ત્રીકુટી નેન નીશાન, અગમગઢ મહાલશે.
સુખમણ સેજની માહી, સુરતા લગાવશે મને ૩
ગગન મડલની માહી, અનહદ શોર છે.
ત્યા વસે નીરજન રાય, તે પડદો ઓરછે. મને. ૪
એવા સમરથ લાલનપીર, ગુરૂજી અમારારે.
એમ ગાવે ઇમબદાશ, ગુણ તમારારે મને ૫

ભજન.

મુરશદ મને લાલપીર સાચા મળીયા, તેથી મારા દેહીના અભીમાન ટળીયા. ટેક.

સોહ મારો નાભી કમલસ ઉડે, ત્યાથી જઇને રૂંધાયા કમલમા બેડે.
સતો ભાઇરે પવનની જોડે રમીયા મુરશદ. ૧
સતો ભાઇરે મને પ્રેમ પ્યાલો પાયો, નેતો મારા હરદાની ભીતર સમાયો;
તેથી મારા વીકાર સર્વે સમીયા. મુરશદ. ૨
સતો ભાઇરે નમીજીનો કલમો પઢવો, તેતો મારે જરાવાર નહીં ભુલવો;
સતો ભાઇરે કલમેમે પાર ઉતરીયા. મુરશદ. ૩
સતો ભાઇરે લાલપીર મળીયા સ્વામી, સેવક ઇસબને ના આવે ખામી;
ગુરૂજીના ચરણમા રમીયા. મુરશદ. ૪

" રાગ વીંછીઆ ગરબો "

કારતકે કહુંછુ કર જોડીરે, એક વીનતી સુણો બાવા મોરીરે.
હુંતો તમ વીના થઇછું ઘેલી, મુને શીદ ગયા તમો મેલીરે. ૧
સખી પુનેમે પ્રીત બહુ કીધીરે, આવવાની તે આશા દીધીરે.
મુરશદે મેહેર મારાપર કીધીરે, મુને શીદ ગયા તમો મેલીરે. ૨
સખી પડવે તે ઘેર પધાર્યારે, સર્વે લોકોના પ્રેમ વધાર્યારે
મને રોતી મેલીને સધાર્યા, મુને શીદ ગયા તમો મેલીરે. ૩
સખી બીજે તે બહુનામીરે, સખીયો સરવેના છો તમે સ્વામીરે.
હુ તો ઉભી રહી છું શીર નામી, મુને શીદ ગયા તમો મેલીરે. ૪
સખી ત્રીજે તે તન બહુ તપેરે, હરદમ નામ તમારૂ જપેરે.
થરથર દેહી તે મારી કંપે, મુને શીદ ગયા તમો મેલીરે. ૫
સખી ચોથે તે ચોદીશ ભાળીરે મુને વ્રેહ અગનીયે બાળીરે.
હુ તો આવી તમો પાસ ચાલી, મુને શીદ ગયા તમો મેલીરે. ૬
સખી પાચમે પ્રીત જાણીરે, મુને સેજમા લીધી તાણીરે,
હુતો માહા સુખમા રહી છુ માણી, મુને શીદ ગયા તમે મેલીરે ૭
સખી છઠે તે છુટી આપીરે, મારા મદીરમા ગાદી થાપીરે,
મારી ભીડ તે ભવની કાપી, મુને શીદ ગયા તમો મેલીરે ૮
સખી સાતમે શાન્તી થઇ છેરે, માહારી દુગધા તે દુર થઇઠેરે,
હાથ જોડીને સનમુખ રહી છે, મુને શીદ ગયા તમો મેલીરે. ૯
સખી આઠમે હઠ લીધીરે, મુને સાનમા સમજાવી દીધીરે;
એહેવી મેહેર મારાપર કીધી, મુને શીદ ગયા તમો મેલીરે. ૧૦
સખી નોમે તે નામ તમારૂ રે, સદા જપે છે દીલ હમારૂ રે,
સરવે સુખ લાગેછે મને ખારૂ, મુને શીદ ગયા તમો મેલીરે. ૧૧
સખી દશમે દરશન દેજોરે, મારા દીલમા સદા રહેજોરે,
મારી પોકાર સુણી તમ લેજો, મુને શીદ ગયા તમો મેલીરે ૧૨

સખી એકાદશી અપવાસીરે, તમારા દીદારની હુંછુ પ્યાસીરે;
હુંતો છુંરે તમારી દાસી, મુને શીદ ગયા તમો મેલીરે. ૧૩
સખી બારસે બળવંતા બીરાજારે, તમારી કોઇના લોપે માઝારે
લોક આવી નમે બહુ ઝાઝા, મુને શીદ ગયા તમો મેલીરે. ૧૪
સખી તેરસે તાળી લાગીરે, શબ્દની ચોટ તે ઘટમા વાગીરે.
મારી સુરતા અતર માહી જાગી, મુને શીદ ગયા તમો મેલીરે. ૧૫
સખી ચઉદસે ચડી ખુમારીરે, સુધ ભુલીને લાગી તાળીરે.
હુ તો ચડીને બેઠી અટારી, મુને શીદ ગયા તમો મેલીરે. ૧૬
સખી અમાશે આવી ધણી મળીયારે, સહુ દુખડાં તે મારાં ટળીયારે
સહુના ભેગા આવીને ભળીયા, મુને શીદ ગયા તમો મેલીરે. ૧૭
જંબુસર પ્રગણાતું ગામરે, તેનું જત્રાણુ એવુ છે નામરે.
ત્યાં તો લાલપીરનું થાપ્યું છે ધામ, મુને શીદ ગયા તમો મેલીરે ૧૮
નારણદાશ ગુલામ ઘર જામોરે, ગરબો લાલપીરનો ગાયોરે;
નથી હુ થતો ઘણો ડાહયો, મુનેશીદ ગયા તમો મેલીરે. ૧૯
અમ્રત સરખા તે અમ્રત બાઇ રે, પદર તીથી તમારી ગાઇરે,
બલહારી તમો પર જાઇ, મુનેશીદ ગયા તમો મેલીરે. ૨૦
પદર તીથીયો થઇ છે પુરીરે, એમા એકે નથી અધુરીરે,
મારી આશા કરજો બાવા પુરી, મુનેશીદ ગયા તમો મેલીરે. ૨૧
શીખે સુણે ને જે કોઇ ગાવેરે, ધાર્યું કામ ફતેહ તેહેનુ થાવેરે,
તેનુ દુખ દાલીદર જાવે, મુનેશીદ ગયા તમો મેલીરે ૨૨
સાલ ઓગણીશે ને ચાલીરે, ગરબો ગાવાની ઉરમી બાળીરે,
તમારી ગરબી અમરતબાઇએ ગાઇ, મુનેશીદ ગયા તમો મેલીરે. ૨૩

ॐ

માસ્તર સુલેમાન જીવા. રે. કાવીના,

એમના ભજન તથા સાખીયો.

સાખીયો.

લાલન લાલ બતાવવા, આવ્યા મારે ચોક;
દયા કરી દીન ઉપરે, બેઠા મારે ગોખ ૧
મુરશદ કેરી મહેરથી, મન થયુ મજબુત;
પ્રેમપ્યાલાની લ્હેરથી, સમી ગયા સૌ દુત. ૨

ભજન.

ન્યારો ન્યારો ન્યારો, સાંયાજી તારો, ખેલ ખલકથી છે ન્યારો. ટેક.
ચૌદ ભુવન સાયા સ્હેજે રચ્યા તે, સઉને તુજ આધારે સાયાજી. ૧
જોગી જગમ ને સેવડા સન્યાસી વ્હાલા, સઉ કોઇ થકથક હાર્યો. સાં.૨
પીર પેગબર પડીત કાજી વ્હાલા, વેદે તો નેતીનેતી પોકાર્યો. સાંયાજી. ૩
અગમ નીગમ સઉ ખબરો કથે છે વ્હાલા, ભેદ લહે કોઈ પ્યારો. સાં.૪
જ્ઞાની ધ્યાની સૌ હારી રહ્યા છે વ્હાલા, નીર્ગુણ શીરગુણ કોઇએ ધાર્યો. સાંયાજી. ૫
અનેક જુગ એમ વેગે વહ્યા છે વ્હાલા, અનેક ધર્મે પસાર્યો. સાયાજી. ૬
મુરશદ લાલન પીર સાચા મળીયા, દીન જાણીને ઉગાર્યો. સાયાજી. ૭
દાસ સુલેમાન કહે પોકારી વ્હાલા, સત શાતીથી નથી ન્યારો. સાયાજી. ૮

ભજન.

અકળ કળા છે તારી, સાયાજી, અકળ કળા છે તારીરે હેજી;
શું સમજે નરનારી, સાયાજી, અકળ કળા છે તારીરે હેજી. ટેક.

પીર થક ગયે પેગંબર થક ગયે, થક ગયે બડે આચારીરે હેજી;
શીવ બ્રહ્મા સનકાદીક થક ગયે, થક ગયે કૃષ્ણ મોરારી. સાંયાજી. ૧
વેદ થક ગયે કીતાબજ થક ગઇ, થક ગયે પંથ હજારીરે હેજી;
મુલ્લાં કાજી સબ પઢ પઢ ભુલે, પંડીત પડે ન ચારી. સાંયાજી. ૨
નવ બી થક ગયે દસ બી થક ગયે, થક ગયે તેજા ધારીરે હેજી,
મુની સહસ્ત્ર અઠયાસી થક ગયે, કોણ કળે ગતી તારી. સાંયાજી. ૩
અનેક નામી પાર ન પામી, બીન ખામીનો સ્વામીરે હેજી,
ચોદે ભુવન એક પલમા પ્રગટયા, નહીં આવે કોઇ દામી. સાયાજી. ૪
આ અવનીમા અનેક પથ છે, પયે પથ તકરારીરે હેજી;
અકળ કળાનો કોઇ પાર ન પામ્યુ, સૌ કોઇ કહે ઉચારી. સાયાજી ૫
સમદષ્ટી ને શીળ સ્વભાવ વળી, તજે નીંદા પરનારીરે હેજી,
સુલેમાન કહે જુઠ તજે તો, સ્હેજે ઉતરે પારી સાયાજી. ૬

તીથીયો.

સખી પડવાની તે પ્રીત મુજને લાગીરે, મને મળીયો મુરશદ સાર, ભ્રાતી ભાગીરે. ૧
સખી બીજનુ આ બધન સવે કાપોરે, ગુરૂ લાગુ તમારે પાય, પ્રેમ પદ આપોરે. ૨
સખી ત્રીજે ત્રીભોવન નાથ શર્ણે ગખોરે, મુજ અબળાના આધાર, પુરા સાખોરે. ૩
સખી ચોથની ચતુરાઇ ગયા કેમ ભુલીરે, હું અબળા તમારી રાક. વેચાણ બેમુલીરે. ૪
સખી પાચમે. પરમાર્થ વ્હાલા કરજોરે, આ ડુબતાના પોકાર, દયાળુ દીલ ધરજોરે. ૫
સખી છઠ્ઠે છટકી કઇ બાજુ હુ નાસુંરે, આ નથી જવાનો પંથ, હારજ વાસ્યુરે. ૬

સખી સાતમે સંતાપ મારા ટળશેરે, જુઓ સમરથ લાલનપીર, પલમાં મળશેરે ૭

સખી આઠમે આ ઠેર નથી રહેવાનુરે, વળી સરજ્યુ જગની મ્હાય, સર્વ જવાનુરે. ૮

સખી નોમે નમ્ર થઇ સૌ ચાલોરે, આવો અવસર મળ્યો સાર, ખોશો માં ઠાલોરે ૯

સખી દસમે દીલ દો દશ નહીં ડોલાવોરે, આ મોહ માયાની મ્હાય, શીદ લપટાવોરે. ૧૦

સખી એકાદશીએ એક દીશા સૌ રહેજોરે, કદી આવી પડે કાંઇ દુખ, પીયુજીને કહેજોરે. ૧૧

સખી બારસે સૌ બાવનમા ભટકેરે, કરી કરે મુરશદ જો મહેર, ચોરાશીથી અટકેરે. ૧૨

સખી તેરમે તરવાનુ નાવ મળીયુરે, પીર લાલન કેરી મહેર, ભાયગ ફળીયુરે ૧૩

સખી ચૌદસે હુ ચૌદ ભુવનમા નીરખુરે, વ્હાલો વ્યાપી રહ્યો સૌ ઠેર, ગુરૂગમ પરખુંરે. ૧૪

સખી પુનમે મારી આશા પુરણ થાશેરે, મને મળ્યા મુરશદ લાલ, દુખડુ જાશેરે. ૧૫

સખી મારા ભાગ્ય તણો નદી પાર આશા પુગીરે, સુવેમાનનો સરદાર, લાલન નુરીરે. ૧૬

થાળ

તમે પ્રેમ કરી પધારોરે, લાલન મારા, મુજ રંકનુ કાજ સુધારોરે, પ્રીતમ પ્યારા. ટેક.

વ્હાલારે હુતો ફુલડે વધાવી ઘેર લાવું, હુ નાતમ ભોજન પાઉરે, લાલન પ્યારા. તમે. ૧

વ્હાલારે મારા જોઇ જોઈ આનંદ પામુ, મારૂ દુખ દરદ સઉ વામુરે,
લાલન પ્યારા. તમે. ૨
વ્હાલારે મારા મોતીડે ચોક પુરાવુ, ત્યા ન્હાવણનુ ઠેરાવુરે, લાલન. ૩
વ્હાલારે મારા કરૂ કસારને પોળી, માંહી ઘી ને સાકર ઘોળીરે, લાલન ૪
વ્હાલારે પાચ પકવાન ઘીના પડાવુ, હુ હેતેથી ખવડાવુરે, લાલન પ્યારા.૫
વ્હાલારે તરેહતરેહના લાવણ કગાવુ, માહી ચણા ભજીયા તળાવુરે, લાલન ૬
વ્હાલારે મારા સેવો સુવાળી ને શીરો, હુ પીરસુ રૂડી ખીરોરે, લાલન. ૭
વ્હાલારે મારા સામે બેસીને વ્રાયુ ઢાળુ, હું દુધમા સાકર ઘોળુ રે, લાલન. ૮
વ્હાલારે પીજોપીજો દુધલડા હે પ્યારા, તમે રખે રહેતા ન્યારારે, લાલન.૯
વ્હાલારે મારા પાન બીડામા કેસર નાખુ, હુ મુખ મનોહર ઝાખુરે,લાલન.૧૦
વ્હાલારે સુલેમાને તે સ્હેજે ખાણું કીધુ, મારે વ્હાલે માની લીધુ રે,લાલન.૧૧

ધોળ.

આવોને સતો આપણ હરીગુણ ગાઇયે, હરીગુણ ગાઇયે ને પાવન
થઇયે. આપણ. ટેક.
શેષ મહેશ જેના ગુણ કથે છે, દાસોના દાસ થઇ રહીયેરે, આપણ ૧
જેની કુદરતનો કોઇયે પાર ન લીધો, અકળ કળાને શુ કહીયેરે,
આપણ. ૨
ગુણનુ ગવન ચૌદ ભુવન કરે છે, નીર્મળ નામે રે પાવન થઇયેરે;
આપણ. ૩
રૂષી મુનીજન જેનુ ધ્યાન ધરે છે, તેની શોભાનો આપણે પાર ન
લહીયેરે. આપણ. ૪
ચૌદ ભુવન જેને સ્હેજે રચ્યા છે, એક જીભે આપણ શુ ગુણ ગાઇયેરે.
આપણ. ૫
સેવક સુલેમાન તમારૂં સ્મરણ કરે છે, અલ્પ આજીજી માની તે
લઇયેરે. આપણ. ૬.

ધોળ.

ચૌદે ભુવનમાં મ્હારો નાથ રહયો છે, ખેલી ખેલાવી પોતે અળગો
થયો છે. ટેક. ૧
જેની સત્તામા સૌ હાલે ને ચાલે, તેને મુકીને તમે અન્ય નમો છો;
મ્હારો નાથ રહયો છે. ૨
ખડે ને ખડે મ્હારો નાથ રહયો છે,સર્વે પથોએ એને એક કહયો છે,
મ્હારો. ૩
પડ બ્રહ્માડ પોતે વ્યાપી રહયો છે, ભેદ તો એનો કોઇ સત લહયો છે,
મ્હારો. ૪
અનેક નામી પોતે ન્યારો રહયો છે, શીવ ને જીવ રૂપી અળગો થયો છે;
મ્હારો. ૫
સેવક સુલેમાનનો વ્હાલો રહયો છે, જેવો દીઠો તેણે તેવો કહયો છે,
મ્હારો. ૬

ભજન.

સખી લાલન પીરનો પથ, મુજને મળીયોરે;
કંઇ ગુણ સર્વેનો સાર, તહીથી જડીયોરે ટેક.
સખી અમ સેવક પર મહેર, ઘણેરી કીધીરે,
કંઇ નાભી કમળ ઘર મ્હાય, લહેરજ લીધીરે. સખી લાલન. ૧
સખી કાવી તે ગામની મ્હાય, મહેરજ કીધીરે,
આ લાલન પીરે ત્યા, ચેતમણી દીધીરે સખી લાલન. ૨
સખી મન ગમતા એ ગુરૂજી, મે તો જોયારે,
મારી દેહ તણા વીકાર, સર્વે ખોયારે સખી લાલન. ૩
સખી રમતાં જમતાં સ્હેજ, મારગડે ઉતર્યા રે,
કંઇ કઠ કમળની મ્હાય, સ્હેજે ચડીયારે સખી લાલન. ૪

સખી પાચ તત્ત્વની માંહી, મનમે વાસીરે,
કઇ સુન શીખર ગઢ ચડીને જુઓ તપાસીરે. સખી લાલન. ૫
સખી ત્રીકુટી માહી, જોત પ્રકાશીરે,
કઇ મહાસુનની માહી સુરતા જાગીરે. સખી લાલન. ૬
સખી સમરથ લાલનપીર, ગુરૂજી હમારારે,
કઇ ગાવે સુલેમાનદાસ, ગુણ તમારારે સખી લાલન ૭

સીતાજીના મહીનાનો રાગ (તીથી)

પડવે તો પ્રીત કરી પુરી, સત નર નીરખ્યો એક હરી,
બુદ્ધી મારી બેઠી ઠામ ઠરી, કે મુરશદ દાદાને મળતા. ૧
બીજે સહુ હોસ ગઇ છુટી, જડી નીજ નામ તણી બુટી,
બુટી કોઇ મરજીવે લુટી, કે મુરશદ દાદાને મળતા. ૨
ત્રીજે ત્રણ ગુણ તણો તાણો, જગત એની જુકતીમા બધાણો;
છુટે કોઇ સમજુ નર શાણો, કે મુરશદ દાદાને મળતા. ૩
ચોથે ચચળ થઇ સુરતી, મળી મને સતગુરૂની મુરતી;
અતર થઇ અનુભવની પુરતી, કે મુરશદ દાદાને મળતા ૪
પાચમ પ્રગટ કરી વાણી, સુરતા મે તો ભીતરમા આણી,
એ જુકતી કોઇ વીરલાએ જાણી, કે મુરશદ દાદાને મળતા. ૫
છઠે તો છદ એના ભાશે, માયાજીવ બ્રહ્મને ઓળખાશે,
આતમ પરમાતમ થાશે, કે મુરશદ દાદાને મળતા. ૬
સાતેમે સાત ભુમી શોધે, રહેણીથી તો રામ રૂડો લાધે,
નહીં તેને કર્મ કશા બાધે, કે મુરશદ દાદાને મળતા. ૭
આઠમે ઉલટથી જોયુ, સત ગુરૂ શબ્દે મન પ્રોયુ,
આપાપણું અતરથી ખોયુ, કે મુરશદ દાદાને મળતાં. ૮

નોમે તો નીરખ્યા મે સ્વામી, ઘટો ઘટ વશીયો બહુ નામી;
નેહે હુ તો પુરણુ પદ પામી, કે મુરશદ દાદાને મળતા. ૯
દશમે દેહ દશા વીસરી, મુક્ત પદ જાણે મળી મીસરી,
સરતા વરભંડ ફોડી નીશરી, કે મુરશદ દાદાને મળતા ૧૦
એકાદશી એક અનેક થયો, નીરગુણ શીર ગુણ પાર રહયો,
રૂપરંગ તો નવ જાયે કહયો, કે મુરશદ દાદાને મળતા. ૧૧
બારશે બહુ મતને ત્યાગી, સોહમ ધુન અનહમા લાગી,
સુરતા મારી ગુરૂગમથી જાગી, કે મુરશદ દાદાને મળતા ૧૨
તેરશ અમ્રતની ધારા, પીવે કોઇ મરજીવા સારા,
રહ્યા એ તો ઉપાધીથી ન્યારા, કે મુરશદ દાદાને મળતા. ૧૩
ચઉદશ ચો દશ બ્રહ્મ ભાળી, દુગંધા મે 'તો જન્મ તણી ટાળી;
મન માહરૂ માહા પદમા વાળો, કે મુરશદ દાદાને મળતા ૧૪
પુનમે પુરણનંદ પામી, મળ્યા પીર દાદા મુને સ્વામી,
સુરતા શીખર ગભીરા જામી, કે મુરશદ દાદાને મળતા. ૧૫
પદર તીથી પીર તણી ગાશે, હૃ ભુલી આતમ ઓળખાશે,
મોતી ઘટો ઘટમા દેખાશે, કે મુરશદ દાદાને મળતા ૧૬
પીર મારા પુરણુ પદ આપે, શરણાગત પોતાનો થાપે,
સેવકને શાન્તીયો આપે, કે મુરશદ દાદાને મળતા. ૧૭
વીરમગામ પીર તણો રોજો, ગુરુ જેના જગમાહી જોજો,
પ્રેમી જન રૂદીયામા ખોજો, કે મુરશદ દાદાને મળતા. ૧૮
રજવાડો તો લાલનનો નીરખે, ઝડો જેનો પચ કોસે પરખે.
દાદા પીરને જોઇને મન હરખે, કે મુરશદ દાદાને મળતા ૧૯
અલ્પમતી મોતી શુ ગાવે, સુરજને આગીયુ શુ ભાવે,
પીર સેજો અપગને નાવે, કે મુરશદ દાદાને મળતાં. ૨૦

કુંડળીયા.

સુખકારી સહુ જન, કંથ દાદા હે રસીયા,
ધ્યાન ભજનમા લીન, દીન સેવક ત્યા વસીયા,
રસીયા સેવક જન, રહે દરબારે હાજર,
પઢવે વેદ કુરાન, જીકર ઇલાહી અકબ્બર.
આઠુ પોહોર નીવાજ, અવાજ કુરાના કેરી,
ગાજે ધુન્ય અખડ, શબ્દ અલ્લાહહુ ઘણેરી,
આઠુ અગે પ્રેમ, પીર લાલનપીર ભાવે,
એવા સમરથ પીર, ધીર દાદા કહેલાવે.

"કુંડળીયા"

ભાજ્યો સમરથ પીર, ભીડભજન સુખકારી,
ગાદી લાલન ખીર, તેહના છે અધીકારી
પોઢયા સેજ પલગ, જેમ ક્ષીર સાગર વીષ્ણુ,
સેવક ઢોળે વાય, ઝમક પખાની જાણું
દીગબર દરવેશ, પીર લાલનકે પ્યારે,
આઠે પોહોર અલમસ્ત, ધ્યાન અલ્લાહકા ધારે.
સમદ્રષ્ટિ સહુ લોક, દયા દ્રષ્ટિ શુભકારી,
એમ કહે મોતીદાસ, ચર્ણમા રાખજો મોરારી.

સારોદરાવાળા સુલેમાન ભગતની ગરબી.

રાગ– સાહેલીરે આઓ મોરીઓ

હુ તો લળી લળી લાગુ પાયરે, સાહેલીરે ગુરૂજી પધારીયા. ટેક.
જીરે અવગુણ મારારે સાખીયા, મારો ખોયો અતરનો ઉચાટ.
સાહેલીરે. ૧

જીરે ભવસાગરમાં ભુલી પડી, મારા ગુરૂએ દેખાડી વાટ. સાહેલીરે. ૨
જીરે વારી વારી જાઉ વારણે, ગુરૂના ગુણ તણો નહિ પાર.
સાહેલીરે. ૩
ચેતન ચોકીનો પેરો મુકીઓ, પછી ચોર ન લુટે લગાર.
સાહેલીરે. ૪
કાયા નગરમા હરખ ગરાશીયો, તે તો સરવેને લુટી ખાય. સાહેલીરે. ૫
આણે અવસરે ચેતીને ચાલવુ, નહીતો પાછળથી પસ્તાય. સાહેલીરે. ૬
જીરે વાણીથી શુ રૂપ વરણવુ, એતો જુએ તે વીસમય થાય.
સાહેલીરે. ૭
જીરે પુરા ગુરૂથી પામશો, અણુસમજુને અતર લાય. સાહેલીરે. ૮
પ્રીતે મળ્યા પીર લાલજી, જેણે દીધો છે અમર બોલ. સાહેલીરે ૯
જીરે સાચો સનેહ મારા લાલનો, સુલેમાન કરે છે કલોલ સાહેલીરે. ૧૦

રસુલે–અરબી

ઉર્ફે

[હઝરત મોહંમદ પેગમ્બર સલ્અમ]

લેખક

માંગરોલની પીરની ગાદીના સજ્જાદાનશીન
પીર મોટામીયાં કાયમુદ્દીનમીયાં સાહેબ.

ઇસ્લામના મહાન સરદાર નબીએકરીમ હજરત મોહમદ મુસ્તુફા સલ્અમનુ મુબારક વૃતાંત સરળ ભાષામાં આપવામાં આવ્યુ છે એના સબંધમાં મેટા મોટા વિદ્વાનો અને જાહેર પેપરોના સખ્યાબધ સારા અભિપ્રાયો મળ્યા છે. દરેક ઇસ્લામી બીરાદરે ખરીદવા અને સગ્રહ કરવા ચોગ્ય છે કાગળ સારા સોનેરી અક્ષરોવાળુ પાકુ પુઠુ, કીંમત રૂ ૧–૪–૦

વી૦ પી૦ ખર્ચ ૩ આના જુદુ.

આ પુસ્તક મળવાનું ઠેકાણું—

માસ્તર કાસમભાઇ સુલેમાનભાઇ

અધીપતિ "વનિતા વિનોદ."

મુ કડી (બરોડા સ્ટેટ)

ઇસ્લામી નીતિ શાસ્ત્ર.

લેખક

પીરજાદા મોટામીયાં કાયમુદીનમીયાં ચિશ્તી

માગરોલની પીરની ગાદીના સજ્જાદાનશીન અને

કડીના શહેર કાજી

બીજી કોમના લોકો તરફથી મુસલમાનો માટે મ્લેચ્છ, યવન વિગેરે હલકા શબ્દો વાપરવામાં આવે છે તે કેટલે દરજ્જે વ્યાજબી છે તે દેખાડી આપવા તેમજ ઇસ્લામ તલવારના જોરથી ફેલાયેલો છે, એવી ગેરસમજુત કેટલેક ઠેકાણે જોવામાં આવે છે તે દુર કરવા આ પુસ્તકના પીર સાહેબે ઘણી કોશીશ કરી છે કીં રૂ ૦-૧-૦

મળવાનુ ઠેકાણુ—

પ્રગટ કર્તા **માસ્તર કાસમભાઇ સુલેમાનભાઇ**

અધિપતિ 'વનિતા વિનોદ'

મુ૦ કડી—બરોડા સ્ટેટ